gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

ગુરૂવાર 6 ઓક્ટોબર 2022

આસો સુદ 11, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 22 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



'આશિકી-થ્રી'ની હોડમાં રશ્મિકા મંદાના સૌથી મોખરે

પેજ 11

**સુવિચાર**

જે કામમાં તમને રસ હોય તે કામ કરી જુઓ, નિઃસંદેહ પછી તમે ભવિષ્યમાં બીજા કોઈ કામ પાછળ ભાગશો નહીં...

## ગત મોડી રાત્રે ડ્રાઈવરે કાબુ ગુમાવતા બસ ધડામ કરીને 500 મીટર ઉંડી ખીણમાં ખાબકી

**ઉત્તરાખંડની કરૂણ ઘટના**

# જાનમાં જઇ રહેલા જાનૈયાઓ પૈકી 32ની જાન ગઇ

### જાનૈયાઓની ચિત્કાર અને ચીસા-ચીસથી ખીણ ગાજી ઉઠી, ભયાનક દ્રશ્યો સર્જાયા - સરકાર રાતો રાત પહોંચી

ગુજરાત | વંદન

ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે એક બસ 500 મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. જાનૈયાઓથી ભરેલી બસ હરિદ્વારના લાલઢાંગથી કારાગાંવ જઈ રહી હતી. સીમડી ગામ પાસે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો અને બસ ખીણમાં ખાબકી હતી. આ અકસ્માત પૌડી ગઢવાલ જિલ્લાના બિરખાલ વિસ્તારમાં રાત્રે લગભગ 8 વાગ્યે થયો હતો. રાત હોવાને લીધે રેસ્ક્યૂ-ઓપરેશનમાં વિલંબ થયો. ઘટનાની જાણ થતાં સ્થાનિકો પહોંચ્યા અને તેમણે રેસ્ક્યૂમાં મદદ કરી હતી. અંધારું હોવાને કારણે મૃતદેહ અને ઘાયલોને મોબાઈલની ફ્લેશની મદદથી શોધવામાં આવ્યા.

રાજ્યના DGP અશોક કુમારે જણાવ્યું હતું કે બસમાં લગભગ 50 લોકો સવાર હતા. પોલીસ અને SDRFની ટીમે 21 લોકોનું રેસ્ક્યૂ કર્યું છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પૌડી ગઢવાલ જિલ્લામાં આ ભયાનક બસ દુર્ઘટનાના સમાચાર મળતા જ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર પહોંચ્યા હતા. તેમણે મીડિયાને જણાવ્યું કે, 'રાજ્ય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF)ની ટીમો દુર્ઘટના સ્થળે રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. અમે અકસ્માતના સ્થળે તમામ સુવિધાઓ લાવવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છીએ. સ્થાનિક ગ્રામજનો પણ બચાવ કાર્યમાં મદદ કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર, જાનૈયાથી ભરેલી આ બસ લાલઢાંગથી કારા તલ્લા જઈ રહી હતી. ત્યારે અંદાજે 50 મુસાફરો ભરેલી બસ બેકાબુ બની બિરોખલ નજીક ખીણમાં ખાબકી હતી. બસ એક લગ્નપ્રસંગ પતાવીને આવી રહી હતી કે જેમાં 50 જાનૈયાઓ સવાર હતા. જોકે આ ઘટના બાદ ઘટનાસ્થળે તુરંત પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. ગામલોકોએ પણ સ્થળ પર જ મૃતદેહોની શોધખોળ માટે વહીવટી તંત્ર સાથે મળીને પણ કામગીરી હાથ ધરી હતી. અંધારાના કારણે બચાવ કામગીરીમાં વહીવટી તંત્રને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે

...અનુસંધાન પેજ નં. 6 પર







### બરફના તોફાનને કારણે 29 પર્વતારોહકો ફસાયા, 10 લોકોના મોત

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં આફત આવી છે. અહીં 5000 ફૂટથી વધુ ઊંચા દ્રૌપદીના દંડ-2 પર્વતની ટોચ પર બરફના તોફાનને કારણે 29 પર્વતારોહકો ફસાયા હતા. જોકે ભારે જહેમત બાદ 8 લોકોને બચાવી લેવાયા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં 10 લોકોના મોત પણ નોંધાયા છે. SDRF અને એરફોર્સના હેલિકોપ્ટર ઉત્તરકાશી પ્રદેશની તપાસ કરી રહ્યા છે. એટલે કે હજુ 11ની શોધ ચાલી રહી છે.

### વડાપ્રધાને શોક વ્યક્ત કર્યો, સાંત્વના પાઠવી

દુર્ઘટનાને પગલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, ઉત્તરાખંડના પૌરીમાં થયેલો બસ અકસ્માત હચમચાવી નાખે તેવો છે. આ દુઃખની સ્થિતિમાં મારી સંવેદના પીડિતોના પરિવારજનો સાથે છે. હું ઈજાગ્રસ્તોના જલ્દી સાજા થવાની પ્રાર્થના કરું છું. રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે અને પીડિતોને તમામ શક્ય મદદ પહોંચાડવામાં આવશે.




Open a Free Demat A/c* with mastertrust

4 ઓગસ્ટ 2022

**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 58,065.47 | 17,274.30 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| ઇન્ડુસન બેન્ક | 1184.90 |
| અદાણી પોર્ટ | 804 |
| બજાજ ફાઈનાન્સ | 7335 |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| સુમાદુ ફિસકલ | 113.15 |
| ગુજરાત સ્પીન | 19.30 |
| 7એનઆર રિટેલ | 1.57 |

mastertrust®

BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 52,940 | 62000 |


## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં મિલની લિફ્ટ તુટી, એકનું મોત, 8 ઘાયલ



સુરતના ભટારની શાંતિવન મિલમાં દુર્ઘટનામાં એકનું મોત નીપજ્યું છે. જ્યારે 8 લોકો ઘવાયા છે. ઈજાગ્રસ્ત તમામની કમર તૂટી ગઈ છે ને પગમાં ફેક્ચર થયા છે. શાંતિવન મિલમાં બીજા માળેથી લિફ્ટ ખોટકાતા તમામ નીચે પટકાયા હતા. જેમાં એકનું મોત થયું છે. જ્યારે તમામ ઈજાગ્રસ્ત સિવિલમાં દાખલ છે.

### મુલાયમ સિંહ યાદવની તબિયત હજુ પણ નાજુક




ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવની તબિયત હજુ પણ નાજુક છે. હરિયાણાના ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. મુલાયમ સિંહ યાદવના લેટેસ્ટ હેલ્થ બુલેટિન અનુસાર, તેમની તબિયત હજુ પણ નાજુક છે, તેઓ ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં દાખલ છે. જ્યારે નિષ્ણાતોની ટીમ તેમની સારવારમાં લાગેલી છે. મેદાંતા હોસ્પિટલના આઈસીયુમાં જીવનરક્ષક દવાઓથી તેની સારવાર કરવામાં આવી રહી છે.

### નેશનલ ગેમ્સ: ગુજરાતની ઝીલ દેસાઈએ ટેનિસમાં જીત્યો ગોલ્ડ મેડલ




ભારતીય ખેલાડીઓ સહિત સમગ્ર દેશની રાહ પૂરી થઈ છે. 7 વર્ષની લાંબી રાહ બાદ ગુજરાતમાં નેશનલ ગેમ્સનો પ્રારંભ થયો છે. અમદાવાદ શહેરમાં 36મી નેશનલ ગેમ્સ માં ટેનિસની રમત રમાઈ રહી છે. જેમાં આજે ગુજરાતની ખેલાડીએ ગુજરાતના ખાતામાં મેડલ અપાવ્યો હતો. ઝીલ દેસાઈ એ ટેનિસમાં મહિલા સિંગલ્સમાં ગુજરાત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ફાઈનલમાં કર્ણાટકના શર્મદા બાલુને હાર આપી હતી. અમદાવાદ ખાતે યોજાનારી વિવિધ કોમ્પિટિશનમાં દેશભરમાંથી ક્વોલિફાય થયેલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.ગુજરાતના ખાતામાં 7 ગોલ્ડ મેડલ 5 સિલ્વર મેડલ અને બ્રોન્ઝ મેડલની સાથે કુલ 21 મેડલ જમા થયા છે. આ મેડલ આર્ચરી,બેડમિન્ટન ,નેટબોલ ,રોલર સ્પોર્ટ્સ,શૂટિંગ, ટેબલ ટેનિસ, ટેનિસ અને કુસ્તીમાં મળ્યા છે. સૌથી વધુ 3 ગોલ્ડ મેડલ ટેબલ ટેનિસમાં મળ્યા છે.

**વાંકી નજરે...**




**સંઘની વિજ્યાદશમીમાં પ્રથમ વખત મહિલા મુખ્ય અતિથિ**

## દેશમાં વસ્તી નિયંત્રણ પર સરકાર સૌ માટે સમાન કાનૂન લાવે : ભાગવત

ગુજરાત | વંદન







દેશની રાષ્ટ્રવાદી સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગતે દશેરાના દિવસે નાગપુરમાં વાર્ષિક સંઘ રેલીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષથી આપણને એ પ્રશ્ન પુછાઈ રહયો છે કે સંવિધાનના કારણે રાજકીય તથા આર્થિક ક્ષમતાના માર્ગ તો નિશ્ચિત થઈ ગયો છે.

પરંતુ સામાજિક ક્ષમતા વિના વાસ્તવિક તથા ટકાઉ પરિવર્તન નહીં આવે અને આ ચેતવણી આપણને પૂ. બાબાસાહેબ આંબેડકરે અગાઉ જ આપી હતી. ભાગવતે તેમના સંબોધનમાં આગળ વધતા કહ્યું કે સનાતન સંસ્કૃતિ ભારતની પવિત્ર ભૂમિ પર જન્મી છે. હિમાલયથી લઈને સાગર સુધી આ સંસ્કૃતિ ફેલાય છે અને તેથી જ આપણે સૌ ભારતીયોની જવાબદારી છે કે સનાતન સંસ્કૃતિનો પ્રચાર પૂરા વિશ્વમાં થાય અને સાથોસાથ આપણે પણ અપનાવીએ.

ભાગવતે મહત્વપૂર્ણ વિધાનમાં દેશની વધતી જતી વસ્તી અને વસ્તીની અસમતુલા અંગે જણાવ્યું હતું કે દેશમાં હવે એકસમાન જનસંખ્યા નીતિ લાવવી જરુરી છે અને તે પણ કોઈને કોઈ છૂટ નહીં તેવી નીતિ લાવવી જોઈએ. ચીનને જ્યારે જનસંખ્યા બોજ બની ગઈ હતી તો તૂર્ત જ તેણે આ પ્રકારની નીતિ લાગુ કરી હતી અને ભારતમાં પણ હવે તે જરુરી છે.

સંઘના આ વાર્ષિક સમારોહમાં પ્રથમ વખત મહિલા મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી સંતોષ યાદવ મોજુદ હતા. સંતોષ યાદવે બે વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર એકમાત્ર મહિલા છે અને તેઓએ સંઘ કાર્યાલયે શસ્ત્ર પૂજન પણ કર્યું હતું અને કહ્યું કે શુભ કાર્યના પૂર્વે શક્તિ જરુરી હોય છે. મોહન ભાગવતે જણાવ્યું કે સંઘના

...અનુસંધાન પેજ નં. 6 પર

### આગ, પાની, તુફાન, આંધી ઔર રાહુલ ગાંધી તુને મૌસમ બદલ ડાલા...!



કેટલીક કોંગ્રેસ વિરોધી સામાજિક-ધાર્મિક સંસ્થાઓ તેમના એક સુનિયોજીત એજન્ડા મુજબ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને હાંસીને પાત્ર બનાવવાનું ભરસક પ્રયાસ કર્યા, તેમાં કંઈક અંશે સફળ પણ થયા પરંતુ રાહુલે કર્ણાટકમાં 2જી ઓક્ટોબરે સમી સાંજે એક જાહેર સભાને સંબોધન કરતી વેરાએ મેઘરાજાનું ધુંઆધાર આગમન, ભારે પવન છતાં રાહુલે તેમના માથે છત્રી મુકવાનો પ્રયત્ન કરનાર કાર્યકરને મના કરીને ચાલુ ધોધમાર વરસાદમાં જે સંબોધન કર્યું તેની ચોક્કર ટીવી મીડિયાએ ભલે નોંધ ના લીધી હોય પરંતુ સોશિયલ મીડીયામાં તેની ઉમરકાભેર નોંધ લેવાઈ તથા રાહુલને એક યોદ્ધા.... ઝૂઝારૂ...અડગ...અડીખમ... હટેંગે નહીં, ડટે રહેંગે...જેઓ જે જોમ અને જુસ્સો વ્યક્ત કર્યો તેનાથી પેલી સંસ્થાઓના પેટમાં ચોક્કસ તેલ રેડાયું હશે...! હમ હોંગે કામિયાબ એક દિન મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ જેવી લાગણી કોંગ્રેસના કાર્યકરો રાહુલની આ યોદ્ધા સમાન તસવીર શેર કરી રહ્યા છે. એક કોંગ્રેસી કાર્યકરે એમ પણ લખ્યું -રાહુલ તુને મૌસમ બદલ ડાલા...!


**ચૂંટણીઓ પહેલા હિમાચલ પ્રદેશને મોદીની મોટી ભેટ**

## 750 બેડ, 64 ICUની સુવિધા સાથેની AIIMSનું ઉદ્ઘાટન

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિમાચલમાં AIIMSનું ઉદ્ઘાટન કર્યું છે. હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) ની સ્થાપના કરવામાં આવી છે. આ પહેલીવાર છે જ્યારે પીએમ મોદી દશેરાના અવસર પર હિમાચલમાં છે. બુધવારે દેશવાસીઓને દશેરાની શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે આ તહેવાર વિજયનું પ્રતિક છે. વડાપ્રધાને ટ્વીટ કર્યું કે, 'વિજયના પ્રતીક વિજયાદશમી પર તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ અભિનંદન. હું ઈચ્છું છું કે આ શુભ અવસર દરેકના જીવનમાં હિંમત, સંયમ અને સકારાત્મક ઉર્જા લાવે.'



...અનુસંધાન પેજ નં. 6 પર

## ચિનોય શેઠ, જિસકે ઘર શિશે કે હોતે હૈ વે પત્થર નહીં ફેંકા કરતે... જેવી ઘટના એમ.પી.માં બની..!

- સલમાન અને તેમના સાથીઓને કથિત રીતે પંડાલમાં પથ્થરમારો કર્યો હતો

ગુજરાત | વંદન



ચિનોય શેઠ, જિસકે ઘર શિશે કે હોતે હૈ વે પત્થર નહીં ફેંકા કરતે...એક ફિલ્મમાં રાજકુમાર દ્વારા બોલાયેલ આ ડાયલોગ મંગસૌરની ઘટનાને સુસંગત હોવાનું જણાઈ રહ્યું છે. કેમ કે ગરબા પર પત્થરો ફેંકનારાઓના ઘરોને તોડી નાંખવામાં આવ્યાં છે. અને તેના પગલે વિવાદ સર્જાયો છે. મધ્ય પ્રદેશના મંદસૌર જિલ્લાના સુરજની ગામમાં પ્રશાસને ત્રણ મુસ્લિમ યુવકોના ઘર પર બુલડોઝર ફેરવી દીધા હતા. જેની કિંમત લગભગ 3 કરોડ 50 લાખ રૂપિયા હતી. ખાસ વાત એ છે કે, જે લોકોના ઘરને તોડવામાં આવ્યા છે, તે હાલમાં જ ગામમાં એક ગરબા પંડાલ પર કથિત રીતે પથ્થરબાજી કરવાના આરોપી છે. આ કેસમાં પોલીસે

...અનુસંધાન પેજ નં. 6 પર

## સેનાનું ચિતા હેલિકોપ્ટર ક્રેશ, એક પાયલટનું મોત

- તવાંગ વિસ્તારની ઘટના, એક પાઈલટ સારવાર હેઠળ

ગુજરાત | વંદન



ભારતીય સેનાનું ચિતા હેલિકોપ્ટર અકસ્માતનો ભોગ બન્યુ છે રિપોર્ટ અનુસાર સેનાનું ચિતા હેલિકોપ્ટર અરૂણાચલ પ્રદેશના તવાંગ વિસ્તારમાં ક્રેશ થયું છે. સેનાના અધિકારીએ જણાવ્યું કે આ અકસ્માતમાં એક પાયલોટનું મોત થયું છે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે અકસ્માત ક્યાં

...અનુસંધાન પેજ નં. 6 પર






## શોપિયાંમાં અથડામણ, જૈશેના ચાર આતંકીઓને ઉતાર્યા મોતને ઘાટ

- સેનાના જવાનોએ SPO જાવેદના મોતનો બદલો લઈ લીધો...

ગુજરાત | વંદન



જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. દ્રાચ વિસ્તારમાં થયેલા આ અથડામણમાં જૈશ-એ-મોહમ્મદ આતંકી સંગઠનના ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે. કાશ્મીરના ADGP વિજય કુમારે જણાવ્યું કે સેનાએ દ્રાચમાં ત્રણ આતંકીઓને ઠાર કર્યા છે. મુલુ વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી પણ મળી હતી. જે બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આજે જે આતંકવાદીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે, તેઓ 2 ઓક્ટોબરે પુલવામાના પિંગલાનામાં પોલીસ અને સીઆરપીએફ પર ગોળી ચલાવી હતી.

ADGP કાશ્મીર વિજય કુમારે જણાવ્યું કે માર્યા ગયેલા આતંકવાદીઓ હનાન બિન યાકુબ અને જમશેદ તાજેતરમાં SPO જાવેદ ડારની હત્યા અને 24 સપ્ટેમ્બરે પુલવામામાં પશ્ચિમ બંગાળના એક બહારના મજૂરની હત્યામાં સામેલ હતા. રવિવાર, 2 ઓક્ટોબરના રોજ, ગૃહ પ્રધાન અમિત શાહની જમ્મુ અને કાશ્મીરની મુલાકાત પહેલા, આતંકવાદીઓએ પુલવામાના પિંગલાનામાં CRPF અને પોલીસની સંયુક્ત ટીમ પર ગોળીબાર કર્યો હતો. આ આતંકી હુમલામાં એક પોલીસકર્મી SPO જાવેદ અહેમદ ડાર શહીદ થયા હતા અને CRPFનો એક જવાન ઘાયલ થયો હતો.

પોલીસ અને સીઆરપીએફની ટીમ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન તેમના યુનિટ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ હુમલામાં SPO જાવેદ અહેમદ ડાર શહીદ થયા હતા. આ ઘટના પુલવામાના પિંગલાનામાં બની હતી. હુમલાની નિંદા કરતા જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું, "જમ્મુ અને કાશ્મીર પોલીસ અને CRPFની સંયુક્ત ટીમ પર હુમલો આતંકવાદીઓનું કાયર અને નિંદનીય કૃત્ય છે. શહીદ થયેલા SPO જાવેદ

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



### ફિક્સ પગારવાળા કર્મચારીઓને પણ ગ્રેડ-પે નાં સુધારાનો લાભ ચાલુ માસમાં જ આપી દેવાશે

# રાજયનાં ST કર્મચારીઓની દિવાળી સુધરી જશે : ચાલુ માસનો પગાર 10 દિવસ અગાઉ ચૂકવી દેવાશે

ગુજરાત | વંદન

લાંબા સમય બાદ રાજકોટ સહિત રાજયભરના એસટી કર્મચારીઓની દિવાળી ચાલુ વર્ષે સુધરી જનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ એસટીના રાજયભરના 44 હજાર કર્મચારીઓએ મોંઘવારી, એરીર્યસ સહિતના જુદા-જુદા પડતર પ્રશ્નો અંગે લડત ચલાવી હતી અને બે મુદતી હડતાલનું એલાન આપેલ હતું. જો કે રાજયસરકારએ પણ કર્મચારી યુનિયનોના આગેવાનો સાથે સફળ બેઠક યોજી એસટી કર્મચારીઓની માંગણીઓ સ્વીકારી લીધી હતી. જેથી બે મુદતી હડતાલ પરત ખેંચી લેવામાં આવેલ હતી.

દરમ્યાન એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ગત સપ્ટેમ્બર માસના પગાર સાથે એસટી કર્મચારીઓને સરકારએ 11 ટકા મોંઘવારી અને એરીયર્સ આપી દીધુ છે અને હવે દિવાળી ના તહેવારો ચાલુ માસમાં આવી રહયા છે, ત્યારે રાજયભરના કાયમી અને ફીક્સ પગાર વાળા મળી તમામ 44 હજાર કર્મચારીઓને ચાલુ માસનો પગાર 10 દિવસ અગાઉ આપી દેવાનું નકકી કરાયુ છે.

જેથી રાજયભરના એસટી કર્મચારીઓમાં અત્યારથી જ દિવાળીની ઉજવણીનો માહોલ છવાય ગયો છે. એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ચાલુ ઓકટોબર માસનો પગાર એસટી કર્મચારીઓને આગામી 20 ઓકટોબરે આપી દેવામાં આવનાર છે. એટલે કે રાજકોટ સહિત રાજયભરના 44 હજાર એસટી કર્મચારીઓને 10 દિવસ અગાઉ ચાલુ માસનો પગાર મળી જશે.

આ ઉપરાંત ચાલુ માસનો ફીક્સ પગાર વાળા કર્મચારીઓને પણ ગ્રેડ-પે ના સુધારા સહિત તા.20 મીએ પગાર આપી દેવાનું નકકી કરાયુ છે. એવી પણ વિગતો સાંપડી રહી છે કે ચાલુ માસમાં તા.24 થી દિવાળી ના તહેવારો શરૂ થઈ રહયા છે ત્યારે રાજયસરકારના તમામ કર્મચારીઓને પણ એસટી કર્મચારીઓની જેમ એડવાન્સમાં પગાર ના ચુક્વણા કરી દેવાઈ તેવી શક્યતા છે.

### કોઈ મેસેજ લઈને આવ્યા હશે કે માત્ર દર્શનાર્થે જ આવ્યા હશે ? તરેહ તરેહના દાવાઓ

# કેજરીવાલ બાદ હવે આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલ ખોડલધામની મુલાકાતે

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકારણીઓ સૌરાષ્ટ્ર-ગુજરાતની વારંવારની મુલાકાતો કરવા લાગ્યા છે. તાજેતરમાં જ દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ખોડલધામના રાસોત્સવની મુલાકાત લીધાના બીજા જ દિવસે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના ગર્વનર આનંદીબેન પટેલના પુત્રી અનારબેન પટેલે ખોડલધામ પહોંચીને નરેશ પટેલની મુલાકાત કરતાં રાજકીય ગલિયારાઓમાં તરેહ તરેહની અટકળો અને અનુમાનો વહેવાનું શરૂ ચૂક્યું છે. બીજી બાજુ આ મુલાકાતનો હેતુ રાજકીય નહીં બલ્કે ધાર્મિક હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.

ખાસ વાત એ છે કે અરવિંદ કેજરીવાલે ખોડલધામની મુલાકાત લીધાના બીજા જ દિવસે અનાર પટેલે પણ ખોડલધામમાં દર્શન કર્યા હતા. મંદિરમાં દર્શન કર્યા બાદ અનાર પટેલ અને ખોડલધામ ચેરમેન નરેશ પટેલ વચ્ચે બેઠક યોજાઈ હતી.

બેઠક બાદ ખોડલધામના સૂત્રોએ જણાવ્યું કે નવરાત્રી ચાલી રહી હોવાથી અનાર પટેલ માતાજીનાં દર્શને આવ્યા હતા. તેમની મુલાકાતનો કોઈ જ રાજકીય અર્થ નહોતો અને બેઠકમાં પણ કોઈ પ્રકારની રાજકીય ચર્ચા કરવામાં આવી નહોતી.

ઉલ્લેખનીય છે કે,તાજેતરમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ખોડલધામના રાસોત્સવ અને કડવા પટેલ સમાજ આયોજિત ક્લબ યુવીના રાસોત્સવમાં હાજરી આપી હતી. ગુજરાતના રાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પાટીદાર સમાજના કાર્યક્રમમાં અચાનક જ આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓ પહોંચતાં રાજકીય પક્ષોમાં દોડધામ મચી જવા પામી હતી.

બીજી બાજુ એક ચર્ચા એવી પણ શરૂ થઈ ચૂકી છે કે કેજરીવાલની મુલાકાત બાદ અનાર પટેલે ખોડલધામની મુલાકાત ઈને નરેશ પટેલ સાથે બેઠક કરી છે ત્યારે શું તેઓ કોઈ પ્રકારનો મેસેજ લઈને આવ્યા હશે કે આ બેઠક બિનરાજકીય હશે ? તેવા સવાલો પણ અત્યારે જોર પકડી લીધું છે.

# ઓહ...પ્રભુ શ્રી રામ!! આપ...? સાક્ષાત દર્શન...ચરણ સ્પર્શ..!



ગુજરાત | વંદન

ભારતીય જનમાનસમાં ફિલ્મો કરતા ધારાવાહિક સીરીયલની વધારે અસર થતી હોય તેમ જણાય છે. રામાયણ ટીવી સીરીયલમાં ભગવાન શ્રી રામનું આદર્શ પાત્ર ભજવનાર કલાકાર અરૂણ ગોવિલે જો રામાયણ નામની કોઇ ફિલ્મમાં આ પાત્ર ભજવ્યું હોત તો ક્યારનાય ભૂલાઇ ગયા હોત. અંદાજે બે-અઢી વર્ષ સુધી ચાલેલી આ સીરીયલમાં અરૂણે શ્રી રામનું પાત્ર એટલી બખૂબીથી ભજવ્યું કે લોકો આજે પણ તેમણે સાક્ષાત ભગવાન શ્રી રામ માનીને તેમના ચરણો સ્પર્શ કરતા અચકાતા નથી. અને ભાવુક બનીને તેમણે વંદન કરે છે. તાજેતરમાં એક વાયરલ વીડિયોમાં એરપોર્ટની બહાર અરૂણ ગોવિલને જોઇને એક આધેડ વયની મહિલા તેમને તરત ઓળખી ગઇ અને અત્યંત ભાવુક થઇને તેમની સામે બે બાથ જોડીને પ્રભુ શ્રી રામ એવા ઉદગારો ઉચ્ચાર્યા. એટલું જ નહીં તેમની સમક્ષ જાહેરમાં ઘુંટણીયે પડીને ચરણ સ્પર્શ પણ કર્યા. ગોવિલ માટે આ કાંઇ નવું કે પહેલીવાર નથી. કેમકે, તેમણે પોતાને પણ ખબર છે કે રામયાણ સીરીયલ જોનારાઓ તેમનામાં પ્રભુ શ્રી રામ જ જુવે છે, તે બદલ તેઓ ગર્વ અનુભવે છે તો તેમણે અફસોસ પણ થાય છે, કેમકે આ પાત્ર ભજવ્યા બાદ અન્ય કોઇ ફિલ્મમાં કે સીરીયલમાં તેઓ સફળ થયા નથી. અથવા એમ કહીએ કે તેમણે રામના પાત્ર સિવાય બીજા કોઇ પાત્રની ઓફર કે કોર્મશિયલ ફિલ્મ પણ મળી શકી નથી. જનમાનસમાં અરૂણ ગોવિલ રામ, દીપિકા ચિખલીયા(સીતા) અને સુનિલ લહેરી(લક્ષ્મણ) તરીકે જ મનમસ્તિકમાં કોતરાઇ ગયા છે. આ વીડિયો એટલો વાયરલ થયો છે કે, સામાન્ય લોકોને પણ નવાઇ લાગે છે.

# રાયસણમાં ગરબા બાદ દહીંવડા ખાનાર 100થી વધારે લોકોને ફૂડપોઈઝનિંગ થયું

■ સવારે પેટમાં દુ:ખાવા અને ઝાડા ઉલટી થવા લાગી

ગુજરાત | વંદન



ગાંધીનગર શહેર નજીક રાયસણના પીડીપીયુ રોડ ઉપર આવેલી શ્યામ શુકન વસાહતમાં રાત્રે ગરબા પૂરા થયા બાદ વસાહતીઓ માટે રાખવામાં આવેલા દહીવડાના નાસ્તાથી ૧૦૦થી વધુને ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળી છે. જેના પગલે કોર્પોરેશન તંત્ર દ્વારા અહીં આરોગ્યની ટીમોને રવાના કરીને સારવાર શરૃ કરવામાં આવી હતી.

નવરાત્રીના પર્વ દરમિયાન વિવિધ વસાહતોમાં ગરબા પૂર્ણ થયા બાદ નાસ્તાનું આયોજન કરવામાં આવે છે ત્યારે શહેર નજીક આવેલા રાયસણ પીડીપીયુ રોડ પર આવેલી શ્યામ શુકન વસાહતમાં પણ નવરાત્રી પર્વની રંગ ચંગે ઉજવણી કરવામાં આવી રહી છે અને દરરોજ રાત્રે નાસ્તાનું પણ આયોજન કરવામાં આવે છે. ગઈકાલે રાત્રે પણ સોસાયટી દ્વારા ગરબા પુરા થયા બાદ દહીંવડાનો નાસ્તો વસાહતીઓ માટે રાખવામાં આવ્યો હતો. જોકે આ નાસ્તો આરોગ્યા બાદ મંગળવાર વહેલી સવારથી વસાહતીઓ પેટમાં દુખાવા અને ઝાડા ઉલટીની અસરો જોવા મળી હતી. જોત જોતામાં આ વસાહતમાં ૧૦૦થી વધુ નાગરિકોએ ઝાડા ઉલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ કરતા સમગ્ર સોસાયટીમાં દોડધામ મચી ગઈ હતી. જે પૈકી એક દર્દીને દાખલ પણ કરવામાં આવ્યા છે. તો આ ઘટના અંગે ગાંધીનગર કોર્પોરેશન તંત્રને જાણ થતા આરોગ્યની ટીમો સોસાયટીમાં રવાના કરી દેવામાં આવી હતી. કોર્પોરેશનના મેડિકલ ઓફિસર ડો. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, રાત્રે આ વસાહતમાં દહીંવડાનો નાસ્તો રાખવામાં આવ્યો હતો જેના કારણે ૧૦૦થી વધુ વસાહતીઓને અસર જોવા મળી હતી. હાલ તમામને સારવાર આપવામાં આવી છે અને તેમની તબિયત ઉપર સતત ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

### માણસા તાલુકામાં ફરી જમીન સંપાદન કરાશે

# સુજલામ સુફલામ કેનાલ માટે ગલથરા ગામની જમીન લેવાશે

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલ મારફત વિવિધ હેતુ માટે પાણી પહોંચાડવાની યોજનાનું વિસ્તરણ કરવાની કાર્યવાહી આગળ વધારવામાં આવી રહી હોવાથી માણસા તાલુકામાં ફરી જમીન સંપાદન કરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેના અંતર્ગત ગલથરા ગામ વિસ્તારમાં આવતી જમીનમાં સરકારી કર્મચારીઓ અથવા સર્વે કરવા આવનારા વ્યક્તિઓ આવે તો તેને અટકાવવા નહીં તેવી ચેતવણી આપવામાં આવી છે.

જુના સર્વે નંબર ૮૨ પૈકી ૨ અને નવા સર્વે નંબર ૧૫૧માં આવતી જમીન સુજલામ સુફલામ કેનાલ સાંકળના પ્રોજેક્ટના જાહેર હેતુ માટે જરૂર પડે તેવી શક્યતા છે.

### મોઢેરા, બહુચરાજી, મહેસાણા, આણંદ અને રાજકોટમાં કાર્યક્રમો

# PM મોદી 9 થી 11 ઓકટો. ગુજરાતમાં, કાર્યક્રમને લઈને તૈયારીઓ શરૂ કરાઈ

ગુજરાત | વંદન




ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી ધારાસભા ચૂંટણીના સંદર્ભમાં વડાપ્રધાન તા. 9,10 અને 11ના રોજ રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યા છે જેમાં તા.9 ઓક્ટોબરે બહુચરાજીના દેલવાડામાં જાહેરસભા સંબોધશે. મોદી દેલવાડા ઉપરાંત મોઢેરા, બહુચરાજી, મહેસાણા અને આણંદના કાર્યક્રમમાં હાજરી આપશે. વડાપ્રધાનના આ કાર્યક્રમ ચાર હેલીપેડ તૈયાર કરાયા છે. વડાપ્રધાન મોઢેરામાં લાઈટ એન્ડ સાઉન્ડ શોનું લોકાર્પણ કરશે અને કુળદેવી મોઢેશ્વરી માતાના દર્શને જશે.તા. 10નાં રોજ વડાપ્રધાન આણંદના મહેમાન બનશે અને અહીંના વિજાનગરમાં એક વિશાળ જાહેરસભાને સંબોધન કરશે. વડાપ્રધાનના આ કાર્યક્રમને લઈને સરકારી તંત્ર ઉપરાંત ભાજપ દ્વારા તૈયારીઓ થઈ છે.

**પ્રોત્સાહન** વિપુલ ચૌધરી મુદ્દે રાજકારણ ગરમાયું, વાઘેલાબાપુ-મોઢવાડિયાને કોર્ટનું તેડું

# શક્તિ પ્રદર્શનઃ મહેસાણા ખાતે શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડિયાની આગેવાનીમાં સાક્ષી હુંકાર મહાસભા યોજાશે

■ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખે કહ્યું- વિપુલ ચૌધરીને ફસાવવાનું સરકારનું આયોજન હોઈ શકે

ગુજરાત | વંદન



દૂધ સાગર ડેરીના કરોડો રૂપિયાના કૌભાંડ મામલે ACBએ ગુનો નોંધીને પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીની ધરપકડ કરી છે.આ કેસમાં કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડીયા અને પૂર્વ નેતા શંકરસિંહ વાઘેલાનું પણ તપાસમાં નામ ખુલતા મહેસાણા કોર્ટે બંનેને 6 ઓક્ટોબરે સાક્ષી તરીકે હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે. જેથી હવે અર્જુન મોઢવાડીયા અને શંકરસિંહ વાઘેલા 6 ઓક્ટોબરે મહેસાણામાં સાક્ષી હુકાંર મહાસભા કરશે. બંને દિગગજ નેતાઓના નામ ખુલતા બંને એક પક્ષમાં ના હોવા છતાં સાથે મળીને 6 ઓક્ટોબરે મહેસાણામાં મહાસભા યોજાશે. આ મહાસભામાં વિપુલ ચૌધરીના સમર્થકો સહિત હજારો લોકો આવવાના છે.કોંગ્રેસના તત્કાલીન પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને તત્કાલીન વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાએ વિપુલ ચૌધરીને એન.ડી.ડી.બી.ના ચેરમેન બનાવવા માટે ભલામણ કરી હતી. આમ, ભલામણ કરવા બદલ સાક્ષી તરીકે હાજર રહી અને નિવેદન આપવા માટે મહેસાણા કોર્ટના સરકારી વકીલ મારફતે આ બંને નેતાઓને સમન્સ મોકલી હાજર રહેવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મહેસાણા કોર્ટમાંથી સરકારી વકીલ મારફતે સમન્સ મળ્યું છે. આ સમન્સની અંદર સાક્ષી તરીકે હાજર રહેવા માટે બોલાવ્યા છે. સમન્સ આપવા પાછળ કારણ એ હોઈ શકે કે, વિપુલ ચૌધરીને વધારે ફસાવવા માટે સરકારનું આયોજન હોઈ શકે છે. અમે પશુપાલકો અને સહકારી કક્ષાએથી ભલામણ કરીને વિપુલ ચૌધરીને રાષ્ટ્રીય કક્ષાએ ઉપયોગ થવો જોઈએ એવી અમે ભલામણ કરી હતી.

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું વિપુલ ચૌધરી સામે ડેરી અંગે જે કોઈપણ કેસ હોય તો કાયદા પ્રમાણે કાયદો કામ કરે. વિપુલ ચૌધરીની ભલામણ કેમ કરી તે અંગે અમારી પાસે ખુલાસો માંગવામાં આવશે તો અમે ખુલાસો આપીશું. ભલામણ કરવી કોઈ ગુનો નથી. કિન્નખોરીથી ડબલ એન્જીન સરકાર અમને હેરાન કરવાનું નક્કી કર્યું છે.

અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે અમને સમન્સ આવ્યું છે તેનો જવાબ અમે જરૂરીથી આપીશું. વિપુલ ચૌધરી ચૂંટણી સમયે શરણાગતિ સ્વીકારતા નહોતા એટલે જેલમાં ગયા છે.સુરેન્દ્રનગરમાં સુર સાગર ડેરી અને બીજી ડેરીઓ કમલમમાં ભોગ ધરે છે. શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં ઘરવાપસી મામલે સંકેત આપતા અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે આતુરતાનો અંત જલ્દી આવશે. હાઈકમાન્ડ અને બાપુ સતત સંપર્કમાં છે.અમારા પ્રદેશના નેતાઓની લાગણી પણ છે કે બાપુ ફરીથી કોંગ્રેસમાં જોડાય. જે દિવસે આ બંને નેતાઓને કોર્ટમાં સાક્ષી તરીકે હાજર રહી અને નિવેદન આપવા માટે બોલાવાયા છે એ દિવસે મહેસાણા ખાતે દૂધ સાગર ડેરી રોડ પર આવેલા માં અર્બુદા ભવન કેમ્પસ ખાતે મોટી સંખ્યામાં લોકોને હાજર રહેવા માટે આહવાન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય તે માટે સાક્ષી હુંકાર મહાસભાના શીર્ષક હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સરકારની નીતિ સામે વિરોધ પ્રદર્શિત કરવામાં આવશે. મોટી સંખ્યામાં અર્બુદા સેનાના કાર્યકરો પણ આ આયોજનમાં હાજર રહે તેવી સંભાવના છે.

### તહેવારો પત્યા પછી લેબોરેટરીમાંથી રિપોર્ટ આવશે

# ગાંધીનગરમાં 26 સ્થળોએથી ફાફડા-જલેબીના સેમ્પલ લેવાયા



ગુજરાત | વંદન

ગાંધીનગરમાં દશેરાના પર્વ નિમિત્તે ઠેકઠેકાણે ફાફડા-જલેબીના સ્ટોલ લાગી ગયા છે ત્યારે અખાદ્ય ચીજવસ્તુઓની ચકાસણી માટે કોર્પોરેશનની ફુડ શાખા દ્વારા ૨૬ સ્થળોએથી ફાફડા-જલેબીના સેમ્પલ લીધા હતા અને તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જયારે અલગ અલગ સ્થળે તેલના નમુના પણ ચકાસવામાં આવ્યા હતા પરંતુ તેમાંથી કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવી નથી. તો બીજી બાજુ તહેવારો પતી ગયા પછી આ રીપોર્ટ આવવાના હોવાથી લોકોએ અખાદ્ય ખોરાક આરોગ્યો હશે તો પણ જવાબદારોને દંડ પછીથી થશે.

ઘણી જગ્યાએ કોર્પોરેશન તંત્રની મંજુરી વગર જ ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ થઈ રહયું હતું ત્યારે ગાંધીનગરમાં નાગરિકોના આરોગ્યને અનુલક્ષીને કોર્પોરેશનની ફુડ શાખા દ્વારા અલગ અલગ સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. જયાં દુકાનોમાંથી તેલના નમુના લઈને ફુડ શાખાના મશીનમાં ચકાસવામાં આવ્યા હતા. જોકે કોઈપણ સ્થળેથી શંકાસ્પદ તેલ મળી આવ્યું નહોતું.

## 'ઝાડૂ' રૂપાળો રંગ રેલીયો 'પંજો' હવે ગમતો નથી....

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ કોગ્રેસ પક્ષને એક પછી એક ઝટકા મળી રહ્યા છે.



પૂર્વ શહેર પ્રમુખ અને પૂર્વ મહામંત્રી ચેતન રાવલે કોગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપી આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે.

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી ઈન્દ્રનીલ રાજગુરુએ જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપના 27 વર્ષના શાસનથી ગુજરાતના લોકો અત્યંત થાકી ગયા છે. કોંગ્રેસ પાર્ટીએ પણ ક્યારેય ભાજપની લોક વિરોધી નીતિઓને ઉજાગર કરી નથી અને લોકોનો વિશ્વાસ જીત્યો નથી. અને એટલા માટે જ લોકોના હિતનું વિચારતા કોંગ્રેસના ખૂબ જ વરિષ્ઠ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. અમદાવાદના પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી રહી ચૂક્યા હતા એ વાત ચેતન રાવલ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ચેતનભાઈના પિતા ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી રહી ચુક્યા હતા અને સાથે સાથે તેઓ કોંગ્રેસના સૌથી લાંબા ગાળાના પ્રદેશ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. તેમજ પૂર્વ મુખ્યમંત્રી છબીલ મહેતાના સુપુત્રી નીતાબેન આજે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. સામાજિક કામ સાથે સંકળાયેલા ડૉ.સુનિલભાઈ જાદવ પણ આજે અરવિંદ કેજરીવાલથી પ્રભાવિત થઈને આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

### અમદાવાદના લોકોને મેટ્રો, વંદે ભારત પછી ટૂંક સમયમાં મળશે નવી ભેટ

# અમદાવાદથી ઉદયપુર માટે દોડશે સીધી ટ્રેન, 5 કલાકમાં 'સિટી ઓફ લેક' પહોંચશો



ગુજરાત | વંદન

અમદાવાદના લોકોને હાલમાં જ મેટ્રો અને વંદે ભારતની સુવિધાનો લાભ મળ્યો છે. હવે વધુ એક સુવિધાનો લાભ ગુજરાતના લોકોને મળવાનું છે. ઉદયપુર-અમદાવાદ રેલ્વે ટ્રેકનું ગેજ કન્વર્ઝનનું કામ પૂર્ણ થઈ ગયું છે. હવે આ બ્રોડગેજ ટ્રેક પર ટ્રેન દોડવાની રાહ જોવાઈ રહી છે. અમદાવાદથી ઉદયપુર જતા લોકો માટે ટૂંક સમયમાં જ ટ્રેનની પણ સુવિધા મળશે. આ રૂટથી માત્ર પાંચ કલાકમાં જ અમદાવાદથી ઉદયપુર પહોંચી શકાશે. અનુમાન



લગાવવામાં આવી રહ્યું છે કે આ મહિનામાં ટ્રેનનું સંચાલન શરૂ થઈ શકે છે. કારણ કે ગુજરાતમાં ચૂંટણી થવાની છે. આવી સ્થિતિમાં આચારસંહિતા લાગુ થાય તે પહેલા નવી રેલ્વે લાઈન પર ટ્રેન શરૂ કરવાના પ્રયાસો ચાલુ છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અમદાવાદ-ઉદયપુર રેલવે લાઈનનો કામ પૂર્ણ થઈ ગયો છે. તેના ઉદ્ઘાટનની તારીખ રેલ્વે મંત્રાલય કોઈપણ સમયે જાહેર કરી શકે છે. ફાઈનલ સીઆરએસમાં કેટલીક ખામીઓ જોવા મળી હતી. તે ખામીઓ સુધારવામાં આવી છે અને તેના ટેક્નિકલ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. ત્યાર બાદ આ ટ્રેક પર ગમે ત્યારે ટ્રેન દોડી શકે છે. વાસ્તવમાં, હજુ પણ ગુજરાતની ઉદયપુર સાથે કોઈ કનેક્ટિવિટી નથી. અહીં એક મીટરગેજ (નાની લાઈન) ટ્રેક હતો, પરંતુ તે પણ છેલ્લા 6 વર્ષથી આ માર્ગ બંધ છે. હવે ફરીથી તેને બ્રોડગેજ (મોટી લાઈન)માં ફેરવવામાં આવશે અને ટ્રેન દોડશે. આ પહેલીવાર બનશે જ્યારે ઉદયપુર સીધું અમદાવાદ સાથે જોડાશે.

**માત્ર 5 કલાકમાં અમદાવાદથી ઉદયપુર પહોચી શકાશે**

આ રેલ લાઈન શરૂ થવાથી ઉદયપુરની કનેક્ટિવિટી દક્ષિણ ભારતથી અમદાવાદ થઈને સીધી થઈ જશે. આ કારણે ઘણી ટ્રેનો ઉદયપુર થઈને દોડી શકાશે. એટલું જ નહીં, ઉદયપુરથી અમદાવાદનો રૂટ પણ માત્ર 5 કલાકમાં પૂરો થશે. 6 વર્ષ પહેલા આ ટ્રેક મીટરગેજ હતો. અહીં મીટરગેજ ટ્રેનો ચાલતી હતી. પરંતુ બાદમાં જ્યારે તેને બ્રોડગેજમાં બદલવાનું કામ શરૂ થયું ત્યારે તે ટ્રેનને અટકાવી દેવામાં આવી હતી. અગાઉ તે ટ્રેન દ્વારા ઉદયપુરથી અમદાવાદ જવા માટે લગભગ 10 કલાકનો સમય લાગતો હતો. પરંતુ હવે ઉદયપુરથી અમદાવાદની મુસાફરી માત્ર 5 કલાકમાં પૂર્ણ થશે.

**પર્વતો, નદીઓ અને જંગલો વચ્ચેથી પસાર થશે ટ્રેન**

રાજસ્થાનમાં, પર્વતો, નદીઓ અને જંગલો વચ્ચેથી પસાર થતી પ્રથમ મોટી રેલ્વે લાઈન આવતા મહિને શરૂ થઈ શકે છે. પ્રથમ વખત, ઉદયપુર-અમદાવાદ બ્રોડગેજ ટ્રેક સાથે જોડાઈ રહ્યું છે. આ રેલ રૂટ પર મુસાફરોની મુસાફરી તમને એક એડવેન્ચર જેવું અનુભવ કરાવશે. આ લગભગ 1700 કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ છે.

આ ટ્રેક પર ઉદયપુર અને અમદાવાદ વચ્ચે દરરોજ ઈન્ટરસિટી ટ્રેન દોડાવના સંભાવના છે. આ ટ્રેનો ઉદયપુરથી જયપુરની જેમ ચલાવવામાં આવશે. આ ટ્રેન ઉદયપુરથી શરૂ થઈને જયસમંદ, સેમારી, ઋષભદેવ રોડ, ડુંગરપુર, બિછીવાડા, શામલાજી, રાયગઢ રોડ, વીરવાડા, હિંમતનગર, પ્રાંતિજ, તાલી અમરપુર, સહિજપુર, અસારવા થઈને અમદાવાદ પહોંચશે. આ ટ્રેનથી ઉદયપુર જિલ્લાના સમગ્ર દક્ષિણ ભાગને રેલ્વે ટ્રેકથી જોડશે.

### મહિલાના ગળાના ભાગે દુપટ્ટો બાંધેલ હાલતમાં લાશ મળી

# નરોડામાં ઘર પાસે કપડા ધોવા ગયેલ મહિલાની લાશ મળી, પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

ગુજરાત | વંદન



અમદાવાદ શહેરમાં ક્રાઈમની ઘટનાઓ દિવસે દિવસે સતત વધતી જોવા મળી રહી છે. ત્યારે ફરી એકવાર હત્યાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં શહેરના પૂર્વ વિસ્તારમાં મહિલાની હત્યા કરાયેલ લાશ મળી આવતા ભારે ચકચાર જોવા મળી રહી છે. નરોડામાં કપડાં ધોવા માટે ગયેલી મહિલાની ગાળાના ભાગે દુપટ્ટો બાંધેલ હાલતમાં લાશ મળી આવી હતી. આ બનાવને લઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની મળતી માહિતી પ્રમાણે, નરોડામાં રહેતા રામાભાઈ ડામોરએ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, 30મી સપ્ટેમ્બરના દિવસે તેમની બહેન બનેવી અને પોતે ઘરે હાજર હતા અને રાત્રિના 8:30 વાગ્યાની આસપાસ તેમના બનેવી શાકભાજી લેવા માટે નાના ચિલોડા ચાર રસ્તા ખાતે ગયા હતા. જ્યારે તેમના બહેન સ્નાન અને કપડાં ધોવા માટે તેમની ઓરડીની સામે ગયા હતા. પોતે તેમની કંપનીમાં બોઈલરમાં લાકડા નાખવા માટે ગયા હતા. વીસેક મિનિટ બાદ પોતે જ્યારે પરત આવ્યા ત્યારે તેમના બહેન ઓરડી કે આસપાસના વિસ્તારમાં ક્યાંય જોવા મળ્યા ન હતા. જેથી તેમણે સિક્યુરિટી ગાર્ડને આ બાબતે પૂછ્યું હતું, પરંતુ તેણે કોઈ જાણ ન હોવાનું જણાવ્યું હતું.

ત્યાર બાદ પરિવારજનોએ મહિલાની શોધખોળ હાથ ધરતા તેઓની લાશ મળી આવી હતી. આ અંગે તેઓએ તાત્કાલિક મહિલાને હોસ્પિટલ લઈ ગયા હતા જ્યા હજાર તબીબીએ તેમને મૃત જાહેર કરી હતી. સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસ કાફલો ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો અને ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### સરસપુરમાં ઝઘડાની અદાવતમાં બે લોકોએ યુવકને છરીના ઘા મારતા મોત

સરસપુરમાં ઝઘડાની અદાવતમાં બે લોકોએ એક યુવકને જાહેરમાં છરીના ઘા મારતા ભારે ચકચાર જોવા મળી રહી છે. યુવકને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યા તેનું મોત થયું હતું. આ અંગ શહેરકોટડા પોલીસને જાણ થતા કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આરોપીઓ સામે ગુનો નોંધી તેઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકના પિતાએ સારવાર દરમિયાન તેના પુત્રને પુછ્યું ત્યારે તેણે જણાવ્યું કે પાનના ગલ્લે કેતન પરમાર તથા તેનો મિત્ર ભાવિક ઉર્ફે ભાવાએ ઝઘડો કરીને છરીના ઘા મારીને જતા રહ્યા હતા. ત્યાર બાદ પિતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, જો કે સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે પવનને મૃત જાહેર કર્યો હતો.

## અમદાવાદ એરપોર્ટ પર ટેક્સી-વે 10 ઓક્ટોબર સુધી પૂરો થશે, 40 ફ્લાઈટનું શિડ્યુલ ખોરવાશે નહીં

ગુજરાત | વંદન



અમદાવાદ એરપોર્ટ પર ટેક્સી વેના ચાલી રહેલા સમારકામથી છેલ્લા ઘણાય વખતથી ફ્લાઈટોને ટેક ઑફમાં વિલંબનો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. હવે 11થી 1200 મીટર ટેક્સી-વેનું કામ અંતિમ તબક્કા છે. 18 ઓક્ટોબરથી પાંચ દિવસીય શરૂ થનારા ડિફેન્સ એક્સ્પોમાં વીવીઆઈપી અને ચાર્ટર્ડ વિમાનોના આગમન પહેલા કામ પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે. એરપોર્ટ મેનેજમેન્ટ કંપનીએ ટેક્સી વેનું કામ 30મીએ પૂર્ણ કરવા એરલાઈન કંપનીઓને જાણ કરી હતી. પરંતુ આ કામમાં વિલંબ થતા હવે 10 ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરી ટેક્સી-વે કાર્યાન્વિત કરી દેવાશે. આથી દરરોજ મોડી પડતી 40 ફ્લાઈટ નિયમિત થઈ જશે.

સૂત્રો જણાવે છે કે, મુખ્ય પી ટેક્સી-વેના કામકાજ દરમિયાન ખાડા ખોદી રિપેરિંગનું કામ ચાલતું હતું ત્યાં જ વરસાદ પડી જતા પાણી ભરાઈ ગયા હતા સતત પડી રહેલા વરસાદથી જમીન અંદરથી ભેજવાળી થઈ ગઈ છે હવે વરસાદ સંપુર્ણ બંધ થાય તો શુકાઈ જાય પછી કામકાજ શરૂ કરી શકાય છે વરસાદના વિરામ બાદ ટેક્સી વેનું તૂટક તૂટક કામથી તેને પૂર્ણ કરવામાં વિલંબ થયો છે.

### ત્રાસ: ઢોર પકડવા મામલે બેદરકારી દાખવનારા કોર્પોરેશનના અધિકારીઓ સામે કેસ, ગયા મહિનામાં 471 લોકો બન્યા રખડતાં ઢોરનો શિકાર

# રખડતાં ઢોરે લીધો નિર્દોષ નાગરીકનો ભોગ, પ્રથમ વખત AMCના અધિકારીઓ સામે ગુનો દાખલ



ગુજરાત | વંદન

રાજ્યમાં રખડતાં ઢોરની સમસ્યાના કારણે લોકોને ભારે હાલાકી અનુભવવી પડે છે અને સતત ઢોરની હડફેટના કારણે અનેક પરિવારજનો પોતાના સ્વજનો ગુમાવે છે. ત્યારે તાજેતરમાં અમદાવાદમાં ગાયની હડફેટના કારણે 39 વર્ષીય ભાવિન પટેલના મૃત્યુની ઘટના બાદ પ્રથમ વખત AMCના અધિકારીઓ સામે ગુનો દાખલ થતાં તંત્રમાં દોડધામ મચી ગઈ છે.



ઓક્ટોબર મહિનાના પહેલા જ દિવસે અમદાવાદના નરોડા વિસ્તારમાં એક ગાયે અચાનક જ ડિવાઈડર ક્રોસ કરીને બાઈક પર સવાર 39 વર્ષીય ભાવિન પટેલને હડફેટમાં લીધા હતા. અવની સ્ક્વેર પાસે ભેરૂનાથ ટી સ્ટોલ સામે બનેલી આ ઘટનામાં ભાવિન પટેલને માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

મૃતકના મોટા ભાઈએ આ કેસમાં જાહેર રસ્તા પર પોતાની ગાયને છૂટી મુકનારા ગાયના માલિક અને સાથે જ રસ્તાઓ પર રખડતાં ઢોર પકડવા મામલે બેદરકારી દાખવનારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સામે કેસ દાખલ કર્યો છે.

રખડતાં ઢોરની હડફેટને લગતા કેસમાં પ્રથમ વખત એએમસીના અધિકારીઓ સામે ગુનો દાખલ કરાતાં તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ છે. પોલીસે આ કેસમાં એએમસીના અધિકારીઓ અને ઢોરના માલિક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. ઢોરના માલિક અને એએમસીના અધિકારીઓ વિરૂદ્ધ કલમ 304 અંતર્ગત સાપરાધ માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મૃતકના પરિવારજનોએ ઢોર પકડવાં મામલે અધિકારીઓની બેજવાબદારીના કારણે આ ઘટના બની હોવાની ફરિયાદ કરી હતી. આ સાથે જ તેમણે રખડતાં ઢોર રાહદારીઓને હડફેટમાં લે તો તેમની જિંદગી જોખમમાં મુકાઈ શકે છે તેની જાણ હોવા છતાં પોતાની ગાયને રઝળતી મુકનારા પશુપાલક સામે પણ કેસ દાખલ કર્યો છે. અકસ્માતના સીસીટીવી ફુટેજમાં જોઈ શકાય છે કે, ગાય અચાનક જ રસ્તો અને ડિવાઈડર ક્રોસ કરીને સામેના રસ્તે દોડી ગઈ હતી અને ભાવિન પટેલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી.

### સૌથી વધુ અમદાવાદમાં 52 લોકોના અકસ્માત થયાં

રાજ્યમાં વકરેલા રખડતાં ઢોરના ત્રાસને લઈને લોકો તોબા પોકારી ગયા છે. અનેક આયોજનો ઘડવામાં આવ્યા છતાં આયોજનની ત્રુટી ઉપરાંત તંત્રનો પન્નો ટૂંકો પડતો હોવાથી આ સમસ્યા અટકવાનું નામ જ લેતી નથી. જેના જીવતા જાગતા ઉદાહરણ રૂપે સપ્ટેમ્બરમાં રાજ્યભરમાં રખડતા ઢોરના કારણે 471 લોકોના અકસ્માત થયા હોવાનું જાહેર થવા પામ્યું છે.

રસ્તા પર અડિંગો જમાંવીને બેસેલા રખડતા ઢોરને લઈને રાજ્યભરમાં સપ્ટેમ્બર મહિનામાં કુલ 471 લોકો નાના મોટા અકસ્માતનો ભોગ બન્યા છે. 471 લોકોને 108 દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જેમાં સોથી વધુ અમદાવાદમાં 52 લોકોના અકસ્માત થયા છે. જ્યારે અમરેલીમાં 17, આણંદમાં 8, અરવલ્લીમાં 17 લોકો, બનાસકાંઠામાં 21, ભરૂચમાં 10 અને ભાવનગરમાં 19 લોકોના અકસ્માત થયા છે. આથી તંત્રની કામગીરી અંગેના દાવા પરથી પરદો ઊંચકાયો છે અને વાસ્તવિક્તા લોકો સમક્ષ ઉઘાડી પડી છે.

હાલમા જ અમદાવાદના નરોડા વિસ્તારમાં બાઈક સવાર યુવકને રખડતા ઢોરે વધુ એક યુવકનો ભોગ લીધો હતો. રખડતા ઢોરની અડફેટમાં આવતા યુવકને માથાના ભાગમાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ભાવિન પટેલને બ્રેઈનમાં મલ્ટિપલ હેમરેજ થયું હોવાનું તબીબી રિપોર્ટમાં સામે આવ્યું હતું. જોકે અંતે યુવકને માથાના ભાગમાં ગંભીર ઈજા થતા હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત ભાવિન પટેલનું મૃત્યુ થયું હતું. વધુમાં ગઈકાલે તાપીમાં સર્જાયેલા આખલા યુદ્ધને લઈને 15 બાઈકોનો ભુક્કો બોલી ગયો હોવાનું પણ સામે આવ્યું હતું.



| જિલ્લો | અકસ્માત(સંખ્યામાં) | જિલ્લો | અકસ્માત(સંખ્યામાં) |
|---|---|---|---|
| • બોટાદ | 10 | • નર્મદા | 12 |
| • છોટાઉદેપુર | 17 | • નવસારી | 3 |
| • દાહોદ | 12 | • પંચમહાલ | 21 |
| • દેવભૂમિ દ્વારકા | 6 | • પાટણ | 14 |
| • ગાંધીનગર | 16 | • પોરબંદર | 4 |
| • ગીર સોમનાથ | 5 | • રાજકોટ | 24 |
| • જામનગર | 15 | • સાબરકાંઠા | 17 |
| • જૂનાગઢ | 22 | • સુરત | 19 |
| • કચ્છ | 17 | • સુરેન્દ્રનગર | 6 |
| • ખેડા | 16 | • તાપી | 6 |
| • મહેસાણા | 8 | • ડાંગ | 12 |
| • મહિસાગર | 19 | • વડોદરા | 14 |
| • મોરબી | 6 | • વલસાડ | 6 |

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**શસ્ત્ર પૂજા :** વિજ્યા દશમી-દશેરા એટલે જીવન રક્ષક હથિયારોના પૂજનનો દિવસ. આજે દશેરાએ લાલ દરવાજા હોમગાર્ડ હેડ ક્વાર્ટરમાં શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું તેની તસવીર.



**હવે આવતા વર્ષે :** નવલી નવરાત્રી રૂમઝૂમ કરતી આવી અને ખેલૈયાને ઉજાગરા કરતા મુકી ગઈ. શહેરના બહેરામપુરા આદિત્ય એન્કલેવમાં આયોજિત ગરબાની એક ઝલક.

### ત્રણ શાળાઓના નવીનીકરણ માટે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત મૂકાશે

# કોટ વિસ્તારમાં ત્રણ હેરિટેજ સ્કૂલોના નવીનીકરણ કરવાનો હેરિટેજ સિટી ટ્રસ્ટનો નિર્ણય

ગુજરાત | વંદન

અમદાવાદના કોટ વિસ્તારને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરાયાના પાંચ વર્ષ પછી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નેતૃત્વમાં અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી ટ્રસ્ટ (એડબલ્યુએચસીટી) દ્વારા ખાડિયા વિસ્તારમાં આવેલી ત્રણ હેરિટેજ મ્યુનિસિપલ સ્કૂલોના નવીનીકરણના વિવાદનો ઉકેલ લાવી દેવાયો છે. અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી ટ્રસ્ટે 26 સપ્ટેમ્બરના રોજ યોજાયેલી બેઠકમાં ઠરાવ કર્યો હતો કે ત્રણ શાળાઓના નવીનીકરણ માટે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવશે. આ સ્કૂલોમાં દાણાપીઠ ફાયર બ્રિગેડ ઓફિસની પાછળ આવેલી મ્યુનિસિપલ ગુજરાતી માધ્યમની




કન્યા શાળા નંબર 2, ગાંધી રોડ પર પાંચકુવા પાસે શાળા નંબર 24, અને રાયપુર ચકલા અને સારંગપુર વચ્ચે ભુવાની પોળમાં શાળા નંબર 14નો સમાવેશ થાય છે.

આ સ્કૂલોના નવીનીકરણ માટે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા બજેટ ફાળવવામાં આવશે. ત્રણ શાળાઓના નવીનીકરણના નિર્ણય ઉપરાંત આ બેઠકમાં અમદાવાદ ડબલ્યુએચસીટીની 2021-22ની વાર્ષિક બેલેન્સ શીટની સમીક્ષાને પણ મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદડબલ્યુએચસીટીની એક્ઝિક્યુટિવ કમિટી સ્કૂલોના નવીનીકરણ માટે ટેન્ડર તૈયાર કરવા સલાહકારની નિમણૂક કરશે. ત્યારબાદ દસ્તાવેજને સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ મંજૂરી માટે મૂકવામાં આવશે. અગાઉ, એએમસીએ ખાડિયામાં લાખા પટેલ ની પોળ ખાતે દલપતરામ ચોક્સી સ્કૂલનું નવીનીકરણ કર્યું હતું. કોટ વિસ્તારને 8 જુલાઈ, 2017ના રોજ વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલા 2,236 રહેણાંક અને 449 ઈન્સ્ટિટ્યુશનલ ઈમારતોને હેરિટેજ જાહેર કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે નાણાકીય વર્ષ 2022-23ના બજેટમાં શિક્ષણ વિભાગ માટે રૂ. 34,884 કરોડની જોગવાઈ કરી છે. રાજ્ય સરકાર આ વર્ષે પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં જર્જરિત ક્લાસરૂમોના સમારકામ માટે રૂ. 927 કરોડનો ખર્ચ કરવાની જોગવાઈ કરાઈ છે. રાજ્ય સરકારે ગયા વર્ષે પણ અમદાવાદ શહેરમાં 100 જેટલી સ્કૂલોના નવીનીકરણ માટે રૂ. 25 કરોડની ફાળવણી કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડે 100 વર્ષ જૂની 100થી વધુ સ્કૂલોના નવીનીકરણ કરવાનો નિર્ણય લેવાયો હતો.

## અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા વોકાથોન ફોર હેલ્થ ઈવેન્ટનું આયોજન



ગુજરાત | વંદન

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશનના ઉપક્રમે રવિવાર વહેલી સવારે રિવરફ્રન્ટ ખાતે આયોજિત એએસીએ વોકાથોન ફોર હેલ્થમાં 350થી વધુ પાર્ટીસીપન્ટે ભાગ લીધો. ફિટનેસ પ્રતિ જાગૃતિ કેળવતા વોકથોનમાં 3 કીમી અને 6 કીમી એમ બે ટાર્ગેટ હતા. ઈવેન્ટ ફ્લેગઓફ પહેલાં શરૂઆતમાં ટ્રેઈનર દ્વારા વોર્મઅપ એક્સસર્સાઈઝ, યોગા, ઝુમ્બા સેશન પણ કરાવ્યા હતા. દરેક ફીનીશર પાર્ટિસીપન્ટને સર્ટીફીકેટ, મેડલ તથા ગીફ્ટ વાઉચર આપવામાં આવ્યા હતા. ઉપસ્થિત યંગસ્ટર્સ તથા સ્ટુડન્સ જણાવતા હતા કે રોજ વહેલી સવારે માત્ર 15-20 મિનિટની આ પ્રકારની પ્રવૃત્તિથી દિવસભર માટે જોશ ઉત્સાહને એનર્જી ડેવલપ થઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી સમયમાં AACA દ્વારા દિવાળી ગેટ ટુ ગેધર ક્રિકેટ કાર્નિવલ તેમજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

**સંપાદકીય....**

## શ્રીમાન ભગવંત માન, ગુજરાતની ચિંતા છોડો, પંજાબમાં ધ્યાન આપશો, મૂસેવાલા પરિવાર ન્યાયની આશામાં રાહ જુવે છે..!

**પંજાબ** ભારતનું એક સંવેદનશીલ સરહદી રાજ્ય છે. પંજાબને ભારતથી અલગ કરવાના ખાલિસ્તાનીઓ તરફથી વર્ષોથી પ્રયાસો ચાલી રહ્યાં છે. પંજાબમાં આ વખતે પહેલીવાર આપ પાર્ટીની સરકાર બની છે. અને સીએમ ભગવંત માન દ્વારા ચૂંટણી વચનોની પૂર્તતા માટેના પ્રયાસો થઈ રહ્યાં છે. કાયદો-વ્યવસ્થાને લાગે વળગે છે ત્યાં સુધી જાણીતા ગાયક કલાકાર મૂસેવાલાની ધોળા દિવસે એના ઘરમાં ઘૂસીને કરાયેલી હત્યાના પગલે પંજાબમાં સન્નાટો વ્યાપી ગયો હતો અને ભગવંત માન સરકારના



માથે માછલા ધોવાયા હતા. પંજાબ પોલીસે આ હત્યા કેસમાં ભારે મહેનત કરીને આરોપીઓને પકડ્યા અને તેમાંથી મુખ્ય સૂત્રધાર એવો એક આરોપી દિપક ટીનુ તપાસ એજન્સીની કસ્ટડીમાંથી ફરાર થઇ ગયો છે.

પંજાબના સીએમ પોતાના રાજ્ય પંજાબની ચિંતા કરવાને બદલે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ચૂંટણીઓ જીતવાની વધારે ચિંતા કરી રહ્યાં હોય તેમ રાજકીય નિરીક્ષકોને લાગે તેમાં જરાયે નવાઇ નહીં લાગે. કેમ કે છેલ્લાં ઘણાં સમયથી સીએમ માન અને દિલ્હીના સીએમ તથા આપ પાર્ટીના સ્થાપક અરવિંદ કેજરીવાલ અને તેમની આખી ટીમ વારંવાર ગુજરાતની મુલાકાતે છે. પંજાબના સીએમ માન ચૂંટણી પ્રચારમાં એક સ્ટેજ પર ગુજરાતમાં ગરબા રમતા હતા અને એ જ વખતે મૂસેવાલાના મુખ્ય સૂત્રધાર ગેંગસ્ટર આરોપી પોલીસ કસ્ટડીમાંથી ભાગી રહ્યો હતો...!

આવા ગેંગસ્ટરને પકડવામાં પોલીસને પરસેવો છૂટી જાય છે. ઉપરાંત મૂસેવાલાની હત્યા માન સરકાર માટે એક પડકાર સમાન હતો કેમ કે જેલમાં બંધ એક ગેંગસ્ટરના ઈશારે જેલમાં બેઠા બેઠા મૂસેવાલાની હત્યા થઇ હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત મૂસેવાલાને અગાઉની સરકાર દ્વારા પોલીસ રક્ષણ આપવા આવ્યું હતું. પણ સીએમ માને વીઆઈપી કલ્ચરના નામે મૂસેવાલા સહિત કેટલાય લોકોની સુરક્ષા વ્યવસ્થા પરત ખેંચી લેવામાં આવ્યાં હતા. મૂસેવાલાની સુરક્ષા પરત ખેંચવાના બીજા જ દિવસે હત્યારાઓ સફળ થયા અને પોતાનું કામ તમામ કરી નાંખ્યું હતું. આ અંગે પણ સીએમ માન સરકાર સામે આરોપો થયા હતા. અને હવે મૂસેવાલાની હત્યાનો મુખ્ય આરોપીનું પોલીસ કસ્ટડીમાંથી ભાગી જવુ આપ સરકારને શંકાના દાયરામાં મૂકે તે સ્વાભાવિક છે. એટલુ જ નહીં આપ પાર્ટીની સરકાર બનતા જ પંજાબમાં ખાલિસ્તાનીઓ ખુલીને બહાર આવ્યાં હોય એવી પણ ઘટનાઓ બની હતી. આ તમામને લઈને પંજાબની આપ પાર્ટીની સરકાર અપરિક્વ સાબિત થઇ રહી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ચૂંટણીઓ તો આવતી જતી રહેશે પણ પોતાના રાજ્યની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ એક વાર બગડ્યા બાદ તેને નિયંત્રણમાં આવતા ખાસ્સો સમય લાગતો હોય છે. સીએમ કેજરીવાલની દિલ્હી અને સીએમ માન સરકારના પંજાબની વચ્ચે ખાસ્સો તફાવત . બન્ને મુખ્યમંત્રીઓએ ગુજરાતની અને હિમાચલને ચૂંટણીઓ જીતવાની બાબતને અગ્રતા આપવાને બદલે ખાસ કરીને સીએમ માને પંજાબની ચિતા કરવી જોઈએ. અને મૂસેવાલા પરિવારને ન્યાય આપવો જોઈએ કેમ કે જેમની હત્યા કરાઈ એ મૂસેવાલાના પરિવારજનોને પણ જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી રહી છે. ફરારી ગેંગસ્ટર દિપક એકદમથી ફરાર નહીં થયો હોય પણ સુનિયોજિત રીતે ભાગી ગયો હોવાનું મનાય છે. ગેંગસ્ટરને ઝડપથી પકડીને તેની સામે કામ ચલાવવુ જોઈએ. જેથી મૂસેવાલા પરિવારને ન્યાય મળ્યો કહેવાય..

### નવલી નવરાત્રિ ગઇ ના ગઇ અને શરદ પૂર્ણિમાના ગરબાની રાત પણ આવી પહોંચી

**ગુજરાતમાં શરદ પૂનમની રાત્રિએ ગરબાની સાથે દુધ-પૌઆ ખાવાની પરંપરા છે..**

# આસો માસો શરદ પૂનમની રાત જો, ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં..!

**નવલી** નવરાત્રિના નોરતાંની રમઝટ હજુ થંભીય નથી અને એક બીજો તહેવાર આપણી સામે આવીને ઉભો રહે છે. અને તે તહેવાર એટલે આસો માસની પૂનમ જે શરદ પૂર્ણિમા તરીકે જાણીતી છે.. શરદ પૂર્ણિમાનો તહેવાર ગુજરાત




સહિત આખા ભારતભરમાં આનંદ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. શરદ પૂર્ણિમાને માણેકઠારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.

શરદ પૂનમ આસો માસની અજવાળી પૂનમના દિવસે ઉજવાય છે. આ દિવસે ચંદ્ર સૌથી તેજસ્વી રૂપ ધારણ કરે છે. આકાશ એકદમ નિર્મળ અને શાંત હોય છે. સફેદ ચાંદનીમાંથી રેલાતા કિરણોથી રાતનું વાતાવરણ અત્યંત મનમોહક બની જાય છે આ રાત્રીએ ચંદ્રમાંથી નિકળતા કિરણો અમૃત સમાન માનવામાં આવે છે. એટલે જ અનેક કવિઓએ શરત પૂનમની રાતનો મહિમા ગાયો છે.

આસો માસો શરદ પૂનમની રાત જો
ચાંદલીયો ઉગ્યો રે સખી મારા ચોકમાં..

ગુજરાતમાં શરત પૂનમની રાતે ગરબાની રમઝટ જામે છે. જાણે લોકોના નવરાત્રી હજુ પુરી જ નથી થઇ એમ શરદપૂનમની રાતડીને, ચાંદો ઉગ્યો આકાશ રે.. જેવા ગીતો સાથે બાળકોથી લઇ સૌ કોઇ નિત-નવા વસ્ત્રો ધારણ કરી ગરબાના તાલે ઝુમવા લાગે છે. ત્યારે ચન્દ્રનો શીતળ પ્રકાશ તેમના રંગબેરંગી વસ્ત્રો પર પડવાથી અલ્હાદક વાતાવરણનું નિમાર્ણ થાય છે.

શરદ પૂનમ સાથે અનેક માન્યતાઓ સંકળાયેલી છે. કહેવાય છે કે શરદર્ણિમાના દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ યમુના નદીના કિનારે ગોપીઓ સાથે રાસલીલા કરીને તેમને અલૌકિક સુખ આપ્યું હતું. તો આ જ દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ તેમના સંતો ભક્તો સાથે અનેક રુપો ધારણ કરીને રાસલીલા કરેલી હોવાની માન્યતાઓ છે.

શરદ પૂમન પર મંદિરોમાં ખાસ પૂજાનું આયોજન કરવામાં આવે છે. શરદ પૂનમનો દિવસ માતા લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે ખાસ માનવામાં આવે છે. એક માન્યતા મુજબ શરદર્ણિમાની રાત્રીએ દેવી લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિચરે છે ને પૃથ્વી પરના મનુષ્યોના જોતાં બોલે છે કે, કોણ જાગે છે ? જે જાગે તેને હું સંપત્તિવાન બનાવીશ. તેથી આ દિવસે રાત્રે જાગરણ કરવાનો તથા રાસ ગરબા રમવાનો મહિમા છે.

શરદ પૂનમની રાત્રિએ દુધ-પૌઆ ખાવાનો રિવાજ છે. વરસાદની સત્તાવાર વિદાય બાદ શરદ પૂર્ણિમાથી શરદઋતુનું ધીરે ધીરે હળવે હલેસેની જેમ આગમન થાય છે. આયુર્વેદ શાસ્ત્ર મુજબ શરીરમાં જે પિત્તનો પ્રકોપ થયો હોય તે આ દુધ પૌઆ ખાવાથી નાશ પામે છે. દૂધ એ પિત્તનું દુશ્મન ગણાય છે. ચંદ્રના કિરણો દુધ, પૌઆમાં ભળવાથી દમના દર્દીને ફાયદો કરે છે. આ દિવસે વિવિધ મંદિરોમાં પણ ભગવાનને દૂધ-પૌંઆનો થાળ ધરાવામાં આવે છે અને ત્યારબાદ સૌ ભાવિક ભક્તો આ પ્રસાદ આરોગીને ધન્યતા અનુભવે છે.

શરદ પૂનમની રાત્રે ચન્દ્ર સામે જોતા જોતાં દોરો પરોવવાની ક્રિયા કરવાની પ્રથા ખૂબ જ પ્રચલિત છે. કહેવાય આમ કરવાથી આંખો નિરોગી બને છે. આંખનું તેજ વધે છે. આ દિવસ મહાકાવ્ય રામાયણના સર્જક મહર્ષિ વાલ્મીકી જયંતિ તરીકે પણ ઉજવાય છે.

શરદ પૂનમ નો મહિમા યુધિષ્ઠિરને સમજાવતા ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું હતું કે શરદ પૂર્ણિમા' ની રાત્રિ મને ખુબ જ ગમે છે. શ્રીમદ ભાગવતના દશમા સ્કંધમાં કહયુ છે કે શરદ પૂનમની રાત્રે સાથે ભગવાન શ્રીકૃષ્ણ મહારાસ રમ્યા હતા. તેથી શરદ પૂનમને રાસ પૂનમ પણ કહેવામાં આવે છે. ડાકોરમાં રાજા રણછોડ રાયને આ દિવસે દિવ્ય મુકુટ ધરાવાય છે. શરદપુનમની રાતે નથી હોતી ગ્રીષ્મની દહિક ગરમી કે નથી હોતી હેમંતની ધ્રૂજાવનારી ઠંડી. શરદનું નિરભ્ર આકાશ સ્વચ્છ દેખાય છે. વર્ષાઋતુમાં કાદવ-કીચડ તેમજ માખી-મચ્છરના ત્રાસથી કંટાળી ગયેલો માનવ શરતઋતુના ચોખ્ખા ચણાક વાતાવરણથી પ્રસન્ન થાય છે. અને તન-મન પ્રફુલ્લિત બને છે. શરદ પૂનમની રાત કવિઓને પણ ખૂબ ગમે છે.તેથી જ તો અનેક કવિઓએ શરત પૂર્ણિમાની રાત વિશે અલંકારીક રીતે વર્ણન કર્યુ છે. કુદરતની કવિતાનું સૌંદર્ય એટલે શરદ પૂનમ. સોળે કલાએ ખીલેલા ચંદ્રમાની શીતળ રાત શરદ પૂર્ણિમાના શુભ પ્રસંગની આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ. ચંદ્રમાં પોતાની અજવાળી કિરણોના પ્રકાશ દ્વારા આપના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને ધનનો સંચાર કરે એવી ગુજરાત વંદન તરફથી મંગલકામના..



**ધર્મ**


## તુલસીદાસજીના દ્રષ્ટાંતથી બાપુએ સમજાવ્યું: પરમાત્માની કૃપાની કુથલી ના કરો

**આજકાલ** લોકો નાની-નાની વાતોમાં નિરાશ થઈ જાય છે, દુ:ખી થઈ જાય છે, ભયભીત થઈ જાય છે, હિંમત હારી જાય છે અને થાકીને બેસી જાય છે. સવારે આંખ ઊઘડતાંની સાથે જ નકારાત્મક વિચારો



માનવીને ઘેરી લે છે. મારાથી આ કેમ થશે? હું કરી શકીશ કે નહીં? સફળતા નહીં મળે તો? વગેરે વગેરે... ચિંતામાં જ શરૂ થતો દિવસ ચિંતામાં જ પૂરો થાય છે અને આમ જ વર્ષોનાં વર્ષ અને જિંદગી વીતી જાય છે. પરીક્ષામાં નાપાસ થવું કે નબળું પરિણામ આવવું, બિઝનેસમાં નિષ્ફળતા મળવી, ઈચ્છા મુજબ ન થવું, ધાર્યું કામ પાર ન પડવું કે જરૂરિયાતો પૂરી ન થવી એ સહજ છે. પણ આવું તો કોને વિચારવું છે! અમારે તો ઈન્સ્ટન્ટ જોઈએ છે, જરાય ધીરજ રાખવી નથી. વગર મહેનતે જોઈએ છે, બીજો પ્રયત્ન જ કરવો નથી. સફળ થવું છે પણ ન સંઘર્ષ કરવો નથી. બસ, નાનીઅમથી મુશ્કેલી આવી નથી કે હતાશ થયા નથી, પછી સામે ઝઝૂમવાની તો વાત જ શું? આવી સ્થિતિમાં જરા પણ વિચાર કર્યા વિના અવળું પગલું ભરી લેવું એ સામાન્ય થઈ ગયું છે. ઉંમરનો એક પડાવ પાર કરી ચૂકેલા લોકો તો ઠીક પણ યુવાઓ અને યુવાનીના ઊંબરે ઊભેલા નવલોહિયાઓની પણ આ જ મૂંઝવણ છે. કોઈનામાં નથી આત્મવિશ્વાસ કે નથી ઈશવિશ્વાસ. જીવનના દરેક ક્ષેત્રમાં તેની વિપરીત અસરો થઈ રહી છે. અરે, આજે તો સંબંધો જેવા સંબંધોય એમાંથી બાકાત રહ્યા નથી. ડર, ગુસ્સો, ઉદાસીનતા, શંકા-કુશંકા અને આધિ-વ્યાધિ જેવી સ્વરચિત જાળમાં ફસાયેલો માણસ બેઠો કેમ થાય? આવા મરેલા મનના માણસને શું જોઈએ? ઓબ્વિયસલી મોટિવેશન. આ જ પ્રયાસના ભાગ રૂપે દિવ્ય ભાસ્કરે 'મોર્નિંગ મોટિવેશન વિથ મોરારિબાપુ' નામની ડેઈલી સિરીઝ શરૂ કરી છે. આ સિરીઝ અંતર્ગત તમે બાપુની પ્રેરકવાણીને ઓડિયો પોડકાસ્ટ રૂપે માણી શકો છે. બાપુની વાણી હતોત્સાહીમાં ઊર્જાનો સંચાર કરી શકે છે. સફળ થવા માટે શોર્ટકટ ન બતાવતાં સક્ષમ બનવા કટિબદ્ધ બનાવે છે. આવા ઈન્ટરેસ્ટિંગ, ઈન્સ્પિરેશનલ અને મોટિવેશનલ પોડકાસ્ટ દિવ્ય ભાસ્કર એપના હોમપેજ પર રોજ સવારે 6-30 વાગ્યાથી 11 વાગ્યા સુધી અને ધર્મદર્શન વિભાગમાં દિવસભર માણી શકો છો.

**પુસ્તક પરિચય**




▪ રિપલકુમાર પરીખ

# હિન્દુત્વ : બહોળા પરિપ્રેક્ષ્યમાં

**“હિન્દુત્વ”** આ શબ્દ વાંચતા કે સાંભળતાં જ ઘણા ખરા લોકો, એમાં હિન્દુઓ પણ સામેલ છે, તેમનું નાકનું ટેરવું ચઢી જતું હોય છે. પોતાને ધર્મનિરપેક્ષ બતાવવાની હોડમાં તેઓ પોતાનો રાષ્ટ્રધર્મ પણ ભુલી જાય છે, તે ખુબ જ દુ:ખદ બાબત છે. તેમાં કદાચ આપણને મળેલું શિક્ષણ અને તેમાં સમાવેશ કરેલો અભ્યાસક્રમ પણ જવાબદાર હોઈ શકે છે. પરંતુ હવે જો આપણને આપણો સાચો રાષ્ટ્રધર્મ જાણવો હોય તો, શું કરી શકાય? આપણને સાચી “ હિન્દુત્વ “ ની વ્યાખ્યા કોણ કરી આપશે? કે જેમાં “ સમરસ હિંદુ “ પણ હોય અને “ સામર્થ્યવાન હિન્દુ” પણ હોય. બસ, આવા જ ઉમદા હેતુથી હમણાં જ થોડા સમય પહેલાં “ ભારતીય વિચાર મંચ “ , અમદાવાદ દ્વારા, એક પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું, “ હિન્દુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી “ . પ્રકાશક અહીં જણાવે છે કે, “ આ પુસ્તિકા વૈચારિક જગતમાં ચાલી રહેલા અનેક તર્ક- વિતર્કની વચ્ચે એક ભારતીય દ્રષ્ટિકોણ રજૂ કરનાર બની રહેશે. આ પુસ્તિકામાં હિન્દુત્વની સરળ વ્યાખ્યાથી માંડીને તેની સંપૂર્ણ યાત્રા જેમાં પ્રાચીન કાળથી માંડીને આજ દિન સુધીની બાબતોનો સમાવેશ લેખક દ્વારા કરવામાં આવ્યો છે. જે સ્પષ્ટરીતે આગામી દસકો હિન્દુત્વનો હોય તેવું સાબિત કરે છે. આ પુસ્તિકા માત્ર શ્રધ્ધાભાવથી તથ્યહિન વાતો કરનારી નથી પરંતુ તેમાં પુરા તર્ક અને સંદર્ભો સાથેની માહિતી આપની સમક્ષ રજૂ કરવામાં આવી છે.”

મૂળ આ પુસ્તિકા હિન્દીમાં લખાયેલી છે, જેનો ગુજરાતીમાં અનુવાદ કરીને આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકના રચયિતા છે પ્રસિદ્ધ લેખક શ્રી પ્રશાંત પોળ, જેઓ વૈચારિક ક્ષેત્રમાં એક ખ્યાતિપ્રાપ્ત વિચારક પણ છે. જેઓ પાછલાં અનેક વર્ષોથી આ ક્ષેત્રમાં ભારતીય દ્રષ્ટિકોણને ઉજાગર




કરે છે. શ્રી પ્રશાંત પોળના અનેક પુસ્તકો વાચકો દ્વારા આદર પામ્યા છે અને ભાષાની મર્યાદા ઓળંગી અંગ્રેજી, હિન્દી, મરાઠી અને ગુજરાતી જેવી ભાષાઓના વાચકો સુધી પહોંચ્યા છે.

આ પુસ્તિકાનો ગુજરાતીમાં સરળ અનુવાદ શ્રી શ્રીકાંત કાટદરે કર્યો છે.

હિન્દુત્વની સરળ વ્યાખ્યા શું હોય? તો, સાવરકરજી એ આપેલી “ હિન્દુ” ની સરળ વ્યાખ્યા મુજબ “ સિન્ધુ નદીથી માંડીને હિન્દ મહાસાગર સુધી પ્રસરેલી ભૂમિને જે માણસ પોતાની પિતૃભૂમિ ( પૂર્વજોની ભૂમિ ) અને પૂણ્યભૂમિ માને છે, તે હિન્દુ છે. અર્થાત્. કોઈ પણ મતપંથને માનનારી અને સાથે સાથે આ દેશને પોતાનો માનનારી વ્યક્તિ હિન્દુ છે.....! “ આગળ લેખક લખે છે, “ આપ આસ્તિક છો, તો હિન્દુ છો, આપ નાસ્તિક છો, તો પણ હિન્દુ છો. અર્થાત્ હિન્દુત્વ એ ધર્મ છે જ નહીં. કારણકે આપણે જેને ધર્મ કહીએ છીએ, તે અંગ્રેજી religion કરતાં સાવ ભિન્ન ( જુદો ) છે. તે હિન્દુત્વ તો આપણી જીવનશૈલી છે. “

આ પુસ્તિકામાં હિન્દુત્વના ઈતિહાસની અનેક વાતો જેમકે, વર્ણવ્યવસ્થા, ભારત પર વિદેશી આક્રમણખોરોને કેવી રીતે હરાવવામાં આવ્યા,, વેદોમાં કરેલું રાષ્ટ્રપ્રેમનું વર્ણન, કોરોના કાળમાં આયુર્વેદ અને યોગનું મહત્વ ઉપરાંત આ નાની પુસ્તિકામાં આપણા અલભ્ય જ્ઞાનના ખજાનાનું આધારભૂત સંદર્ભ ગ્રંથોમાંથી અદ્ભૂત સાહિત્ય પીસરવામાં આવ્યું છે. જેનો લાભ દરેક રાષ્ટ્રપ્રેમી એ લેવો જ રહ્યો.

રાષ્ટ્રમંત્ર.

“હું મારી માતૃભૂમિ માટે બધા પ્રકારના કષ્ટો વેઠવા તૈયાર છું. હું બધી જ દિશાઓમાં વિજય પ્રાપ્ત કરીશ. મારી માતૃભૂમિના હિતમાં જ હું બોલીશ. જે કાંઈ કરવું છે, તે મારી માતૃભૂમિના વૈભવ માટે જ કરીશ. અમને દીર્ઘાયુષ્ય મળે. અમને સારું જ્ઞાન મળે અને આવશ્યકતા પડે ત્યારે માતૃભૂમિ માટે અમે બલિદાન પણ કરીએ.”

- અથર્વવેદ.

# અજબ છે-ગજબ છે: ઉપગ્રહ સૂર્યમાંથી વીજળી લઇને પૃથ્વી પર મોકલશે..!

સાપ્તાહિક ગુજરાત વંદન

**યુરોપ**માં શિયાળાની શરૂઆત સાથે, ઊર્જાની માંગમાં જબરદસ્ત વધારો થાય છે. યુરોપ તેની ઊર્જા માટે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં કુદરતી ગેસ ખરીદતું હતું. તેની બે તૃતીયાંશ કરતાં વધુ ઉર્જા જરૂરિયાતો આ ગેસમાંથી પૂરી થતી હતી. પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધના કારણે રશિયાએ આ ગેસનો પુરવઠો બંધ કરી દીધો છે, જેના કારણે સમગ્ર યુરોપમાં ઉર્જા સંકટ સર્જાયું છે. આનો સામનો કરવા માટે, વૈજ્ઞાનિકોએ સૌર ઉર્જાથી ચાલતું એક ઉપકરણ અવકાશમાં મોકલવાનું સૂચન કર્યું છે, જે સૂર્યમાંથી ઉર્જા લઈ શકશે અને તેને પૃથ્વી પર મોકલી શકશે. પરંતુ આ કાર્ય એટલું સરળ નથી.

યુરોપની ઉર્જા કટોકટી ગહન થઈ રહી છે. કેમ કે રશિયાએ યુક્રેન યુધ્ધમાં યુરોપના દેશોએ યુક્રેનને પ્રત્યક્ષ અને પરોક્ષ મગદદ કરતાં તેની સજારૂપે યુરોપને અપાતો ગેસ પુરવઠો બંધ કરી દીધો છે. પરંતુ તાજેતરમાં બાલ્ટિક સમુદ્રમાંથી પસાર થતી તેની નોર્ડ સ્ટ્રીમ પાઈપલાઈનમાં તિરાડના સમાચારે યુરોપમાં હલચલ મચાવી દીધી છે. નિષ્ણાતો આનો સ્પષ્ટ અર્થ એ કરી રહ્યાં છે કે હવે યુરોપનું ઉર્જા સંકટ લાંબું ચાલવાનું છે અને કાતિલ છંડીનો સામનો કરવો પડે તેમ છે. તેના કાયમી ઉપાય રૂપે યુરોપને હવે સલામત અને નિશ્ચિત ઉર્જા સ્ત્રોતની ખૂબ જ જરૂર છે.

યુરોપ આ માટે અન્ય દેશો પાસેથી ઊર્જા મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ તે તેના માટે કાયમી ઉકેલ શોધવા પર પણ કામ કરી રહ્યું છે. તેને જોતા વૈજ્ઞાનિકોએ એક ઉપાય સૂચવ્યો છે. તેમણે એક એવો ઉપગ્રહ બનાવવાની વાત કરી છે જે સૌર ઉર્જા મેળવી શકે અને વીજળીનો જથ્થો એકત્ર કરીને તેને સુરક્ષિત રીતે પૃથ્વી પર મોકલી શકે...!.અજબ છે..ગજબ છે... યુરોપ તારી સોચ પણ લાજવાબ છે. પણ એ શક્ય છે ખરૂ...? કેમ કે પછી તો લગભગ દરેક દેશો આવા ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકીને સૂર્યમાંથી અઢળક વીજળી મેળવીને નીચે પૃથ્વી પર મોકલ્યા કરશે. પછી તો કેજરીવાલની 300 યુનિટ ફીરી વીજળીનો વાયદો પણ નહીં ચાલે...!

અવકાશ પર આધારિત સૌર ઉર્જા ખૂબ ફાયદાકારક હોઈ શકે છે, પણ તે હજુ પણ માત્ર એક સૈદ્ધાંતિક વિચાર છે. પરંતુ આનાથી ઉર્જા ક્ષેત્ર કાર્બન-ક્ષીણ થઈ શકે છે. જે હાલમાં અશ્મિભૂત ઇંધણ પર ખૂબ જ નિર્ભર છે અને આબોહવાને પ્રદૂષિત કરવાનો મોટો સ્ત્રોત છે. તે વિશાળ ભૌગોલિક રાજકીય સમસ્યાઓનો સ્ત્રોત પણ છે. બીજી તરફ યુરોપિયન સ્પેસ એજન્સી(ઈસા-ઈએસએ)નું કહેવું છે કે તાજેતરના અભ્યાસ દર્શાવે છે કે આ સોલ્યુશન કામ કરી શકે છે....

સેટેલાઈટ પૃથ્વીના રીસીવર સ્ટેશનો પર મોકલવાનું કામ કરશે. પરંતુ તેનો અમલ કરવો એ કામ લાગે છે એટલુ તો સરળ નહીં હોય.

ઈસાનું કહેવું છે કે સૌથી મોટી સમસ્યા એ છે કે આ ટેક્નોલોજીના અમલીકરણમાં એક મોટો ટેકનિકલ પડકાર છે, જેને પાર કરવો ખૂબ જ જરૂરી છે. સૂર્યમાંથી ઉર્જા લેવા, તેને યોગ્ય ફોર્મેટમાં રૂપાંતરિત કરવા અને પૃથ્વી પર મોકલવા માટે, ઉપગ્રહમાં ઓછામાં ઓછી અમુક કિલોમીટર લાંબી સોલાર પેનલ હોવી જરૂરી છે, અને પૃથ્વી પર અવકાશમાંથી બીમ મેળવવા માટે પણ જરૂર પડશે. ખૂબ મોટો એન્ટેના...!





આટલા મોટા પાયે ફોટોવોલ્ટેઈક, હાઈ પાવર ઈલેક્ટ્રોનિક અને રેડિયો ફીક્વન્સી બીમની ઉચ્ચ કાર્યક્ષમતાવાળી સિસ્ટમ્સ બનાવવાનો હશે. આ સિવાય ઓછી શક્તિવાળા માઈક્રોવેવ તરંગોની મનુષ્ય અને અન્ય જીવોના સ્વાસ્થ્ય પર તેમજ અન્ય વિમાનો અને ઉપગ્રહો પર શું અસર થશે, તેનો અભ્યાસ અને મૂલ્યાંકન કરવાનું પણ હજુ બાકી છે.

અલબત્ત, આ પડકારોનો સામનો કરવો સરળ નથી. પરંતુ તેના પરિણામો પણ ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. યુરોપે આ અભિયાનને વર્ષ 2025 સુધીમાં અમલમાં મૂકવું કે કેમ તે નક્કી કરવાનું છે. જે અત્યાર સુધી માત્ર પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. તેની સાથે સાથે એ નોંધવું યોગ્ય છે કે યુકે સહિત અન્ય દેશો પણ આવા પ્રોજેક્ટ્સ પર સંશોધન અને કાર્યમાં પાછળ નથી. ચીન પણ એવી યોજના પર કામ કરી રહ્યું છે કે જેથી સૂર્યના પ્રકાશને પૃથ્વી તરફ વાળવામાં આવે. અને યુરોપને ગેસ માટે હેરાન કરનાર રશિયા પોતે પણ આમાં પાછળ નથી..!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ઈન્ડિયા ગેટ ખાતે સ્થાપિત સુભાષબાબુની પ્રતિમા તૈયાર કરવાની રોચક છે ગાથા, શિલ્પીના શબ્દોમાં..

# ...તો આ રીતે 26 હજાર કલાકમાં તૈયાર થઈ નેતાજીની પ્રતિમા..!

ગુજરાત | વંદન

નવી દિલ્હીના મધ્યમાં ઈન્ડિયા ગેટ ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની 28 ફૂટ ઊંચી ગ્રેનાઈટ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. જ્યારે તેનુ અનાવરણ કરવામાં આવ્યું ત્યારે મૈસૂર સ્થિત શિલ્પકાર અરુણ યોગીરાજ માટે તે ક્ષણ તેના જીવન કરતાં મોટી ક્ષણ હતી આ અંગે લાગણીશીલ યોગીરાજે કહે છે કે, મેં મારા જીવનમાં હજારો શિલ્પો અને મૂર્તિઓ કોતરી છે, પરંતુ આજદિન સુધી આ પ્રકારનું સન્માન ક્યારેય મળ્યું નથી. ભવિષ્યની પેઢીઓને પ્રેરણા " આપવાના હેતુથી વિશાળ શિલ્પનું નિર્માણ, યોગીરાજ અને તેમની ટીમ માટે લોહી, પરસેવો અને આંસુની ઓડીસી હતી...!. પરંતુ તેના માટે, 2008 માં કોર્પોરેટ નોકરી છોડી દેવાની અને તેની માતાના પ્રારંભિક વાંધાઓ છતાં શિલ્પકૃતિમાં પોતાને સમર્પિત કરવા માટે તેની પૂર્ણતા પણ માન્યતા હતી.

39 વર્ષીય વ્યક્તિએ શિલ્પ બનાવવાના તેમના જુસ્સા વિશે વાત કરી, કેવી રીતે તેમને નેતાજીની પ્રતિમા બનાવવા માટે kecમળ્યું, રસ્તામાં અન્ય આકર્ષક પ્રોજેક્ટ્સનું બલિદાન, અને એક રૂપાંતરિત કરવાના કપરા કાર્ય વિશે. ચમકદાર ગ્રેનાઈટનો મોનોલિથિક 280-મેટ્રિક-ટન બ્લોક અને તેમાંથી સ્વાતંત્ર્ય સેનાનીની મહાનતાને અનુરૂપ આકાર આપવાની સમાનતા રહેલી છે. ગ્રેનાઈટનો આ બ્લોક - કોતરવામાં અઘરો પથ્થર -એ તેલંગાણાના ખમ્મમથી દિલ્હીમાં નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ (NGMA)ના કેમ્પસ સુધી 140-વ્હીલ ટ્રકમાં 1,165kmની મુસાફરી કરી હતી. અને શિલ્પી યોગીરાજના નિષ્ણાંત માર્ગદર્શન હેઠળ, સમગ્ર ભારતમાંથી એકત્રિત થયેલાં નાના મોટા 48 શિલ્પકારો બ્લોક પર આવ્યા, 75 દિવસ અને કુલ 26,000 કલાક માટે દિવસમાં ત્રણ શિફ્ટમાં કામ કર્યું ત્યારે તેમાંથી નેતાજી સુભાષચંદ્ર બોઝ આકાર સ્વરૂપે પ્રગટ થયાં...!

જ્યારે યોગીરાજ સ્પષ્ટપણે પોતાની સિદ્ધિ પર ગર્વ અનુભવે છે, તેમની પાસે સ્વ-અસરકારક રીત છે. તેમણે પેતે "નસીબદાર" હોવાનો, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયને અને તેમના વિષયમાંથી પ્રતિબિંબિત ગૌરવ માટે જે પ્રશંસા પ્રાપ્ત કરી છે તેને આભારી છે, જેમ કે "આખું વિશ્વ નેતાજીને ખૂબ પ્રેમ કરે છે અને આ લોકો (સરકાર) મને કેમ પ્રેમ કરે છે...

અરુણ યોગીરાજે નેતાજીની પ્રતિમાની કોતરણીને માત્ર તેમને જ નહીં, પરંતુ તેમના પરિવાર માટે "અત્યાર સુધી આપવામાં આવેલ સર્વોચ્ચ સન્માન" તરીકે વર્ણવ્યું હતું. તેઓ શિલ્પકારોની પાંચ પેઢીઓમાં સૌથી નાના છે, જેઓ મૈસુરના અગાઉના રાજવી પરિવાર સહિત 225 વર્ષથી મોલ્ડિંગ, કોતરણી અને છીણીનું કામ કરે છે. તેમ છતાં, યોગીરાજે કહ્યું છે તેમ, તેની માતા ક્યારેય ઈચ્છતી ન હતી કે તે કૌટુંબિક વેપારમાં જોડાય, તેમ છતાં તેણે શિલ્પ માટે પ્રારંભિક લગાવ દર્શાવ્યો હતો.

"હું માત્ર 11 વર્ષનો હતો ત્યારે મારી જગ્યાએ કામ કરતા કલાકારો સાથે સ્પર્ધા કરતો હતો. હું તેમને પડકાર આપતો હતો કે હું એક પથ્થર કાપીશ અથવા તેને તમારા પહેલા યોગ્ય આકાર આપીશ," એવી હરીફાઈઓ યોજાતી હતી,

તેમનો પહેલો 'વ્યવસાયિક પ્રોજેક્ટ' એક છોકરો હતો, જ્યારે તેના પિતા શહેરની બહાર હતા ત્યારે તેમણે બે દિવસમાં ભગવાન અયપ્પાની મૂર્તિ પૂર્ણ કરી નાંખી હતી....



પરંતુ જ્યારે યુવાન અરૂણ યોગીરાજે તેના પિતા કે જેઓ પ્રખ્યાત શિલ્પકાર હતા તે યોગીરાજ શિલ્પીને તેમના કામમાં મદદ કરવાનું સપનું જોયું. કેમ કે તેમણે પોતાના પિતાને "આખો દિવસ પથ્થરો કોતરતા" જોયા હતા., પરંતુ તેની માતા ઈચ્છતી હતી કે તે એક સ્થિર નોકરી શોધે જેમાં આટલી મજૂરીની જરૂર ન હોય..

"મારી માતા ઈચ્છતી ન હતી કે મારા પરિવારમાંથી કોઈ શિલ્પકાર બને, તેથી હું પણ ભણતો હતો. મેં મૈસુર યુનિવર્સિટીમાંથી MBA પૂર્ણ કર્યું છે. મારી માતાની ખાતર, મેં એક ખાનગી કંપનીના એચઆર વિભાગમાં તાલીમાર્થીની નોકરી પણ લીધી," એમ યોગીરાજ કહે છે. ત્રણ મહિના પછી તેમણે નોકરી છોડવાનું નક્કી કર્યું. "મેં મારી માતાને કહ્યું કે હું આ [કોર્પોરેટ જોબ] કરી શકીશ નહીં, મારે પાછા આવવું પડશે. ત્યારે તે ખૂબ રડવા લાગી. પરંતુ, પાછળથી, તેણીએ મારી ઈચ્છા સ્વીકારી." 2008 થી, યોગીરાજે ફક્ત શિલ્પ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને ઉચ્ચ-પ્રોફાઈલ કમિશનની પ્રભાવશાળી શ્રેણી એકત્રિત કરી છે.

જેમાં મૈસુરના છેલ્લા મહારાજા જયચામરાજેન્દ્ર વાડિયારની 14.5 ફૂટની સફેદ આરસની પ્રતિમા, જેનું 2016માં અનાવરણ કરવામાં આવ્યું હતું અને 2018માં કર્ણાટકના તત્કાલિન મુખ્યમંત્રી સિદ્ધારમૈયા દ્વારા ઉદ્ઘાટન કરાયેલ બીઆર આંબેડકરની 15-ફૂટની સફેદ આરસની પ્રતિમાનો સમાવેશ થાય છે. બંને પ્રતિમા મૈસુરમાં છે. ગયા વર્ષે, તેઓ વૈદિક વિદ્વાન આદિ શંકરાચાર્યની 12-ફૂટ-ઉંચી પ્રતિમાને શિલ્પ કરવા માટે પણ ચર્ચામાં આવ્યા હતા , જેનું અનાવરણ વડાપ્રધાન દ્વારા ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ મંદિરમાં કરવામાં આવ્યું હતું.મહત્વાકાંક્ષી નેતાજી પ્રોજેક્ટ માટે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા પસંદ કરવામાં આવતા, તેમના કહેવા પ્રમાણે, જ્યારે આ પ્રતિમા સ્થાપિત કરવાનો વિચાર આવ્યો ત્યારે સાત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા ત્યારે યોગીરાજ પણ તેમાંથી એક હતા. ગ્રેનાઈટ એ શિલ્પકામ કરવા માટે "ખડતલ" પથ્થર છે,પરંતુ સામાન્ય રીતે પથ્થર સાથેના તેમના અનુભવે તેમને ટોચના દાવેદાર બનાવ્યા અને તેમની પસંદગી થઈ.

તેઓ કહે છે કે ગ્રેનાઈટ પત્થરપમાંથી મૂર્તિ બનાવવી એક મુશ્કેલ કામ છે, કારણ કે તમને તેમાં કરેક્શનની કોઈ તક મળતી નથી.મૂર્તિ બનાવવાના અન્ય માધ્યમો જેમ કે પિત્તળ અથવા માટીમાં તમે ભૂલો કર્યા પછી સુધારી શકો છો પરંતુ ગ્રેનાઈટમાં તમને તે તક મળતી નથી.

જાન્યુઆરીમાં બેઠક બાદ પસંદગીની પ્રક્રિયા એકદમ લાંબી હતી અને કામ આપવામાં આવ્યું ત્યાં સુધીમાં તે એપ્રિલ હતો. તે જ મહિને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગીરાજ પાસેથી નેતાજી સુભાષ ચંદ્ર બોઝની "અસાધારણ" 2-ફૂટ-ઉંચી પ્રતિમા પ્રાપ્ત કરતી એક તસવીર ટ્વિટ કરી હતી..

આ પ્રોજેક્ટ મેળવવો એ એક મોટી સિદ્ધિ હતી, તેનો અર્થ બલિદાન આપવાનો પણ હતો. યોગીરાજના કહેવા પ્રમાણે, તેમણે વિદેશ સહિત અન્ય ઘણા કામોમાંથી પીછેહઠ કરવી પડી હતી. આનો અર્થ એ હતો કે એડવાન્સ પરત કરવું અને કેટલાક કિસ્સાઓમાં દંડ પણ ચૂકવવો પડે છે, જેનાથી નાણાકીય નુકસાન થાય છે. એ પ્રક્રિયા નિપટાવીને તેઓ બાંયો ચઢાવીને તેઓ આઝાદ હિન્દ ફૌજના સ્થાપક એવા નેતાજીની મૂર્તિના કામે લાગ્યાં તેમની સાથે અન્ય 48 કલાકારો દિવસ - રાત કામ કરતા હતા છતાં પ્રતિમા પર કામ કરવું "બિલકુલ સરળ ન હતું કેમ કે કામની નિયત સમયમર્યાદા હતી અને તેનુ અનાવરણ ખુપ વડાપ્રધાન કરવાના હતા. "અમારી પાસે સમય ઓછો હતો, પરંતુ હું મારા શ્રેષ્ઠ કરતાં ઓછું આપવા માંગતો ન હતો. હું સમાજને કહેવા માંગતો ન હતો કે અમારી પાસે સમય ઓછો છે, અથવા પથ્થર ખૂબ સખત છે. મેં બે મહિનામાં છ મહિનાનો પ્રોજેક્ટ પૂરો કર્યો,"

ખૂણાઓ કાપવાનો વિકલ્પ ન હોવાથી, ટીમે સખત કલાકો સુધી કામ કર્યું અને યોગીરાજ કહે છે કે તે ઘણીવાર રાત્રે ફક્ત બે કે ત્રણ કલાક જ સૂતો હતો. અમારા કલાકારોએ ત્રણ શિફ્ટમાં કામ કર્યું - કુલ મળીને 26,000 કલાક કામ કર્યું.. તેમણે



આ પ્રોજેક્ટ માટે દેશભરમાંથી શ્રેષ્ઠ પથ્થર કલાકારોને સામેલ કર્યા. રાજસ્થાન, તમિલનાડુ, આંધ્રપ્રદેશ વગેરે રાજ્યોમાંથી પ્રખ્યાત કલાકારોને બોલાવવામાં આવ્યા હતા.કામની શરૂઆત કઇ રીતે થઇ તે એ અંગે તેઓ કહે છે કે, વિશાળ ગ્રેનાઈટ બ્લોક પર ટીમ શરૂ કરે તે પહેલાં, તેમણે સાથી શિલ્પીઓને થર્મોકોલનો ઉપયોગ કરીને માહિતી આપી. "એક થર્મોકોલ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. દરેકને તેમની સમજ મુજબ સરળ શબ્દોમાં સમજૂતી આપવામાં આવી હતી. કે તેઓએ ફક્ત આ કરવાની જરૂર છે. હું તેમને વારંવાર કહેતો હતોઃ 'નેતાજીની ચિંતા કરશો નહીં, તમે બસ આ કરો. ભૂલો થશે પણ તમારે તેનાથી ડરવાની જરૂર નથી.' આટલું જ હું મારા કલાકારોને સમજાવતો હતો,"

જ્યારે આખરે ગ્રેનાઈટ પર કામ કરવાની વાત આવી, ત્યારે સૌથી પડકારજનક ભાગોમાંનો એક કપડાને કોતરવાનો હતો.આ પ્રતિમામાં નેતાજીને ધોતી કુર્તા પહેરેલા દર્શાવવામાં આવ્યા નથી , પરંતુ ઈન્ડિયન નેશનલ આર્મી (INA) પોશાક તેમણે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન પહેર્યો હતો. તેવા ગણવેશમાં દર્શાવવાના હતા.

"દરેક ક્ષણે, જ્યારે પથ્થર પર હથોડો મારવામાં આવતો હતો, ત્યારે અમારે પેન્ટના સિલુએટ્સ પર નજીકથી નજર રાખવાની જરૂર હતી. તે પોતાનામાં એક મુશ્કેલ કાર્ય હતું. મેં પોતે આ પ્રકારના પેન્ટ ક્યારેય જોયા નહોતા," એમ તેમણે યાદ કરીને કહ્યું..અને આખરે દિવસ-રાત" કામ કરતા કલાકારો સાથે, શિલ્પને પૂર્ણ કરવામાં 75 દિવસ લાગ્યા. તે દરમ્યાન તેમના પિતાની નિધન બાદ પણ તેમણે પોતાનું કામ અટકાવ્યું નહોતું.

આ અંગે તેઓ કહે છે કે, જ્યારે હું દેશ માટે મોટું કામ કરી રહ્યો હતો, ત્યારે મારા પિતા આ બધું જોવા મારી સાથે રહ્યા ન હતા. મને ઘણી વાર લાગે છે કે ભગવાન એક હાથે ઘણું બધું આપે છે અને બીજી કોઈ સુંદર વસ્તુ લઈ જાય છે, "હું દરરોજ મારા પિતાને યાદ કરું છું. તેણે ક્યારેય મારા કામના વખાણ કર્યા નથી પણ તેની આંખોમાં વહેતા આંસુ ઘણું બધું ઉજાગર કરતા હતા....!

અનુસંધાન પેજ 1 પરથી...

### જાનમાં જઇ...

કે બસ એકદમ નીચે પડી હતી. જ્યાં બસ પડી ત્યાં નીચે નદી છે. કેટલાક લોકો નદીમાં પણ વહી ગયા હશે. મૃતદેહો બધે વિખરાયેલા હતા.મુખ્યમંત્રીએ દુર્ઘટનામાં અસરગ્રસ્તોને આર્થિક સહાયની જાહેરાત કરી છે. જે અંતર્ગત મૃતકોના પરિજનોને રૂ.2-2 લાખ, ગંભીર રીતે ઘાયલોને રૂ.1-1 લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તોને રૂ.50-50 હજારની આર્થિક સહાય આપવામાં આવશે.રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડના પૌડી જિલ્લામાં બસ દુર્ઘટના હૃદયને હચમચાવી નાખનારી છે. આ ઘટનામાં જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું. ભગવાન તેમને આ મોટી ખોટ સહન કરવાની શક્તિ આપે. હું આ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું.

### દેશમાં...

કાર્યક્રમોમાં અતિથિ તરીકે મહિલાઓની ઉપસ્થિતિની પરંપરા જૂની છે. વ્યક્તિ નિર્માણ શાખા પધ્ધતિ પુરુષ અને મહિલા બંને માટે સમાન છે. ભાગવતે દેશને સંગઠીત અને શક્તિશાળી બનાવવાની આવશ્યકતા દર્શાવતા કહ્યું કે શાંતિ માટે શક્તિ જરુરી છે.

### ચિનોય શેઠ...

20 લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. જેમાંથી અમુકની ધરપકડ થઈ છે અને મોટા ભાગના લોકો ફરાર હોવાનું કહેવાય છે.

એક રિપોર્ટ અનુસાર, જે લોકોના ઘર પાડવામાં આવ્યા છે, તેમના નામ ઝફર, રઈસ, અને સલમાન છે. તેમાંથી સલમાન ખાન ઘટનાનો મુખ્ય આરોપી છે. પ્રશાસને દાવો કર્યો છે કે, આ લોકોએ ગેરકાયદેસર રીતે ગ્રામસભાની જમીન પર ઘર બનાવ્યા હતા. જેના કારણે તેમના ઘર પાડી દેવામાં આવ્યા હતાં.અન્ય એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, ગત રવિવારે 2 ઓક્ટોબરની રાતે આ ઘટના થઈ હતી. જેમાં કથિત રીતે સલમાન ખાન નામના શખ્સે ગરબાના આયોજનકર્તા શિવલાલ પાટીદાર અને સરપંચ મહેશ પર જીવલેણ હુમલો કર્યો હતો. બાદમાં સલમાન અને તેમના સાથીઓને કથિત રીતે પંડાલમાં પથ્થરમારો કર્યો હતો. જેમાં કેટલીય મહિલાઓ ઘાયલ થઈ હતી. મહેશ પાટીદાર અને શિવલાલ હાલમાં હોસ્પિટલમાં ભરતી છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

### 750 બેડ...

આ AIIMSનો શિલાન્યાસ વડાપ્રધાન મોદીએ 2017માં કર્યો હતો. આ પછી, તેઓ સ્થાનિક લુહનુ મેદાનમાં ઘણી યોજનાઓના ઉદ્ઘાટન અને શિલાન્યાસ પછી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. બિલાસપુર AIIMSનું નિર્માણ 1470 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે. તેમાં 18 વિશેષ અને 17 સુપર સ્પેશિયાલિટી વિભાગો, 18 અત્યાધુનિક સર્જરી રૂમ, 64 ICU બેડ સાથે 750 બેડ હશે. આ હોસ્પિટલ 247 એકરમાં ફેલાયેલી છે અને તેમાં 24 કલાક સારવારની સુવિધા હશે. વડાપ્રધાન દશેરાના અવસરે હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં AIIMSનું ઉદ્ઘાટન કર્યા પછી વડા પ્રધાન કુલ્લુના પ્રખ્યાત દશેરાની ઉજવણીમાં ભાગ લીધો હતો.

આ હોસ્પિટલે હિમાચલ પ્રદેશના આદિવાસી અને દુર્ગમ જનજાતીય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે ડિજિટલ હેલ્થ સેન્ટરની પણ સ્થાપના કરી છે. આ ઉપરાંત, હોસ્પિટલ દ્વારા કાઝા, સલુની અને કેલોંગ જેવા દુર્ગમ જનજાતીય અને ઊંચાઈવાળા હિમાલયના પ્રદેશોમાં આરોગ્ય શિબિરો દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. પીએમઓએ કહ્યું કે આ હોસ્પિટલમાં દર વર્ષે 100 વિદ્યાર્થીઓને એમબીબીએસ કોર્સ માટે અને 60 વિદ્યાર્થીઓને નર્સિંગ કોર્સ માટે દાખલ કરવામાં આવશે.

### સેનાનુ ચિતા હેલિકોપ્ટર...

કારણોસર થયો હતો. ભારતીય સેનાના એક અધિકારીએ જણાવ્યું કે તવાંગના ફોરવર્ડ વિસ્તારમાં બુધવાર સવારે 10 વાગ્યાની આસપાસ નિયમિત ઉડાન ભરી હતી. સેનાનું ચિતા હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ઘાયલ બંને પાયલટને નજીકની આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન એક પાઈલટ લેફ્ટન્ટ કર્નલ સૌરભ યાદવનું મૃત્યુ થયું હતું. તેમની હાલત અત્યંત ગંભીર હતી. જ્યારે અન્ય પાયલોટ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ક્રેશનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

### શોપિયાંમાં અથડામણ...

અહેમદ ડારની બહાદુરીને હું સલામ કરું છું. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંગળવારે હિઝબુલ મુજાહિદ્દીન, લશ્કર-એ-તૈયબા અને અન્ય પ્રતિબંધિત સંગઠનોના કુલ 10 સભ્યોને ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ આતંકવાદી જાહેર કર્યા છે. આ જાહેર કરાયેલા આતંકવાદીઓમાં હાલ પાકિસ્તાનમાં રહેતો પાકિસ્તાની નાગરિક હબીબુલ્લાહ મલિક ઉર્ફે સાજીદ જટ્ટ, જમ્મુ-કાશ્મીરના બારામુલાનો બાસિત અહેમદ રેશી, જમ્મુ-કાશ્મીરના સોપોરનો ઈમ્તિયાઝ અહેમદ કંદુ ઉર્ફે સજાદનો સમાવેશ થાય છે

અનુસંધાન પેજ 10 પરથી...

### મોરારીબાપુનો...

શક્યા હોત. પણ આ રીતે એકાએક મસ્જીદમાં પહોંચી જવુ અને ઈમામોને મળવુ તે ઘણાંને નવાઈ પમાડવા જેવુ છે.. ભાગવતના આ પગલાને ઘણાં નિરીક્ષકો, અડવાણીની ઝીણાની મજાર પર જઈને માથુ ટેકવવા સમાન માની રહ્યાં છે.

લાખો-કરોડો હિન્દુઓની જેમ મોરારીબાપુને પણ નવાઈ લાગી અને તેમણે આ મુદ્દે પોતાને હેરાન કરનારા હિન્દુ પરિબળોને આડે હાથે લઈને ખુલ્લો પડકાર ફેંક્યો છે કે લો.. બોલો હવે....કરો ધોકાવાળી...બોલો હવે......

## પાકિસ્તાન સાથે કોઈ પણ મંત્રણા નહીં, આતંકનો સફાયો થશે - અમિત શાહ

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરના બારામૂલામાં એક મોટી રેલીને સંબોધિત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી શાહે કહ્યું કે પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારની વાત નહીં થાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકાર જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદનો સફાયો કરશે અને તેને દેશનું સૌથી શાંતિપૂર્ણ સ્થળ બનાવશે.

શાહે કહ્યું હતું કે, 1990ના દાયકાથી અત્યાર સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં 42,000 લોકોના જીવ લીધા છે. તેમણે જણાવ્યું કે જ્યારે અહીં (બારામૂલા)માં રેલીની વાત ચાલતી હતી ત્યારે કેટલાક લોકોએ શંકા ઉઠાવી કે અહીંની રેલીમાં કોણ આવશે પરંતુ હું આજે તેમને કહેવા માંગું છું કે આ કાર્યક્રમમાં કાશ્મીરની આ સુંદર ખીણમાં વિકાસની ગાથા સાંભળવા અને મોદીજીને સમર્થન આપવા માટે હજારો લોકો અહીં હાજર છે.

અમિત શાહે ખૂબ જ ગર્વ વ્યક્ત કરતા કહ્યું કે જે વિસ્તાર પહેલા આતંકી હૉટસ્પૉટ હતો, હવે ટૂરિઝમ હૉટસ્પૉટ છે. જમ્મુ-કાશ્મીરમાં વધતા જતા પર્યટનને કારણે અહીંના ઘણા યુવાનોને રોજગાર મળ્યો છે. "છેલ્લા 70 વર્ષથી, મુફ્તી એન્ડ કંપની, અબ્દુલ્લાના પુત્રો અહીં સત્તામાં હતા, પરંતુ તેમણે 1 લાખ બેઘર લોકોને આવાસ પૂરા પાડ્યા ન હતા. મોદીજીએ 2014-2022 વચ્ચે આ 1 લાખ લોકોને ઘર આપ્યા હતા.

અનુસંધાન પેજ 12 પરથી...

### લખી લો.. કોંગ્રેસની...

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો પાટલી બદલુ-પલટુબાબુ તરીકે બદનામ થઇ ગયા છે એ અંગે શું કહેવુ છે ..એવા એક સવાલના જવાબમાં હિંમતસિંહ પટેલે કહ્યું કે આ તો શરૂઆતથી જ થઈ રહ્યું છે, તેમાં કંઈ નવું નથી. ધારાસભ્યોને ખરીદવાની વાત આવે ત્યારે તેમને ED અને CBIનો ડર બતાવીને કરોડોમાં ખરીદવામાં આવે છે, પણ જનતાનો વિશ્વાસ કોઈ ખરીદી શકતું નથી. જનતા સર્વોપરિ છે.

### મુઝે તો અપનો...

ઉકેલ લાવ્યા હતા અને 4 ટ્યુબેલ સ્ટેશન પણ બનાવ્યા હતા. તેમણે જ ગટરની સમસ્યાના ઉકેલ માટે ઘણું કામ કર્યું હતું.

જગરૂપ સિંહે આરોપ લગાવ્યો હતો કે છેલ્લી ચૂંટણીમાં તેમની હારનું કારણ તેમની પાર્ટીના કેટલાક નેતાઓ હતા. છેલ્લી ચૂંટણીમાં કેટલાક બૂથ એવા હતા જ્યાં ભાજપને 80 થી 90 ટકા વોટ મળતા હતા, પરંતુ ભાજપના નેતાઓએ હિંમતસિંહ પટેલથી સેટીંગ કરીને વોટ કોંગ્રેસને અપાવ્યા હતા. જેના કારણે તેમનો પરાજય થયો હતો. ચૂંટણીમાં જો ભાજપા પાર્ટી ફરી તમને ટિકિટ આપશે તો ચૂંટણી લડશો ? તેવા સવાલના જવાબમાં જગરૂપસિંહે જણાવ્યું હતું કે તેમણે પહેલાથી જ પાર્ટીને કહી દીધુ છે કે હું ચૂંટણી નહીં લડું...પણ પાર્ટી માટે એક કાર્યકર્તા તરીકે સક્રિય રહીશ...

### મોદીના કાર્યક્રમમાં...

છેડતીન ગુનો દાખલ કરીને બે એફઆઈઆર દાખલ કરાઈ હતી. બીજા દિવસે તેમને જામીન મળી ગયા પણ આ પછી પોલીસે ફિંગર પ્રિન્ટ લેવી છે તેવું કહીને તેમને પોલીસ સ્ટેશન બોલાવ્યા હતા. આ સમયે એકાએક તેમની સામે પાસા કરીને જૂદી જૂદી જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

### ગુજરાત વિદ્યાપીઠના...

૨૪માંથી ૧૫થી વધુ એટલે કે બે તૃતિયાંશ સભ્યો આચાર્ય દેવવ્રતને કુલપતિ બનાવવા માટે સહમત હતા. ઉગ્ર વિરોધ અને દલીલો સાથે બેઠકમાં ઉગ્ર વાતાવરણ થઈ ગયુ હતુ અને લગભગ પાંચ કલાકથી વધુ સમય માટે ટ્રસ્ટી મંડળની બેઠક ચાલી હતી.

અંતે બહુમતિ સભ્યો સામે ગાંધીવાદી સભ્યોએ ઝુકવુ પડતા નવા કુલપતિ માટે આચાર્ય દેવવ્રતના નામની પસંદગીનો ઠરાવ કરી દેવામા આવ્યો હતો. મળતી માહિતી મુજબ હવે આચાર્ય દેવવ્રત કે જેઓ હાલ ગુજરાતના રાજ્યપાલ પણ છે તેઓ સમક્ષ મંડળ તરફથી પ્રસ્તાવ મુકવામા આવશે એટલે કે તેઓને કુલપતિ માટે આમંત્રણ મોકલાશે અને જેનો તેઓ દ્વારા સ્વીકાર કર્યા બાદ વિધિવત રીતે નવા કુલપતિની જાહેરાત કરવામા આવશે.

ટ્રસ્ટી મંડળ દ્વારા હાલ તો ઈલાબહેન ભટ્ટનું રાજીનામુ સ્વીકારી લેવાયુ છે પરંતુ ૧૮મી ઓક્ટોબરે ગૂજરાત વિદ્યાપીઠનો પદવીદાન સમારોહ હોવાથી ૧૮મી સુધી તેઓ કુલપતિ રહેશે અને ૧૯ ઓક્ટોબરથી અમલ થશે.

### દહેગામ તાલુકાનું...

ભવાનીની સાથે મહાકાળી માતનું પણ મંદિર આવેલું છે. એવા પ્રાચીન ગામમાં આ વખતે બંન્ને મંદિરોમાં કોઈ પાર્ટી પ્લોટને ટક્કર મારે એ રીતે ગરબાનું આયોજન થયું હતું. જેમાં ગામના યુવાનો સહિત સમગ્ર તાલુકામાંથી મોટી સંખ્યામાં જન-જન મન-મન મુકીને રમવા આવ્યા અને જોવા આવ્યા હતા.

ગામના આગેવાન તુરજા ભવાની મંદિરના પ્રમુખ વિનુભાઈ ચૌધરીના જણાવ્યા પ્રમાણે દર વર્ષે પાટનાકુવામાં ધામધુમ પૂર્વક નવરાત્રી મહોત્સવ ઉજવાય છે, દશેરાના દિવસે ભવ્ય હવન કરવામાં આવશે સાથે આસપાસના પાંચ ગામના બ્રાહ્મણોને જમાડવામાં આવે છે.

આમ તો નવલી નવરાત્રીમાં નવે નવ દિવસ રમઝટ જામતી હોય છે, પરંતુ પાટનાકુવા ગામમાં નવરાત્રીના છેલ્લા દિવસે અતિ ઉત્સાહ રંગેચંગે રમવાની સાથે દશેરાએ પણ નવરાત્રીની જેમ જ ચાચર ચોકમાં ગરબાની રમઝટ જોવા મળે છે. દશેરાની દિવસે મંદિરમાં હવનની સાથે માતાજીના ગરબા વળાવવામાં આવે છે.

## પ્રોટોકોલ તોડીને હજારોની ભીડમાં રઘુનાથના રથ સુધી પહોંચ્યાં PM

ગુજરાત | વંદન

હિમાલયના કૂલ્લામાં દર વર્ષે આયોજિત થતા દશેરા મહોત્સવનું અનોખું મહત્વ છે. દેશના પ્રધાનમંત્રી કુલ્લૂ દશેરા મહોત્સવમાં પહેલી વાર સામેલ થયા છે. પીએમ મોદીએ બુધવારે હિમાચલ પ્રદેશના કુલ્લુમાં આયોજિત વિશ્વ પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય દશેરા મહોત્સવમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કુલ્લુ પહોંચેલા વડાપ્રધાન મોદીનું ત્યાં હાજર



લોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદી પ્રોટોકોલ તોડીને હજારોની ભીડ ચીરીને રઘુનાથના રથ સુધી પહોંચ્યાં હતા અને તેમના આશીર્વાદ લીધા હતા.

પીએમ મોદીએ ભગવાન રઘુનાથને પ્રણામ કર્યા અને આશીર્વાદ લીધા. હતા. પીએમ મોદી રઘુનાથે સ્ટેજથી 10 મિનિટ દૂર સાત મિનિટ સુધી હાથ જોડીને રથયાત્રા નિહાળી હતી. ભગવાન રઘુનાથ વતી મોદીને બગ્ગા, દુપટ્ટા, માળા અને પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. રથ મેદાનમાં સેંકડો દેવતાઓ અને હજારો લોકોની ભીડ વચ્ચે પીએમ મોદી મોદી 51 મિનિટ સુધી રોકાયા હતા.

### કુલ્લુ દશેરાનો ઇતિહાસ 372 વર્ષ જૂનો

કુલ્લુ દશેરા મહોત્સવનો ઈતિહાસ 372 વર્ષ જૂનો છે. આ ઐતિહાસિક ઉત્સવનું આયોજન 1660માં પ્રથમ વખત કરવામાં આવ્યું હતું. તે સમયે કુલ્લુ રજવાડાની રાજધાની નાગ્ગર હતી અને જગત સિંહ ત્યાંના રાજા હતા જેમણે વર્ષ 1637થી 1662 ઈ.સ. કહેવાય છે કે પોતાના શાસનકાળ દરમિયાન મણિકરણ ખીણના ટિપરી ગામના રહેવાસી ગરીબ બ્રાહ્મણ દુર્ગાદત્ત રાજાએ કોઈ ગેરસમજને કારણે આત્મદાહ કરી લીધો હતો. આ માટે રાજા જગતસિંહને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. આ ખામીને કારણે રાજાને અસાધ્ય રોગ પણ થયો હતો.

અસાધ્ય રોગથી પીડાતા રાજા જગત સિંહને એક પયોહારી બાબા કિશન દાસે સલાહ આપી હતી કે તેઓ અયોધ્યામાં ત્રેતાનાથ મંદિરથી ભગવાન રામચંદ્ર, માતા સીતા અને હનુમાનની મૂર્તિ લાવે. કુલ્લુના મંદિરમાં આ મૂર્તિઓની સ્થાપના કરી તેમનો રાજ-પાઠ ભગવાન રઘુનાથને સોંપવામાં આવે તો બ્રહ્મહત્યાની દોષમાંથી મુક્તિ મળશે. રાજાએ તેમની વાત માની અને બાબા કિશનદાસના શિષ્યને શ્રી રઘુનાથજીની પ્રતિમા લાવવા માટે અયોધ્યા મોકલ્યા. ઘણી મહેનત બાદ મૂર્તિ કુલ્લુ પહોંચી.

કુલ્લુમાં રઘુનાથની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી અને તેમના આગમન પર રાજા જગતસિંહે તમામ દેવી-દેવતાઓને અહીં આમંત્રિત કર્યા હતા. રાજાએ પોતાનું શાહી લખાણ પણ ઈશ્વરને અર્પણ કર્યું અને પોતે તેનો મુખ્ય સેવક બન્યો. આ પરંપરા હજુ પણ ચાલી રહી છે જેમાં રાજપરિવારના સભ્ય રઘુનાથ જીની છડીબરદાર હોય છે.

લાકડાથી બનેલા આકર્ષક અને ફૂલોથી શણગારેલા રથમાં જાડા જાડા દોરડાથી રઘુનાથની પવિત્ર સવારીને ખેંચીને દશેરાની શરૂઆત થાય છે. રાજવી પરિવારના સભ્યો લાકડીઓ લઈને શાહી વેશભૂષામાં હાજર હોય છે. કુલ્લુના દેવી-દેવતાઓ આસપાસ શોભાયમાન રહે છે.

## હાઈવે નંબર 666 છે દુનિયાનો સૌથી ભૂતિયા હાઈવે, ચાલુ કાર પણ ગાયબ થઈ જાય છે

ગુજરાત | વંદન

તમે અત્યાર સુધી અનેક હોન્ટેડ સ્થળો વિશે તમે અનેક કહાનીઓ સાંભળી હશે. પરંતુ તમને અમેરિકાના હાઈવે નંબર 666 વિશે નહિ ખબર હોય. આ દુનિયાનો સૌથી ડરાવનો હાઈવે છે, અહીં ગાડીની એન્ટ્રી થતા જ મુસાફરો સાથે એવી ઘટનાઓ બને છે તેઓ ગભરાઈને બહાર નીકળે છે. આ હાઈવેનો ઈતિહાસ જુનો છે. આ હાઈવે ડેવિલ્સ રોડ કે ધ ડેવિલ્સ હાઈવેના નામથી ઓળખવામાં આવે છે.

**બદલવામાં આવ્યું હાઈવેનું નામ :** અમેરિકાનો હાઈવે 666 નું નામ મે, 2013 માં બદલીને 491 રાખવામા આવ્યુ હતું. હકીકતમાં આ હાઈવેને નંબર વર્ષ 1926 માં આપવામાં આવ્યુ હતું. આ હાઈવે બન્યા બાદથી તેના પર અનેક એક્સિડન્ટ્સ થતા રહે છે અને ચાલુ બાઈક, કાર અને વાહનો ગાયબ થઈ જાય છે.

આ કારણે બદલવુ પડ્યુ નામ

ધ ડેવિલ્સ હાઈવે પર સતત થઈ રહેલા એક્સિડન્ટના પગલે લોકોએ આ હાઈવેનો નંબર બદલવાની માંગ કરી હતી. કારણ કે, તેમનુ માનવુ છે કે આ તમામ ઘટનાઓ પાછળ હાઈવેનો અશુભ નંબર કારણભૂત છે. તેથી હાઈવેનું નામ બદલવામાં આવ્યું છે. જેના બાદ અહી થતા અકસ્માતોમાં ઘટાડો થયો હતો.



# અદાણી ગ્રુપ આગામી 10 વર્ષમાં 100 બિલિયન ડોલરનું રોકાણ ન્યુ એનર્જી બિઝનેસમાં કરશે



ગુજરાત | વંદન

અદાણી ગ્રુપ દ્વારા ન્યુ એનર્જી બિઝનેસ ક્ષેત્રે ઝડપી પ્રગતિ સાધવા માટે વિશિષ્ટ પ્રકારનું આયોજન કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ ન્યુ એનર્જી બિઝનેસ ક્ષેત્રે અદાણી ગ્રુપ 100 બિલિયન ડોલરનું રોકાણ કરનાર છે. આમાંથી 70 ટકા જેટલું રોકાણ એનર્જી ટ્રાન્ઝીસ્ટેશન સ્પેસ માટે ફાળવવામાં આવશે. આ માહિતી ગૌતમભાઈ અદાણીએ ફોર્બસ ગ્લોબલ સીઈઓની કોન્ફરન્સમાં દર્શાવી હતી.

આ ગ્રુપ 20 જીડબલ્યુ (ગીગા વોટ) રીન્યુએબલ એનર્જીનો પોર્ટફોલીયો આગળ ધરનાર છે. 70 બિલિયન ડોલરની મુડી રોકાણથી 45 જીડબલ્યુ હાઈબ્રીડ પાવર જનરેશન માટે ફાળવશે. એક લાખ હેક્ટર જમીનમાં વધારાની જીડબલ્યુ એનર્જીની સુવિધા ઉભી કરાશે. તેમને આ કોન્ફરન્સમાં કીનોટ સ્પીકર તરીકે સંબોધન કરતાં દર્શાવ્યું હતું કે એનર્જી ટ્રાન્ઝીસ્ટન સેક્ટરને અગ્રીમતા આપવાની સવિશેષ જરુરીયાત ઉર્જાના અન્ય સાધનો જેવાં કે પેટ્રોલ, ડિઝલ, કોલસાના ભાવો અસામાન્ય પરિસ્થિતિએ પહોંચ્યાં છે અને તેની પ્રાપ્તિ પણ દુષ્કર બની છે. આ સંજોગોમાં આ એક સારો વિકલ્પ છે. આ ઉપરાંત કંપની ત્રણ ગ્રીન હાઈડ્રોજન કોમર્શિયલ કનેક્શન સ્થાપશે. અદાણી ગ્રુપ દ્વારા 10 જીડબલ્યુ સિલિકોન બેઈઝડ ફોટો વોલેટીક વેલ્યુની સ્થાપના માટે કામગીરી બજાવી રહી છે. આ ઉપરાંત 10 જીડબલ્યુ એનર્જી ઈન્ટીગ્રેટેડ વિન્ડ ટર્બાઈન પણ ઉત્પાદન કરાશે અને 5 જીડબલ્યુ હાઈડ્રો ઈલેક્ટ્રોલાઈસર ફેક્ટરી પણ સ્થાપવામાં આવશે. આ ગ્રુપ ગ્રીન હાઈડ્રોજન પ્રોડ્યુસર તરીકે ખુબ મહત્તવકાંક્ષી યોજનાઓ કરવાનો ઈરાદો ધરાવે છે.

આ કો(માં મુકેશ અંબાણી દર્શાવ્યું હતું કે 10 બિલિયનનું રોકાણ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જીના ક્ષેત્રે ભારતમાં કરવામાં આવનાર છે. આ મુડી રોકાણ 2030 વર્ષ સુધીમાં પરિપૂર્ણ કરાશે.

## બજારોનાં અંતરંગ

### JSW સિમેન્ટ 4 હજાર કરોડના ખર્ચે ઉત્પાદન ક્ષમતા વધારશે

સજ્જન જિંદાલ ગ્રુપની જેએસડબલ્યુ સિમેન્ટ કંપનીએ તેના ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણ માટે મહત્વપુર્ણ યોજના હાથ ધરી છે. મળતી માહિતી મુજબ નાણાંકીય વર્ષ 2025 સુધીમાં કંપની 25 મીલીયન ટનની સિમેન્ટની ઉત્પાદનક્ષમતા હાંસલ કરશે. હાલ કંપનીની વાર્ષ્ક ક્ષમતા 17 મિલિયન ટનની છે. કંપની કર્ણાટકમાં વિજયનગર, આંધ્રપ્રદેશમાં નાંદિયન અને પશ્ચિમ બંગાળમાં સામબોની તેમજ મહારાષ્ટ્રમાં ડોલોવી ખાતે સિમેન્ટ પ્લાન્ટો ધરાવે છે. કંપની તેની ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણ માટે 400 કરોડનો કેપિટલ ખર્ચ કરનાર છે. આ માટેના નાણાંકીય સાધનો પૈકી સસ્ટેનેબીલીટી લીંક લોન એલયુએફજી બેંક પાસેથી પ્રાપ્ત કરવાની દરખાસ્ત રજુ કરી છે. તેને બેંક દ્વારા સ્વીકારવામા આવી છે.

### રૂપિયો સૌથી નીચી સપાટીએ સરકતાં ઈન્વેસ્ટમેન્ટરો ચાંદી તરફ વળ્યાં

વૈશ્વિક હુંડીયામણ બજારમાં ડોલરના વિનિમય સામે ભારતીય ચલણ રૂપિયો સતત ઘસાતો જાય છે. તેની પ્રત્યાઘાતી અસરે પ્રેસિયસ મેટલ (કિંમતી ધાતુ) ના ભાવો ઉપર પણ તેની અસર પડી છે. દેશના બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવોમાં તેજીનો વક્કર શરુ થયો છે. આ માટેનું કારણ સોનું ને ચાંદી મુડી રોકાણ માટે ઈક્વીટી શેરોની તુલનામાં વધુ સલામત અને સદ્ધર ગણાય છે. જો કે કેટલાંક ઈન્વેસ્ટરો દ્વારા ઈક્વીટી શેરો વેચીને તેનું રોકાણ બોન્ડ માર્કેટમાં કરતાં હોય છે. સોનાના ભાવો વૈશ્વિક બજારમાં નરમાઈ તરફી વલણ દર્શાવી રહ્યા છે. આથી તેના સારા વિકલ્પ તરીકે ચાંદીમાં રોકાણ કરવા લોકો આકર્ષાયા છે. વૈશ્વિક બજારમાં ચાંદીના ભાવ 19 ડોલરની સપાટીએ સ્પર્શી જવા પામ્યો છે અને તેનો ભાવ સતત વધતો રહ્યો છે. દેશમાં આંતરિક બજારોમાં ચાંદીનો ભાવ 55000ની સપાટીએથી વધીને 58000ની સપાટી વટાવીને આગળ ધપી રહ્યો છે.

### સી.એસ.રાજન નોન એક્ઝીક્યુટીવ ચેરમેન તરીકે નિમાયા

કેન્દ્ર સરકારે આઈએલ એન્ડ એફના બોર્ડ ઓફ ડાયરેક્ટર પુનઃગઠન કર્યું છે. પ્રવર્તમાન બોર્ડમાં સી.એસ. રાજન નો નોન એક્ઝીક્યુટીવ ચેરમેન કામગીરી બજાવશે. જ્યારે નંદકિશોર કે જે એક્ઝીક્યુટીવ તરીકે કામગીરી બજાવતા હતાં તેમની મેનેજીંગ ડીરેક્ટર તરીકે નિમણૂંક કરાઈ છે. કેન્દ્ર સરકારની કોર્પોરેટ એફર્ટસ મિનિસ્ટ્રીએ આઈએલ એન્ડ એફની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ઓક્ટોબર 2018 માં સુપરસીડ કર્યું હતું. હવે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ પુનઃ રચના પછી તેના મેમ્બર તરીકે પાંચ વ્યક્તિઓ રાખવામાં આવી છે. સી.એસ. રાજન, નદંકિશોર ડાયરેક્ટર્સ તરીકે નિમવામાં આવ્યા છે. આ ઉપરાંત જી.સી.ચતુર્વેદી સુશ્રી માલિની શંકર અને એન.શ્રીનિવાસ બોર્ડના મેમ્બર તરીકે નિમણૂંક પામ્યા છે.

### શાહ સોદાગરના સોદાના ખેલ, શેર બજાર માટે અઢળક કમાણીનો ખેલો:

વૈશ્વિક પરિબળો, રાજકીય પરિસ્થિતિ, આંતરરાષ્ટ્રિય હુંડીયામણ બજારની ચહલ પહલ અને શાહ સોદાગરોના સોદાથી ધમધમતાં શેર બજારોમાં ગજબનો સમય સંજોગો ઉભો થયો છે. કયા ભાવે શેરો ખરીદવા અને કયા ભાવે શેરો વેચીને નફો બુક કરવો તે બાબત શાહ સોદાગરની આગવી સૂઝ ઉપર આધારિત છે. હકીકતમાં શેર બજાર વિવિધ પ્રત્યાઘાતી પરિબળોની અસરે અફડાતફડી વધઘટના સંજોગોમાં સપડાયેલું છે. સમયના વહેણને સમજવા આગવી સૂઝ-કુનેહ અને મોટા સોદાનું જોકમ એ નાના રીટેઈલ ઈન્વેસ્ટરો માટે ગજા બહારની બાબત છે. સેન્સેક્સ અને નિફ્ટીની અફડા તફડી, ઉથલપાથલ, કઈક સોદાગરો માટે ફાયદાકારક અને કંઈક તવંગરમાંથી ગરીબ બની જાય તેવા સંજોગો તરફ શેર બજાર ધસી રહ્યું છે.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઈક્વીટી શેરોમાં મંદી અટકી

# રિલાયન્સ પુનઃ સુધારાની શક્યતાએ ભાવ ₹2600 ની સપાટી તરફ ધપ્યો

ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ઈક્વીટી શેરો બીએસઈ (બોમ્બે સ્ટોક એક્સચેન્જ) ના સેન્સેક્સમાં તેના 2855 નો ભાવ જે 29 એપ્રિલનાં રોજ હતો તે કેટલાક પ્રતિકુળ પરિસ્થિતિએ નીચી સપાટીએ સરકી જવા પામ્યો હતો. આ ભાવમાં હવે પુનઃ નવેસરથી લેવાલી શરુ થતાં ભાવ 2600 ની સપાટીથી આગળ વધી રહ્યો છે. આ શેરના માર્કેટ કેપીટલઝાઈએશન 16 લાખ કરોડની સપાટીએ પહોંચ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે 12 મી મે 2022ના રોજ રિલાયન્સના શેરનો ભાવ 2370 ની નીચી સપાટીએ સ્પર્શી જવા પામ્યો હતો. આ પરિસ્થિતિ માટે શેર બજારના આંતર પ્રવાહો અને મંદી ગ્રુપના હેમરીંગના પરિબળો કારણભુત પુરવાર થયા છે. તાજેતરમાં કંપનીએ ટેલિકોમ સર્કલમાં 5જી સ્પેક્ટમ શરુ કરતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ જીઓ દ્વારા સાનુકૂળ સંજોગોનું સર્જન થયું છે.

શેર બજારમાં અફડાતફડી વધઘટના સંજોગો સપ્ટેમ્બર 2022 ના જોવાયા હતાં. સવિશેષ કરીને ફાસ્ટ મુવિંગ કન્ઝુયમર ગુડ્સ શ્રેણીના શેરોના ભાવોમાં નરમાઈ તરફી વલણ હતું. હકીકતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બીજી સબસીડરી કંપની રીલાયન્સ રીટેઈલે ઉત્સવોની મોસમમાં વધુ વેચાણ હાંસલ કરવા માટે પ્રચાર ઝુંબેશ અને મોટા ડિસ્કાઉન્ટો જાહેર કરીને ગ્રાહકોને આકર્ષવા માટે સઘન પ્રયાસ હાથ ધર્યા છે. આ સંજોગોમાં લોકોની ખરીદ શક્તિમાં સુધારો થવાની શક્યતા કર્મચારીઓ અને બોનસની લ્હાણી થશે તે વખતે ખરીદી નીકળશે તે સ્વાભાવિક છે. આની અસરે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને ફાયદો થશે અને ઘટાડાનો દોર અલ્પજીવી પુરવાર થશે. હકીકતમાં સેર બજારના ઈક્વીટી શેરોનું વલણ ખુબ ચંચળતાપુર્વક છે. મોટી વધઘટ અને ઝડપી ઘટાડાનો દોરની બાબત આ સંજોગોમાં રીટેઈલ ઈન્વેસ્ટરો માટે ઈક્વીટી મોટા પ્રમાણમાં સોદા કરવાતી અલિપ્ત રહેવાની પરિસ્થિતિ સર્જી છે. શેર બજારમાં કરેક્શન આવવાની શક્યતા સામન્ય બની છે. આ સંજોગોમાં મોટા ટ્રેડર્સો ખુબ સાવેચેતીર ભરી રીતરસમ અપનાવીને શેર બજારમાં મહત્વપુર્ણ સોદા કરી અને નફો તારવી લે છે.

# ટાટા ડિજિટલ ઓથોરાઈઝડ કેપિટલ ₹20000 કરોડની રકમ ઉભી કરશે

ગુજરાત | વંદન

ટાટા ગ્રુપની ફ્લેગશીપ કંપની ટાટા ડિજિટલ દ્વારા તેની ઓથોરાઈઝડ કેપિટલ (સત્તાવાર શેરમુડી) 150000 કરોડથી વધારીને 20000 કરોડ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. ટાટા ગ્રુપની ટાટા સન્સ નામની પેરેન્ટલ કંપનીએ આ માટે વિસ્તૃત કરાયેલી શેર મુડીમાં રોકાણ કર્યું છે. હવે ટાટા ડિજિટલ તેની સબસીડરી કંપની બિગ બાસ્કેટમાં 200 મિલિયન ડોલરનું નવું ઈન્વેસ્ટમેન્ટ કરનાર છે. જેના પરિણામે બિગ બાસ્કેટ વેલ્યુએશન વૃદ્ધિ પામીને 35 મિલિયન ડોલરની સપાટીએ પહોંચશે. મહેન્દ્ર લોજીસ્ટીક દ્વારા તાજેતરમાં રેવીગો B2B એક્સપ્રેસ 225 કરોડમાં ખરીદી કરી છે. બીગ બાસ્કેટની હોલ્ડીંગ કંપની સુપર માર્કેટ ગ્રોસરીના ધંધામાં ટાટા ગ્રુપ 62 ટકાનું શેર હોલ્ડીંગ ધરાવે છે. આ કંપની તાજેતરમાં રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ સમક્ષ તેની શેર મુડી વિસ્તૃત કરવાનાં દસ્તાવેજો ફાઈલ કર્યા છે.

ટાટા ગ્રુપ દ્વારા બિગ બાસ્કેટ ખરીદ કરાઈ છે. તેનુ વેલ્યુએશન 2 મિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું છે. સપ્ટે. 2022 માં બિગ બાસ્કેટનું વેલ્યેશન 3.5 મિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું છે. આ કંપનીએ નાણાંકીય વર્ષ 2022માં 8503 કરોડની આવક પ્રાપ્ત કરી છે. કંપનીએ રૂ. 1040.6 કરોડની ખોટ દર્શાવી હતી. આ કંપની માર્ચ 2023 સુધીમાં પુરા થનાર 1.5 મિલિયન ડોલરનું સેલ્સ પ્રાપ્ત કરવાની યોજના ધરાવે છે.

# હિંદુસ્તાન કોપરની પ્રોત્સાહક કામગીરીઃ નેટ નફામાં 338 ટકાની ઝડપી વૃદ્ધિઃ ₹30.01 ડિવિડન્ડ જાહેર કર્યું

ગુજરાત | વંદન

હિંદુસ્તાન કોપર લીમીટેડે નાણઆંકીય વર્ષ 2022-23 માં સારી કામગીરી બજાવી છે. અભુતપર્વ વૃદ્ધિ નેટ નફામાં હાંસલ કરી છે. કંપનીનો નફો 338 ટકાથી વધીને 373.78 કરોડની નવી સપાટીએ પહોંચ્યો છે. આગલા વર્ષે નેટ નફો 109.98 કરોડ હતો. સારા પરિણામને અનુલક્ષીને કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરે 30.01 ટકાનું ઈક્વીટી ડીવીડનડ જાહેર કર્યું છે. કંપનીની વાર્ષિક સામાન્ય સભાને સંબોધતાં ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી અરુણકુમાર શુક્લાએ દર્શાવ્યું હતું કે કંપની ડાયરેક્ટ સેલથી અને એસએસએલએમઆઈ (લંડન મેટલ એક્સચેન્જ) ખાતેના ઉંચાં ભાવોથી પ્રાપ્ત કરી શકી છે.

વર્ષ દરમ્યાન કોપરના ભાવોમાં ઝડપી વધઘટ રહેવા પામી હતી. માંગ અને પુરવઠા વચ્ચે અસંલુતા રહેવાથી 2021માં કોપરનાં ભાવમાં અણધારી તેજી વર્તાઈ હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ખાસ કરીને લંડન મેટલ એક્સચેન્જ 2022 માં કોપરનો ભાવ 10.730 ડોલરની સપાટીએ પહોંચ્યો હતો. કોપરના પુરવઠાની ખેંચની પરિસ્થિતી વચ્ચે તેના ભાવો સારી માંગને કારણે વધવાની પુરી શક્યતા છે. કંપનીની માલનજ ફંડ ખાતેની કોપર માઈન્સમાં ઉત્પાદન વધીરહ્યું છે. કંપનીએ 724 કરોડની લોનની પરત ચુકવણી કરી છે અને રેટીંગ એજન્સી - ઈકરાએ કંપનીને ઈકરા-એ-13નું રેટીંગ આપ્યું છે.

# અનિલ અંબાણીની BSES ઈલેક્ટ્રીક સપ્લાય કંપનીને કામગીરી ચાલુ રાખવા સુપ્રિમ દ્વારા રાહત

ગુજરાત | વંદન

સુપ્રિમ કોર્ટ દ્વારા અનિલ અંબાણીની બી.એસ.ઈ.એસ. ઈલેક્ટ્રીક સપ્લાય કંપનીને ડિસ્ટ્રીબ્યુશન કંપનીને વિજળી પુરવઠો પાડવાની બાબતમાં રાહત પ્રાપ્ત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્દ્રપ્રસ્થ પાવર જનરેશન કંપની અને પ્રગતિ પાવર કોર્પરેશન નીમની આ બંને કંપનીઓએ ઈલેક્ટ્રીક પુરવઠો બી.એસ.ઈ.એસ.ને પુરો પાડ્યો હતો. પરંતુ સંજોગો વિપરિત બનતાં કંપની તેનાં બીલની રકમ ચુકવી શકી ન હતી. આથી આ બે કંપનીઓએ સુપ્રિમ કોર્ટમાં અનીલ અંબાણીની બી.એસ.ઈ.એસ. સામે નોટીસ ઈસ્યુ કરી હતી. અંબાણીની બી.એસ.ઈ.એસ. રાજધાની અને બી.એસ.ઈ.એસ. યમુના પાસેથી 21268.78 કરોડની માતબર રકમ કે જે 2014 થી ચુકવાઈ નથી તે સુપ્રિમ કોર્ટના ઓર્ડર મુજબ તેની હવે ચુકવણીની મુદ્દત વધારીને 13 નવે. 2022 કરવામાં આવી છે. આમ, અનિલ અંબાણીને ટુંકા સમયના ગાળા માટે થોડી રાહત પ્રાપ્ત થઈ છે.

# ડોલરની તુલનામાં ભારતીય રૂપિયાનું ચલણ સતત નીચી સપાટીએ સરકી ગયું

## 1 ડોલરનું મૂલ્ય રૂ. 82ની સપાટીએ પહોંચ્યું

ગુજરાત | વંદન

અમેરીકન ફંડ દ્વારા યુએસમાં ફુગાવાના પરિબળને નાથવા માટે અવારનવાર ચાલુ વર્ષમાં વ્યાજના દર વધારવાનું વલણ જે અપનાવ્યું છે તેની ભારતીય અર્થતંત્ર અને રાજકોશીય પરિસ્થિતિ ઉપર ઘેરી ચિંતા ઉપજાવે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ સંજોગોમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સપ્ટેબર માસમાં 75 બેઝીસ પોઈન્ટનો વધારો કર્યા પછી 50 બેઝીસ પોઈન્ટનો નવો વધારો સપ્ટે.ના અંત પૂર્વે કર્યો છે. મળતા નિર્દેશ મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ની મોનીટરી પોલીસી કમિટીની મીટીંગ ચાલી રહી હતી અને તેમાં પરિસ્થિતિની સમિક્ષા કર્યા પછી ગંભીર નિર્ણય લેવા માટેની વિચારણા થઈ હતી. એવું જણાય છે કે 30 સપ્ટેમ્બર 2022 સુધીમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પુનઃ 50 બેઝીસ પોઈન્ટ નો વધારો કરવાને તાબે થશે. કરન્સી અને બોન્ડ માર્કેટમાં વધુ ચંચળતાની પરિસ્થિતિ પ્રવૃત્તિ હોવાથી રેપો રેટમાં વધારો કરવાની બાબત એક માત્ર વિકલ્પ રહ્યો છે. રૂપિયાનું ચલણ સતત ઘસાતું નીચે ઉતરી રહ્યું છે. તેના કારણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા 28 સપ્ટેમ્બર સુધીમાં 100 બિલિયન ડોલરના રીઝર્વ ઉપયોગ રૂપિયાને વધુ ગગડતો અટકાવવા કર્યો છે. છતાં રુપિયાનું ચલણ નીચે સતત ઘટી રહ્યું છે. અને તાજેતરમાં 1 ડોલરનું સાપેક્ષ મુલ્ય રૂપિયાની કરન્સીમાં રૂ. 82 ની સપાટીએ પહોંચ્યું છે રેપોરેટમાં વધારો કરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા માઈક્રો સ્ટેબીલીટીની બાબત ઉપર વધુ ધ્યાન આપવા સુસજ્જથી રહી છે. દેશના આર્થિક વિકાસને વધુ માઠી અસર ન પહોંચે તે માટે પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વૈશ્વિક હુંડીયામણ બજારમાં ચિંતાજનક સંજોગો ઉત્પન્ન થયા છે. ફુગાવાની પરિસ્થિતિને નાથવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ખુબ સઘન પગલાં ભરશે તેવું નિરિક્ષકોનું માનવું છે.

# રિલાયન્સ રીટેઈલ દ્વારા બેંગ્લુરુમાં વિશિષ્ટ પ્રકારનાં સ્ટોર્સ શરૂ કરાયાઃ એઝોર્ટ પ્રિમિયમનો સ્ટોર શરૂ કરીને ઈતિહાસ સ્થાપ્યો

ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સબસીડરી કંપની રિલાયન્સ રીટેઈલ બેંગ્લુરુમાં તાજેતરમાં ફેશન અને લાઈફ સ્ટાઈલ સ્ટોર એઝોર્ટ નામથી શરુ કરાયો છે. કંપની દેશમાં 40 જેટલાં શ્રેણીનાં રીટેઈલ સ્ટોર્સ 12 શહેરોમાં શરુ કરનાર છે. આ નવી શ્રેણીનાં 40 સ્ટોર્સ આગામી 9 મહિનામાં શરુ કરાશે તેમ કંપનીના સીઈઓ અખિલેશપ્રસાદે જણાવ્યું હતું. સમગ્ર વર્ષમાં 25 જેટલા નવી શ્રેણીના સ્ટોર શરુ કરાશે. આ સ્ટોર્સમાં વેચવામાં આવનાર આઈટમો અન્ય ગ્લોબલ બ્રાન્ડોની તુલનામાં ઘણી સસ્તી હશે. ઉત્સવોની મોસમમાં નવી શ્રેણીનો સ્ટોર ગ્રાહકોને આકર્ષી શકશે. આ ઉપરાંત ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર્સ ગુડ્સની આઈટમો પણ આ સ્ટોરમાં ઉપલબ્ધ થશે. આ સ્ટોર્સમાં 70 કા જેટલી આઈટમો રીલાયન્સ ગ્રુપની હશે જ્યારે 30 ટકા જેટલી આઈટમો અન્ય કંપનીઓની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રિલાયન્સ રીટેઈલ દ્વારા તાજેતરમાં નવી દિલ્હીનાં વસંતકુજ વિસ્તારમાં રિલાયન્સ સેન્ટ્રો શ્રેણીનો સ્ટોર શરુ કરાયો છે. બેંગ્લુરુ ખાતે એમ.જી.રોડ 1 એમ.જી. લીડોમાં 1800 ચો.ફુટ વિસ્તારમાં આ નવો સ્ટોર શરુ કરાયો છે. ભવિષ્યમાં તેનું વિસ્તરણ કરીને 20000 ચો.ફુટનો વિસ્તાર સ્ટોર માટે ઉપલબ્ધ કરાશે. બીજો સ્ટોર હૈદરાબાદમાં ચાલુ થશે. આ સ્ટોરમાં 100 જેટલા કર્મચારીઓને રોજગારીનું પીઠબળ સાંપડશે અને આગામી 9માસમાં રોજગારીની સંખ્યા 40000 સુધી પહોંચશે.

# ગોદરેજ પ્રોપર્ટીઝ દ્વારા બેંગ્લુરુમાં 7 એકર જમીન ખરીદાઈઃ રહેઠાણ માટેના અદ્યતન પ્રકારનાં આવાસો બાંધીને 750 કરોડની આવક મેળવાશે

ગુજરાત | વંદન

ગોદરેજ ગ્રુપની રીયલ એસ્ટેટ ક્ષેત્રની કંપની સતત પ્રગતિ કરી રહી છે. ગોદરેજ પ્રોપર્ટીઝ નામની આ કંપની તાજેતરમાં પ્રિમિયમ હાઉસીંગ પ્રોજેક્ટ માટે 7 એકર જમીન ખરીદી હોવાના સમાચાર સાંપડે છે. જો કે કેટલી કિંમતમાં આ જમીન ખરીદાઈ તેની વિગત દર્શાવી રહ્યા નથી. મળતી માહિતી મુજબ બેંગ્લુરુમાં ઈન્દિરાનગરની નજીકમાં આ જમીન સંપાદન કરાઈ છે. આ સંપાદિત જમીનનો 0.6 મિલિયન સ્કે.ફુટનો વિસ્તાર પ્રિમિયમ રેસિડેન્સિયલ પ્રોજેક્ટ માટે ઉપયોગમં લેવાશે. કંપની વિવિધ શ્રેણીનાં રેસિડેન્સિયલ એપાર્ટમેન્ટ પણ બાંધનાર છે. બેંગ્લુરુમાં સંપાદન કરાયેલ જમીન ઉપર ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ હાથ ધરીને તેને એસ્ટેટ માર્કેટ માટે વિકસાવવામાં આવશે. બેંગ્લુરુમાં સારી કક્ષાના ઉચ્ચ કક્ષાના રહેઠાણો માટેના આવાસોની માંગ સતત વધતી રહી છે. હકીકતમાં ઈન્દિરાનગરનો વિસ્તાર ખુબ અગ્યતનો માઈક્રો માર્કેટ છે. આ જમીનના સંપાદનથી ગોદરેજ ગ્રુપનું બેંગ્લેરુમાં અસ્તિત્વ મહત્વપુર્ણ પુરવાર થશે. આ જમીન ઉપર બાંધનારા આવાસોનું બુકીંગને સારો પ્રતિસાદ સાંપડશે તેવી ગણતરી ગણતાં કંપની 750 કરોડની માતબર રકમ પ્રાપ્ત કરશે. તેવી આશા કંપનિના ચેરમેન શ્રી પિરોજ શાહ ગોદરેજ દ્વાર દર્શાવાઈ હતી. કંપનીની ગ્રોસ ડેવલપમેન્ટ વેલ્યુ રૂ. 15000 કરોડની ચાલુ વર્ષમાં પ્રાપ્ત થશે.

એક માહીતી મુજબ કંપની પાસે 4000 કરોડની રોકડ અનામતો ઉપલબ્ધ છે. જેનાથી બિઝનેસમાં ઉપયોગ કરવામાં આવશે. કંપની દિલ્હી, એનરઆરસી, મુંબઈ મેટ્રોપોલિટન રીજીયન, પુને, અને બેગ્લુરુમાં રેસિડેન્યસીયલ પ્રોજેક્ટો સ્થાપવાની યોજના હાથ ધરી રહી છે. શ્રી ગોદરેજે એવી જાહેરાત કરી છે કે કંપની આગામી 12 મહિનામાં 75000 કરૈડનુ રોકાણ તેના પોર્ટફોલીયો મારફતે કરશે. કંપનીને 2021-22 ના વર્ષમાં 7861 કરોડની રકમ સેલ્સ બુકીંગથી પ્રાપ્ત થઈ છે અને તેનું લક્ષ્યાંક 2023 ના વર્ષમાં 10000 કરોડનું છે.

## પ્રેરણા | સરકાર દ્વારા ગ્રામિણ બેંકોના નિયમોમાં છુટછાટ આપતા સુધારા તૈયાર કરાયા

# ગ્રામિણ બેંકોને શેર મૂડીનું શેર બજારમાં લિસ્ટીંગ કરવા પરવાનગી અપાશે

ગુજરાત | વંદન

ભારતના બેંકીંગ ક્ષેત્રે આધુનિકતા અને પરિવર્તનની પ્રક્રિયા શરુ થઈ છે. શહેરી બેંકોની તુલનામાં ગ્રામિણ બેંકોનો દોર ધીમો રહ્યોહતો. તે માટેનું કારણ તેની પાસે નાણાંકીય પીઠબળનો અભાવ કારણભૂત હતો. પરંતુ સરકાર અને સેબીએ મહત્વપુર્ણ વ્યુહાત્મક નિર્ણય કરવાનો અહેવાલ સાંપડે છે. માહિતી મુજબ ગ્રામિણ બેંકો મુળીકીય સાધનો સંપન્ન કરવા માટે તેમની સત્તાવાર શેર મુડીના વિસ્તરણ માટે પરવાનગી આપવામાં આવશે. સરકાર દ્વારા સેબીને ગ્રામિણ બેંકો માટે આઈપીઓના ભરણાં રજુ થાય તો તેને મંજુરી આપવાની સુચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશમાં 43 જેટલી ગ્રામિણ બેંકો છે, જે 26 રાજ્યોમાં પથરાયેલી છે. આ બેંકોની કુલ શાખાઓનું પ્રમાણ 21000 જેટલું છે.

ગ્રામિણ બેંકો-રિજિયોનલ રૂરલ બેક તરીકે ઓળખાય છે આ પ્રાદેશિક ગ્રામિણ બેંકો નવી શેર મુડી બહાર પાડીને તેમની બેંકોને શેર બજારનાં લિસ્ટીગ કરવાની પરવાનગી અપાશે. આ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. અને સરકાર દ્વારા ગ્રામિણ બેંકોના નિયમોમાં છુટછાટ



આપતા સુધારા તૈયાર કરાયા છે. અને તે માટેની ગાઈડ લાઈનનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. નવી ગાઈડ લાઈન જારી થશે તે મુજબ નક્કી કરાયેલા પ્રોજેક્ટ મુજબ પરમીશન આપવામાં આવશે. છેલ્લાં ત્રણ વર્ષ 300 કરોડની નેટવર્થ ધરાવતી ગ્રામિણ બેંકોના શેરો બહાર પાડીને તેનું દેશનાં શેર બજારોમાં લીસ્ટીંગ કરી શકાશે. જો કે આ બેંક માટે એક નીયમ નક્કી કરાયો છે. કે છેલ્લાં ત્રણ વર્ષના સમયગાળામાં આ બેંકો દ્વારા તેમની શેર મુડીના 9 ટકા જેટલો લઘુત્તમ નફો કરેલો હોવો અનિવાર્ય છે. કેન્દ્ર સરકારે ગ્રામિણ બેંકો કે જે શેર બજારમાં લીસ્ટીંગ કરાવવા માગે છે તે બેંકોને તેમના ટ્રેક રેકોર્ડ પ્રોફિટેબીલીટી દર્શાવવાનો રહેશે. અને છેલ્લા પાંચ વર્ષમાં લઘુત્તમ ધોરણે રૂ. 15 કરોડનો નફો દર્શાવ્યો હોવો જરુરી છે. પાંચ વર્ષની નફા ક્ષમતા હોવી જરુરી છે. 3 વર્ષ સુધીના બેંકોના એકત્રિત થયેલી ખોટ કરી ન હોવી જોઈએ તે પણ નિયમમાં દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આ બેંકો જે શેર મુડી બહાર પાડે તેના 10 ટકાના દરેક વળતર આપવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રવર્તમાન સમયમાં આરબીઆઈ પણ કેન્દ્ર સરકારને આ બાબતમાં મહત્વના સુચનો કર્યા છે. 35 ટકા બેંકોના સ્પોન્સરર અને 15 ટકાનો હિસ્સો રાજ્યોનો હોવાનું અનિવાર્ય બનશે. સરકાર દ્વારા આરઆરબી એક્ટ 1876 ની રૂઈએ આ બેંકોની રચના કરી છે જે મુજબ તેનું ગ્રામિણ વિસ્તારમાં કે શ્રીમાંત ખેડૂતો, શ્રમિકો અને કારીગરોને ધિરાણ પુરુ પાડવાનું રહેશે. 2015 ના વર્ષમાં એક્ટમાં સુધારો કરી સરકારે આ બેંકોને સ્પોન્સરો શોધવા માટે સુચના આપી છે. પ્રવર્તમાન વર્ષમાં 12 બેંકોને તેની રીજીયોનલ બેંક તરીકે અસ્તિત્વ પ્રાપ્ત થયું છે. 26 રાજ્યોમાં અને 3 કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ્લે 21856 બ્રાંચો ધરાવે છે. આ બેંકોની ડિપોઝીટોમાં ડિપોઝીટરોની સંખ્યા 28.3 લાખ કરોડની છે.

## સૌરાષ્ટ્ર દેશનું મહત્વનું ઉર્જા કેન્દ્ર બનશે

# ધોલેરામાં 150 લાખ કરોડના ખર્ચે સેમી કંડન્કટરનો પ્રોજેક્ટ

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્રમાં ઉર્જાનું મહત્વનું કેન્દ્ર સ્થાપવાની યોજનાએ ધોલેરાનું મહત્વ વધારી દીધું છે. ધોલેરામાં 1.50 લાખ કરોડના ખર્ચે સેનો પ્રોજેક્ટ સ્થાપવાની જાહેરાત કરાઈ છે. અને આયોજનને મંજુરી અપી છે. ગુજરાતમાં પોસ્ટલ લાઈન રીન્યુએબલ એનર્જી હાઈડ્રોજન માટેની કામગીરી હાથ ધરાનાર છે. ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં અનેક પાવર પ્લાન્ટો આવેલા છે. આ ગુજરાત દેશને ઉર્જા પહોચાડનાર મહત્વનું કેન્દ્ર બની રહેશે. ઘોઘા-દહેજ રો રો ફેરી સર્વિસથી દેશમાં 40 લાખ લિટર પેટ્રોલ-ડિઝલની બચત કરી શકાશે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં લોથલ જે ગુજરાતમાં મહત્વનું સ્થાન ધરાવે છે જેને સમગ્ર વિશ્વમાં પ્રવાસન પ્રવૃત્તિમાં મહત્વપુર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્થળને વિકસાવવા માટે ઈકો ટુરિઝમ માટે પણ નેશનલ પાર્ક બનાવવા માટેની વિચારણા હેઠળ છે. દરિયાકાંઠે ઈકો સિસ્ટમનો પર્યાય તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. ભાવનગરમાં આ વિકાસ માટે આમ વિવિધ યોજના અને ઔદ્યોગિકરણથી મહત્વપુર્ણ વિકાસની તકો ઉત્પન્ન થશે. ભાવનગર નજીક નવા બંદર ખાતે 4024 કરોડના ખર્ચે સીએનજી ટર્મીનલ સ્થાપવા માટેનું ખાતમૂહુર્ત તાજેતરમાં નરેન્દ્ર મોદીએ કર્યું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દહીં સાથે ઘી મિશ્રણ કરીને ખાવાના સ્વાસ્થ્ય માટે છે અઢળક ફાયદા.....



દહીં સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. પરંતુ જો દહીંને ઘી સાથે ખાવામાં આવે તો આ ફાયદો બમણો થઈ શકે છે. આ બંનેને એકસાથે ખાવાથી સ્વાસ્થ્યને અસંખ્ય ફાયદા થઈ શકે છે. પાચનમાં ફાયદાકારક : દહીં અને ઘી એકસાથે ખાવાથી પાચન સંબંધી અનેક સમસ્યાઓ દૂર થાય છે. દહીં-ઘીનું મિશ્રણ ગેસ અને અપચોની સમસ્યા દૂર કરે છે. જો આ બંનેને રોજ એકસાથે ખાવામાં આવે તો અપચોને કારણે આવતા ખાટા ઓડકારની સમસ્યા પણ દૂર થઈ જાય છે. આને ખાવાથી પેટમાં ઠંડક થાય છે અને પેટમાં થતી બળતરા પણ દૂર થાય છે.

ઈમ્યૂનિટી વધારે છે : દહીં અને ઘીમાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે. દહીં અને ઘી એકસાથે ખાવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે. તેને ખાવાથી ઈન્ફેક્શનથી થતા રોગો સરળતાથી તમને ઘેરી નહી શકે અને તે રોગો સામે લડવામાં મદદ કરે છે.

થાક દૂર થાય છે : દહીં અને ઘી બંને પોષક તત્વોથી ભરપૂર હોય છે. બંને સાથે ખાવાથી શરીરને એનર્જી મળે છે અને થાક દૂર થાય છે. જો તેનું રોજ સેવન કરવામાં આવે તો શરીર હંમેશા એનર્જીથી ભરેલું રહે છે. કામ કરવાની કેપેસિટી વધી જાય છે.

પીરિયડ્સમાં ફાયદાકારક : પીરિયડ્સમાં દૂધ અને દહીં ખાવાથી પણ ફાયદો થાય છે. જો હેવી પીરિયડ્સની સમસ્યા હોય તો દહીં અને ઘીનાં મિશ્રણમાં થોડા આમળા મિક્ષ કરીને ખાઓ. તેનાથી પીરિયડના દુખાવામાં પણ રાહત મળશે.

# લવિંગના તેલમાં છુપાયેલા છે જાદુઈ ગુણ, આ સમસ્યાઓને કરશે દૂર

ઘણા લોકોને લવિંગની સુગંધ ગમે છે. ઘણીવાર આપણે ભોજનનો સ્વાદ વધારવા માટે આવું કરીએ છીએ, પરંતુ શું તમે ક્યારેય લવિંગના તેલનો ઉપયોગ કર્યો છે? લવિંગ ભોજનનો સ્વાદ વધારે છે. સાથે જ આ તેલથી શરીરની ઘણી સમસ્યાઓ દૂર કરી શકાય છે. ખાસ કરીને લવિંગનું તેલ ઈન્ફેક્શનની સમસ્યાને દૂર કરવામાં મદદ કરી શકે છે. આજે આ લેખમાં લવિંગના તેલના સ્વાસ્થ્ય લાભ વિશે જણાવીશું.

**ઓરલ હેલ્થ :** લવિંગનું તેલ તમારા દાંતને સ્વસ્થ રાખવામાં મદદરૂપ છે. ખાસ કરીને આ તેલ દાંતના દુખાવામાં અસરકારક છે. આ ઉપરાંત તે મોઢાની દુર્ગંધને પણ ઘટાડી શકે છે. જો તમને શ્વાસમાં દુર્ગંધ આવતી હોય તો લવિંગના તેલથી ગાર્ગલ કરો. આનાથી તમને ઘણો ફાયદો થશે.

**કેન્સર સામે રક્ષણ :** લવિંગનું તેલ કેન્સર જેવી ગંભીર બીમારીથી બચવામાં કારગર સાબિત થઈ શકે છે. આ તેલમાં યુજેનોલ નામનું એક ખાસ તત્વ જોવા મળે છે, જે કેન્સર સામે રક્ષણ આપે છે. જો તમને કેન્સર થવાનું જોખમ હોય તો આ તેલનો ઉપયોગ કરો.

**ઇમ્યુનીટી બુસ્ટ :** લવિંગ તેલનો ઉપયોગ તમારી રોગપ્રતિકારક શક્તિને વધારી શકે છે. આ તેલમાં હાજર ગુણધર્મો તમારી રોગપ્રતિકારક શક્તિમાં સુધારો કરે છે, જેથી તમે ચેપ અને બેક્ટેરિયલ સમસ્યાઓથી બચી શકો.

**હૃદયને સ્વસ્થ રાખો :** હૃદયને સ્વસ્થ રાખવા માટે લવિંગના તેલનો ઉપયોગ કરો. તે કોલેસ્ટ્રોલ અને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યાને દૂર કરીને તમારા હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરી શકે છે.



# ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ગુણકારી છે અજમો



અજમો એક એવો મસાલો છે જે દરેક ઘરમાં જોવા મળે છે. ત્યાં જ તે અપચોની સમસ્યાને દૂર કરવામાં મદદરૂપ થાય છે. પરંતુ તેના ફાયદા માત્ર આટલા સુધી મર્યાદિત નથી. અજમામાં એન્ટી-ઓક્સિડન્ટ, એન્ટીઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. ત્યાં જ અજમો તમારું વજન મેઈન્ટેઈન રાખવામાં પણ મદદ કરે છે. બીજી તરફ જો તમે ડાયાબિટીસના દર્દી છો તો પણ અજમો તમારા માટે ખૂબ ઉપયોગી છે. તે તમારા બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદરૂપ છે.

હાઈ ફાઈબર : ડાયાબિટીસના દર્દીઓ માટે અજમાનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. કારણ કે અજમામો ફાઈબરથી ભરપૂર હોય છે. બીજી તરફ ફાઈબરથી ભરપૂર ખોરાક બ્લડ શુગર લેવલને કંટ્રોલ કરવામાં મદદરૂપ થાય છે. તેથી જો તમે ડાયાબિટીસના દર્દી છો, તો તમે દરરોજ આહારમાં અજમાનો સમાવેશ કરી શકો છો. આ બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

વજનને રાખે છે નિયંત્રિત : અજમામાં ફાઈબર વધારે હોય છે. જેના કારણે તે તમારા વજનને વધવાથી રોકે છે. જો તમે ડાયાબિટીસના દર્દી છો તો તમે અજમાનું સેવન જરૂર કરો આમ કરવાથી તમારૂ વજન પણ કંટ્રોલમાં રહેશે.

આ રીતે કરો અજમાનું સેવન : તમારી ડાયેટમાં અજમાનો સમાવેશ કરવા માટે, એક કપ પાણીમાં એક ચમચી અજમાને ઉકાળો અને તેને ગાળી લો અને જમ્યાના 40 મિનિટ પછી તેનું સેવન કરો. તમે દરરોજ તેનું સેવન કરી શકો છો.

# અળસીના બીજનું સેવન કરવાથી ઘટે છે બ્રેસ્ટ કેન્સરનું જોખમ...



બ્રેસ્ટ કેન્સર માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં મહિલાઓને અસર કરી રહ્યું છે. તેથી, તેનાથી બચવા માટે ઘણા ઉપાયો કરી શકાય છે. ઘણા હેલ્થ એક્સપર્ટ્સ માને છે કે તમે ફ્લેક્સસીડ એટલે કે અળસીના બીજ વડે બ્રેસ્ટ કેન્સરને રોકી શકો છો. અળસી એક ખૂબ જ પૌષ્ટિક બીજ છે જે તેની વૈવિધ્યતા અને સ્વાસ્થ્ય લાભો બંને માટે જાણીતું છે. અળસીને વિવિધ વાનગીઓમાં સમાવી શકાય છે જેમાં શાકભાજી, દહીં અને ઓટમીલનો સમાવેશ થાય છે. અળસીનું તેલ, જે બીજને દબાવીને બનાવવામાં આવે છે, તે સામાન્ય રીતે સલાડ ડ્રેસિંગ અને ચટણીઓમાં ઉમેરવામાં આવે છે.

## પોષક તત્વોથી ભરપૂર છે અળસીના બીજ

અળસીના બીજમાં પોષક તત્વોની કમી હોતી નથી. તેમાં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન સી, આયર્ન, વિટામિન બી, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને ફોલેટ ભરપૂર માત્રામાં જોવા મળે છે, જેના કારણે તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે.

## અળસીના બીજ અને બ્રેસ્ટ કેન્સર વચ્ચેનો સંબંધ

તાજેતરના વર્ષોમાં, બ્રેસ્ટ કેન્સર પર અળસીના બીજની અસરોનું મૂલ્યાંકન કરતા ઘણા અભ્યાસો સામે આવ્યા છે. ખાસ કરીને અળસી અને બ્રેસ્ટ કેન્સર વચ્ચેની કડી પરના સંશોધને આશાસ્પદ પરિણામો આપ્યા છે, જેના કારણે ઘણાને આશ્ચર્ય થાય છે કે શું અળસીના સ્વાસ્થ્ય લાભો ખરેખર એવા છે કે જેવા કે જણાવવામાં આવ્યા છે.

## અળસીનું સેવન બ્રેસ્ટ કેન્સરથી બચાવે છે...

કેટલાક જૂના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અળસીનું સેવન બ્રેસ્ટ કેન્સરનું જોખમ ઘટાડી શકે છે. આ સંબંધ અળસીના ફાઈબર, લિગ્નાન્સ, એન્ટીઑકિસડન્ટો અથવા ઓમેગા-3 ફેટી એસિડ સહિતના પરિબળોના સંયોજનને કારણે હોઈ શકે છે. જોકે અળસીના ઘણાં વિવિધ પરિબળો ફાયદાકારક હોઈ શકે છે, પરંતુ તેના સેવનને બ્રેસ્ટ કેન્સરને રોકવા માટે ઝડપી ઉપાય તરીકે ગણવું જોઈએ નહીં.


# પગ નીચે ઓશીકું રાખીને સૂવાથી ગાયબ થઈ જાય છે આ દુઃખાવો

સતત કામ કરવાને કારણે ઘણી વાર આપણે બહુ જ થાકી જઈએ છીએ. થાક લાગવાને કારણે આપણને અનેક વાર અતિશય પગ દુખતા હોય છે. પગમાં થતા દુખાવાને કારણે આપણી સરખી ઊંઘ લઈ શકતા નથી અને આપણને શરીરમાં મજા આવતી નથી. આ સાથે જ તમે ઘણી વાર જોયું હશે કે પ્રેગનન્સી સમયે ઘણી મહિલાઓ પગની નીચે તકિયો મુકે છે અને પછી સૂઈ જાય છે. પરંતુ શું તમે ક્યારે વિચાર્યુ છે કે આવું કેમ કરે છે? તમને જણાવી દઈએ કે પગ નીચે તકિયો મુકીને સૂઈ જવાથી આપણે એકદમ રિલેક્સ થઈ જઈએ છીએ. પરંતુ આ રીતે એટલે કે તમે પણ પગ નીચે તકિયો મુકીને સૂઈ જાવો છો તો તમે પણ એકદમ સ્ટ્રેસ ફ્રી રહો છો. આ વસ્તુ ખાલી પ્રેગનન્ટ મહિલાઓ માટે જ નહીં પરંતુ દરેક લોકો માટે ખૂબ જ ફાયદાકારક છે.

**પગમાં સોજા ઓછા આવે :** ઘણી વાર વ્યક્તિ બહુ થાકી ત્યારે પગમાં સોજા આવતા હોય છે. થાક લાગવાને કારણે પગમાં પણ સતત દુખાવો થતો હોય છે એવામાં જો તમે રાત્રે ઊંઘતી વખતે પગ નીચે તકિયો મુકીને સૂઈ જાવો છો તો તમારા પગમાં આવેલા સોજા ઓછા થઈ જાય છે. વધુ પ્રમાણમાં થાક લાગવાને કારણે વેરિકોઝ વેન્સની સમસ્યા થાય છે જે કારણે માંસપેશિઓમાં સોજો આવવા લાગે છે.

**કમરનો દુખાવો ઓછો થાય :** લાંબા સમય સુધી સતત ડેસ્ક પર બેસીને કામ કરવાથી અનેક લોકોને કમરમાં દુખાવો થતો હોયછે. આ સ્થિતિમાં તમે પગ નીચે તકિયો મુકીને સૂઈ જાવો છો તો કમરનો દુખાવો ઓછો થઈ જાય છે અને તમે રિલેક્સ ફિલ કરો છો.

**બ્લડ સર્કુલેશન સારું થાય :** શરીરમાં બ્લડ સર્કુલેશન સારું થવું એ ખૂબ જરૂરી છે. જો તમારા શરીરમાં આ બાબતમાં કોઈ ખામી થાય છે તો તમે પગની નીચે તકિયો મુકો અને પછી સૂઈ જાવો. આ સ્થિતિમાં ઊંઘવાથી સર્કુલેશન સારું થાય છે અને સાથે પગમાં બળતરા પણ ઓછી થઈ જાય છે.





# વજન ઘટાડવા માટે કેળાં

**ફાઇબર સમૃદ્ધ** | કેળામાં જોવા મળતા દ્રાવ્ય ફાયબર વજન ઘટાડવામાં મદદ કરે છે. ફાઈબરની માત્રા વધુ હોવાને કારણે, કેળા ખાધા પછી તમને પેટ ભરેલું લાગે છે, જે વધુ પડતું ખાવાનું અટકાવે છે અને તમને વધારે ખાવાની ઈચ્છા થતી નથી. ફાઈબર આંતરડાની તંદુરસ્તી પણ સારી રાખે છે, જે પાચનમાં સુધારો કરે છે અને સ્થૂળતાની શક્યતા ઘટાડે છે.

**ઓછી કેલરી** | કેળા ખાવાથી તમે દિવસભર તમારું પેટ ભરેલું રાખી શકો છો અને તમે ઓછી કેલરી પણ ખાઈ શકો છો, આ માટે કેળા સાથે દહીં, પીનટ બટર અથવા ઈંડું પણ ખાઈ શકો છો. આ તમારા માટે સંપૂર્ણ ખોરાક હશે અને તમારા દિવસની શરૂઆતને પણ પ્રોત્સાહન આપશે.

**ડાયાબિટીસના દર્દી માટે** | ડાયાબિટીસથી પીડિત લોકો પણ તેમના વજનને નિયંત્રણમાં રાખવા માટે કેળાનું સેવન કરી શકે છે. તેને ખાવાથી, શરીર ગ્લુકોઝની પ્રક્રિયા સરળતાથી કરી શકે છે, જે વજન ઘટાડવામાં પણ મદદરૂપ છે.

**પૂર્વ વર્કઆઉટ ખોરાક** | કેળા એ વર્કઆઉટ પહેલાનો સારો ખોરાક પણ છે. મેગ્નેશિયમ, કેલ્શિયમ અને ફોલેટથી ભરપૂર કેળાને વજન વધવાના ડર વગર ખાઈ શકાય છે. તમે સાદા કેળા ખાઈ શકો છો અથવા તેનો શેક બનાવી શકો છો, તેને ઓટ્સમાં ઉમેરી શકો છો અથવા તેને ગ્રીક દહીં સાથે ખાઈ શકો છો.



# ભલે ફાફડા-જલેબીના ભાવ વધ્યાં, પણ અમે તો ખાવાના ...

ગુજરાત નવલી નવરાત્રિ તેના અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે. બુધવારે દશેરાનાં પર્વની આખા ગુજરાતમાં ઉજવણી કરવામાં આવશે. દશેરાનાં દિવસે માં દુર્ગાની પૂજા, શસ્ત્ર પૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવે છે. પરંતુ ગુજરાતમાં દશેરાએ ફાફડા-જલેબી આરોગવાનો ક્રમ છે. દશેરાની ઉજવમઈ જલેબી,ફાફડા વગર અધૂરી છે. લગભગ દરેક ઘરમાં તે ખાવાની વર્ષોની પરંપરા રહી છે. દશેરાનાં દિવસે લોકો ખાસ જલેબી, ફાફડાં ખાસ મંગાવે છે. ત્યારે આ વર્ષે દશેરાના પર્વ પર ફાફડા જલેબી ખાવા મોંઘા પડશે. લગભગ દરેક શહેરમાં ફાફડા જલેબીના ભાવમાં વધારો થયો છે.

અમદાવાદની વાત કરીએ તો, અમદાવાદમાં ફાફડા-જલેબીના ભાવમાં વધારો થયો છે. આ વર્ષે ફાફડા જલેબીના ભાવમાં 20 થી 30 ટકાનો ભાવ વધારો થયો છે. માર્કેટમાં હાલ 1 કિલો ફાફડાનો ભાવ 600 થી લઈને 1000 રૂપિયા સુધી ચાલી રહ્યો છે. તો પ્રતિ કિલો જલેબીનો ભાવ 800થી 1300 રૂપિયા સુધી થયો છે. આ ભાવ વધારા વચ્ચે પણ ગુજરાતીઓ ફાફડા-જલેબીનો સ્વાદ માણે છે.

દશેરાના દિવસે ગુજરાતના દરેક શહેરમાં કરોડોના ફાફડા જલેબી આરોગવામાં આવે છે. જેમાં સુરતીઓ તો અવ્વલ છે. સુરતીઓ આ વર્ષે કરોડો રૂપિયાના ફાફડા જલેબી આરોગશે. સુરતમાં ભાવ પર એક નજર કરીએ તો, ફાફડામાં રૂપિયા 40 નો વધારો થયો છે. ભાવ વધારા સાથે ફાફડાનો નવો ભાવ 480 રૂપિયા છે. તો જલેબીમાં 30 રૂપિયાનો વધારો થયો છે. આ સાથે જલેબીનો નવો ભાવ 500 રૂપિયા કિલો છે. આ ભાવ વધારા વિશે સુરતના વેપારીઓએ જણાવ્યું કે, આ વર્ષે તેલ, ઘી, ખાંડ, ચણાના લોટના ભાવમાં વધારો થયો છે. તેથી ફાફડા-જલેબી પણ મોંઘા થયા છે. જેને કારણે આ વર્ષે એડવાન્સ ઓર્ડર પણ ઓછા મળ્યાં છે.

**માવાની ઘારી -740 રૂપિયા કિલો**
**બદામ-પિસ્તા ઘારી - 800 રૂપિયા કિલો**
**કેસર બદામ પિસ્તા ઘારી - 840 રૂપિયા કિલો**
**પિસ્તા ઘારી - 920 રૂપિયા કિલો**
**ડ્રાયફ્રુટ ઘારી - 1000 રૂપિયા કિલો**

દશેરાની સાથે સુરતમાં ચાંદની પડવાને લઈને તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. આ વર્ષે પણ સુરતમાં શરદ પૂનમે કરોડો રૂપિયાની ઘારી ખવાશે. ફાફડા-જલેબીની સાથે આ વર્ષે ઘારીના ભાવમાં પણ વધારો થયો છે. સુરતની ઘારી તો વિદેશો માટે પણ પાર્સલ થાય છે. સુરતની ઘારી દર વર્ષે દુબઈ, અમેરિકા, લંડન, કેનેડામાં જતી હોય છે. આ માટે સુરતના મીઠાઈના વેપારીઓ હવે નવી ટેકનોલોજીથી ઘારી પેકિંગ કરી રહ્યાં છે. જેથી તે વહેલી બગડે નહિ.

આ વર્ષે એમએપી ટેકનોલોજીથી ઘારી પેકિંગ કરાઈ રહ્યું છે. આ આ ઘારી 20 દિવસ સુધી સારી રહે છે. નહિ તો સામાન્ય દિવસોમાં ઘારી 6 દિવસ સુધી સારી રહે છે. ઘારીની સાથે સુરતી ભુસુ પણ આ વખતે પાર્સલમાં આપવાની તૈયારી વેપારીઓએ કરી લીધી છે.



# T20 World Cup 2022 માટે મેચ રેફરી અને અમ્પાયરો નિમાયા

ગુજરાત | વંદન

આઈસીસી ટી20 વિશ્વકપ 2022 માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ એ મેચ ઓફિશિયલ્સની જાહેરાત કરી દીધી છે. મેચ રેફરી અને અમ્પાયરો સહિત કુલ 20 અધિકારીઓને પસંદ કરવામાં આવ્યા છે, જેમાં 16 અમ્પાયર અને 4 મેચ રેફરી છે. અમ્પાયરોમાં એક ભારતીય પણ સામેલ છે, જેનું નામ નીતિન મેનન છે. નીતિન મેનન ભારતના એકમાત્ર અમ્પાયર છે, જે આઈસીસીની એલીટ પેનલમાં છે, જે ઓસ્ટ્રેલિયા પહોંચી ચુક્યા છે.

આઈસીસીએ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડ અને સુપર 12ના સ્ટેજ માટે 20 ઓફિશિયલ્સની જાહેરાત કરી છે. આઈસીસીએ અખબારી યાદીમાં કહ્યું છે- કુલ મળી 16 અમ્પાયર ટૂર્નામેન્ટમાં અમ્પાયરિંગ કરશે, જે 2021ના ફાઈનલમા અમ્પાયર હતા, તેમાં રિચર્ડ કેટલબોરો, નીતિન મેનન, કુમારા ધર્મસેના અને મરૈસ ઈરાસ્મસનું નામ સામેલ છે. આઈસીસી એલીટ પેનલના મેચ રેફરી રંજન મદુગલે, પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોમાં સામેલ છે, જે ટી20 વિશ્વકપની આઠમી સીઝન માટે મેચ રેફરી હશે. શ્રીલંકાના મદુગલેની સાથે ઝિમ્બાબ્વેના એન્ડ્ર્યૂ પાઈક્રોફ્ટ, ઈંગ્લેન્ડના ક્રિસ્ટોફર બ્રોડ અને ઓસ્ટ્રેલિયાના ડેવિડ બૂન આ મેગા ઈવેન્ટમાં મેચ રેફરી હશે.

પાઈક્રોફ્ટ 16 ઓક્ટોબરે જિલોન્ગમાં ટૂર્નામેન્ટની પ્રથમ મેચમાં રેફરીની કમાન સંભાળશે, જ્યારે શ્રીલંકા નામીબિયા સામે ટકરાશે, જેમાં જોએલ વિલ્સન અને રોડ કટર મેદાની અમ્પાયર હશે. પોલ રાઈફેલ ચોથા અમ્પાયરની ભૂમિકામાં અને ઈરાસ્મસની સાથે ટીવી અમ્પાયરના રૂપમાં કાર્ય કરશે. ઈરાસ્મસ, ટકર અને અલીમ દાર પોતાના સાતમાં આઈસીસી મેન્સ ટી20 વિશ્વકપમાં સામેલ થવા માટે તૈયાર છે.

## ICC મેન્સ T20 વિશ્વકપ 2022 ના મેચ અધિકારી..

**મેચ રેફરી:** એન્ડ્ર્યૂ પાઈક્રોફ્ટ, ક્રિસ્ટોફર બ્રોડ, ડેવિડ બૂન અને રંજન મદુગલે.

**અમ્પાયર:** એડ્રિયન હોલ્ડસ્ટોક, અલીમ દાર, અહસાન રઝા, ક્રિસ્ટોફર બ્રાઉન, ક્રિસ્ટોફર ગફાની, જોએલ વિલ્સન, કુમારા ધર્મસેના, લેંગ્ટન રૂસેરે, મરૈસ ઈરાસ્મસ, માઈકલ ગફ, નીતિન મેનન, પોલ રીફેલ, પોલ વિલ્સન, રિચર્ડ ઈલિંગવર્થ, રિચર્ડ કેટલબોરો, રોડની ટકર.

### જસપ્રીત બુમરાહ T-20 વર્લ્ડ કપમાંથી આઉટ

# BCCIની મેડિકલ ટીમે સ્કેન રિપોર્ટ જોયા બાદ લીધો નિર્ણય



ગુજરાત | વંદન

તમામ અટકળો વચ્ચે હવે એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે ઈન્ડિયન ટીમનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઓસ્ટ્રેલિયામાં આ મહિને શરૂ થઈ રહેલા T-20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો છે. બીસીસીઆઈએ સોમવારે એક પ્રેસ રિલીઝ જાહેર કરીને બુમરાહની બહાર થવાની માહિતી આપી છે. સ્કેન રિપોર્ટ આવ્યા બાદ બોર્ડની મેડિકલ ટીમે બુમરાહના બહાર થવાની પુષ્ટિ કરી હતી. વર્લ્ડ કપ માટે બુમરાહના રિપ્લેસમેન્ટની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

## સૌરવ ગાંગુલીના નિવેદનથી અટકળો વેગવંતી બની હતી

ચાર દિવસ પહેલા પણ બીસીસીઆઈના એક અધિકારીએ ભાસ્કરને જણાવ્યું હતું કે બુમરાહ ઈજાના કારણે વર્લ્ડ કપ રમવા ઓસ્ટ્રેલિયા જઈ શકશે નહીં. પરંતુ આ પછી બોર્ડના પ્રમુખ સૌરવ ગાંગુલીએ કહ્યું કે બુમરાહ હજુ સુધી ટીમમાંથી આઉટ થયો નથી અને વિગતવાર રિપોર્ટ આવ્યા બાદ અને નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા પછી જ તેના પર કોઈ નિર્ણય લેવામાં આવશે.

# મયંક અગ્રવાલને માથામાં બોલ વાગતાં પહોંચી ઈજા, હોસ્પિટલ લઈ જવાયો

ગુજરાત | વંદન



ભારતીય બેટ્સમેન મયંક અગ્રવાલને માથા પર બોલ વાગ્યા બાદ રવિવારે તેમને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ ઘટના રાજકોટમાં સૌરાષ્ટ્ર વિરૂદ્ધ ચાલી રહેલી ઈરાની ટ્રોફી મેચના બીજા દિવસની છે. ઈરાની કપ રણજી ટ્રોફી વિજેતાઓ અને રેસ્ટ ઓફ ઈન્ડિયા વચ્ચે રમાય છે. રાજકોટમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા અને 2019-20 રણજી ટ્રોફી ચેમ્પિયન સૌરાષ્ટ્ર વચ્ચે એકતરફી મેચ ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે સૌરાષ્ટ્ર અને રેસ્ટ ઓફ ઈન્ડિયા વચ્ચે મેચ 2020 માં કોવિડ 19ના કારણે ઈરાની કપ સ્થગિત કરવામાં આવ્યો હતો.

સ્પોર્ટ્સ્ટારના અહેવાલ અનુસાર સૌરાષ્ટ્રની બીજી ઈનિંગની શરૂઆતના ઠીક પહેલાં મયંકના માથા પર થ્રો વાગ્યા બાદ તેમને સાવધાનીના ભાગરૂપે સિટી સ્કેન માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સરફરાજે પોતાની બેટીંગનું પ્રદર્શન કરતાં પહેલાં 31 વર્ષીય મયંકને શનિવારે 14 બોલમાં રન બનાવ્યા હતા.

રેસ્ટ ઓફ ઈન્ડિયાએ ટોસ જીતીને પહેલાં બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. રેસ્ટ ઓફ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મુકેશ કુમાર, ઉમરાન મલિક અને કુલદીપ સેને સૌરાષ્ટ્રની બેટીંગ એકમને ફક્ત 98 રન પર સમેટી દીધી. મુકેશે પહેલી ઈનિંગમાં 4 વિકેટ પ્રાપ્ત કરી, જ્યારે ઉમરાન મલિક અને કુલદીપે ત્રણ-ત્રણ વિકેટ પ્રાપ્ત કરી છે. પોતાની પહેલી ઈનિંગમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાએ ઘરેલૂ ક્રિકેટમાં આ ફોર્મ સરફાજ ખાનની વધુ એક સદી અને કેપ્ટન હનુમા વિહારી 82 રનોની ભાગીદારી ઈનિંગની મદદથી 374 રન બનાવ્યા. બીજા દિવસે રમત પુરી થયા બાદ સૌરાષ્ટ્રનો સ્કોર 49/2 હતો.

સરફરાજે 178 બોલમાં 77.52 ના સ્ટ્રાઈક રેટ સથે 20 ચોગ્ગા અને 2 સિક્સરની મદદથી 178 રનની ઈનિંગ રમી. રેસ્ટ ઓફ ઈન્ડિયાએ પહેલી ઈનિંગમાં 276 રનની લીડ લીધી છે. તો બીજી તરફ સૌરાષ્ટ્રની શરૂઆત ખરાબ રહી. જયદેવ ઉનડકટની ટીમના ઓપનર બેટ્સમેઅન હાર્વિક દેસાઈ 20 અને સ્નેહલ પટેલ 16 રન બનાવીને 15 ઓવરની અંદર જ પેવેલિયન પરત ફર્યા હતા. બીજા દિવસની રમત પુરી થાય ત્યાં સુધી સૌરાષ્ટ્ર 227 રનની ઈનિંગથી પાછળ રહી.

### પાક.ઉપરાંત ટીમ ઈંગ્લેન્ડ, વિન્ડિઝ, આયર્લેન્ડ સામે પણ ટકરાશે



# વિમેન્સ T20 વર્લ્ડકપનું એલાન: 12 ફેબ્રુઆરીએ ભારત-પાક.વચ્ચે ટક્કર

ગુજરાત | વંદન

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ મહિલા ટી-20 વર્લ્ડકપનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. મહિલા ટી-20 વર્લ્ડકપની આઠમી સીઝન આવતાં વર્ષે 10 ફેબ્રુઆરીથી દક્ષિણ આફ્રિકામાં રમાશે. આ ટૂર્નામેન્ટ 10 ટીમો વચ્ચે રમાશે.

ટીમ ઈન્ડિયા ટૂર્નામેન્ટમાં પોતાની પહેલી મેચ 12 ફેબ્રુઆરીએ કટ્ટર હરિફ પાકિસ્તાન વિરુદ્ધ રમશે. આ પહેલાં ભારતે બાંગ્લાદેશમાં રમાઈ રહેલા એશિયા કપમાં સાત ઑક્ટોબરે પર પાકિસ્તાનનો સામનો કરવાનો છે. એશિયા કપ બાદ આ બન્ને ટીમો વચ્ચે બીજો મુકાબલો થશે. મેન્સ ટી-20 વર્લ્ડકપમાં પણ ભારતનો પ્રથમ મુકાબલો પાકિસ્તાન સામે જ છે.

10 ફેબ્રુઆરીએ ટૂર્નામેન્ટના પ્રથમ મેચમાં મેજબાન દક્ષિણ આફ્રિકાનો સામનો શ્રીલંકા સામે થશે. કેપ ટાઉન, પાર્લ અને ગકેબેરા ટૂર્નામેન્ટમાં મેચોની મેજબાની કરશે. જ્યારે નોકઆઉટ મેચ કેપટાઉનમાં રમાશે. ફાઈનલ 26 ફેબ્રુઆરીએ રમાશે અને જો ત્યારે કોઈ પ્રકારની ખલેલ પહોંચે તો 27 ફેબ્રુઆરીએ રિઝર્વ ડેના દિવસે ફાઈનલ રમાશે.

પાંચ વખતની ચેમ્પિયન (2010, 2012, 2014, 2018, 2020) અને ડિફેન્ડીંગ ચેમ્પિયન ઑસ્ટ્રેલિયાને ન્યુઝીલેન્ડ અને મેજબાન આફ્રિકા સાથે ગ્રુપ-1માં રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત ગ્રુપમાં તાજેતરમાં જ ક્વોલિફાય થનારી શ્રીલંકા અને બાંગ્લાદેશની મહિલા ટીમ પણ છે. જ્યારે ગ્રુપ-2માં ઈંગ્લેન્ડ, ભારત, વેસ્ટ ઈન્ડિઝ, પાકિસ્તાન અને આયર્લેન્ડ છે.

ઑસ્ટ્રેલિયા ઉપરાંત ઈંગ્લેન્ડની ટીમ 2009માં અને વિન્ડિઝ ટીમ 2016માં વર્લ્ડકપ જીતી ચૂકી છે. ટીમ ઈન્ડિયા માત્ર એકવાર ટી-20 વર્લ્ડકપના ફાઈનલમાં પહોંચી છે. 2020 ટી-20 વર્લ્ડકપના ફાઈનલમાં ઑસ્ટ્રેલિયાએ ભારતને 85 રને હરાવ્યું હતું.



# ત્રીજી T20માં ભારત 49 રને હાર્યું, શ્રેણી 2-1થી કબજે કરી

ગુજરાત | વંદન

ઈન્દોરમાં રમાયેલી સિરીઝની છેલ્લી મેચમાં સાઉથ આફ્રિકાએ ભારતને 49 રને હરાવ્યું હતું. જોકે ટીમ ઈન્ડિયાએ 2-1થી સિરીઝ જીતી લીધી છે. કાર્તિકે 21 બોલમાં 46 રન ફટકાર્યા હતા. જોકે તેના સિવાય અન્ય બેટર ચાલ્યા નહોતા. અંતમાં દીપક ચહર (31) અને ઉમેશ યાદવે (20)* થોડી લડત આપવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેઓ સફળ રહ્યા નહોતા. સાઉથ આફ્રિકા તરફથી ડ્વેઈન પ્રીટોરિયસે 3 વિકેટ ઝડપી હતી. જ્યારે વેઈન પાર્નેલ, લુંગી એન્ગિડી અને કેશવ મહારાજને 2-2 વિકેટ મળી હતી. કાગિસો રબાડાને 1 વિકેટ મળી હતી.

## પ્લેયર ઓફ ધ સિરિઝ સૂર્યા યાદવ

ભારત-સાઉથ આફ્રિકાની સિરિઝમાં આજે અંતિમ મેચ પૂર્ણ થયા બાદ પ્લેયર ઓફ ધ સિરિઝ તરીકે સૂર્યા કુમાર યાદવના નામની જાહેરાત થઈ હતી. સૂર્યાકુમારની તોફાની રમતના કારણે ભારત બંને સિરિઝ જીતવામાં સફળ રહ્યું હતું. અગાઉ સાઉથ આફ્રિકાએ 20 ઓવરમાં 3 વિકેટે 227 રન કર્યા હતા. સાઉથ આફ્રિકાના રિલી રોસોયુએ 48 બોલમાં 100 રન ફટકાર્યા હતા. તેની આ ઈનિંગમાં 7 ચોગ્ગા અને 8 છગ્ગા આવ્યા હતા. તો ડિકોકે 43 બોલમાં 68 રન કર્યા હતા. અંતમાં મિલરે પણ 3 છગ્ગા ફટકારીને જોરદાર ફિનિશિંગ કર્યું હતું. ભારતીય બોલરોનો કંગાળ દેખાવ રહ્યો હતો. અશ્વિન સિવાયના અન્ય બોલરો ધોવાયા હતા. દીપક ચહર અને ઉમેશ યાદવને 1-1 વિકેટ મળી હતી.

# એશિયા કપમાં વુમન્સ ટીમ ઈન્ડિયાની હેટ્રીક



■ UAEને 104 રન હરાવ્યું, જેમિમાએ 75 રનની શાનદાર ઈનિંગ રમી

ગુજરાત | વંદન

બાંગ્લાદેશમાં રમાઈ રહેલા વુમન્સ એશિયા કપમાં ટીમ ઈન્ડિયાએ સતત ત્રીજી જીત મેળવી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયા કપમાં પોતાનું જોરદાર પ્રદર્શન આજે રમાયેલી UAE સામેની મેચમાં પણ યથાવત રાખ્યું છે. ભારતીય મહિલા ટીમે એશિયા કપમાં UAEને 104 રનના મોટા માર્જિનથી હરાવ્યું છે. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે 178 રન બનાવ્યા હતા. 179 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી UAEની ટીમ માત્ર 74 રન જ બનાવી શકી અને મેચ હારી ગઈ હતી. ભારતે યુએઈને હરાવીને એશિયા કપમાં જીતની હેટ્રિક બનાવી છે.આ મેચમાં રેગ્યુલર કેપ્ટન હરમનપ્રીત કૌરને આરામ આપવામાં આવ્યો હતો. તેની જગ્યાએ સ્મૃતિ મંધાનાને કેપ્ટન બનાવવામાં આવી હતી. આ અગાઉ ભારતીય ટીમ શ્રીલંકા અને મલેશિયાને હરાવી ચૂકી છે.

ભારત તરફથી જેમિમા રોડ્રિગ્સે નોટઆઉટ 75 રન અને દીપ્તિ શર્માએ 64 રનની શાનદાર ઈનિંગ રમી હતી. રાજેશ્વરી ગાયકવાડે 2 વિકેટ અને દયાલન હેમલતાએ 1 વિકેટ લીધી હતી. મહિલા એશિયા કપ 2022માં ભારતીય ટીમે જીત સાથે શરૂઆત કરી હતી. તેમણે શ્રીલંકાની સામે પહેલી મેચમાં 41 રનથી અને બીજી મેચમાં મલેશિયા સામે 30 રને (DLS નિયમથી) જીત મેળવી હતી.

**લેજેન્ડ્સ લીગ** એશ્લેએ શ્રીસંતના બોલ પર સિક્સ ફટકારી ઈન્ડિયા કેપિટલ્સને ફાઈનલમાં પહોંચાડી દીધુ

# મેદાન વચ્ચે મારામારી પર ઉતરી આવ્યાં યૂસુફ પઠાણ અને જોનસન

ગુજરાત | વંદન


લેજેન્ડ્સ લીગની પ્રથમ ક્વોલીફાયર ઈન્ડિયા કેપિટલ્સ અને ભલવાડા કિંગ્સ વચ્ચે જોધપુરમાં રમાઈ હતી. આ મેચને ગૌતમ ગંભીરની આવેલાનીવાળી ઈન્ડિયા કેપિટલ્સે 4 વિકેટથી જીતીને ફાઈનલમાં જગ્યા બનાવી છે. પરંતુ મેચ દરમિયાન બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે ગરમાગરમી જોવા મળી હતી. આ મેચનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં ભીલવાડા કિંગ્સના યૂસુફ પઠાણ ઈન્ડિયા કેપિટલ્સના ફાસ્ટ બોલર મિશેલ જોનસન સાથે ટકરાતા જોવા મળી રહ્યો ચે. આ શાબ્દિક જંગ થોડા સમય બાદ મારામારી પર પહોંચી ગયો હતો.

વાયરલ વીડિયોમાં પહેલા યૂસુફ પઠાણ અને મિશલ જોનસન વચ્ચે શાબ્દિક જંગ જોવા મળી રહ્યો છે, થોડી સેકેન્ડ બાદ બંને ખેલાડી એકબીજાની નજીક આવી જાય છે અને પછી જોનસન પઠાણને ધક્કો મારે છે. બાદમાં ત્યાંથી હસ્તા-હસ્તા જોનસ ચાલ્યો જાય છે. આ દરમિયાન બંને ટીમના અન્ય ખેલાડીઓ સહિત અમ્પાયરે પણ વચ્ચે બચાવમાં આવવું પડ્યું હતું.



વાત મુકાબલાની કરીએ તો રોસ ટેલર (84) અને કેરેબિયન ધુરંધર એશ્લે નર્સ (અણનમ 60) ની તોફાની ઈનિંગની મદદથી ઈન્ડિયા કેપિટલ્સે રવિવારે જોધપુરના બરકતુલ્લાહ ખાન સ્ટેડિયમમાં લેજેન્ડ્સ લીગ ક્રિકેટ ના ક્વોલીફાયરના રોમાંચક મુકાબલામાં ભીલવાડા કિંગ્સને 4 વિકેટે હરાવી ફાઈનલમાં જગ્યા બનાવી હતી. ભીલવાડા કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા 5 વિકેટ પર 226 રનનો સ્કોર બનાવ્યો હતો. જેને ઈન્ડિયા કેપિટલ્સે ત્રણ બોલ બાકી રહેતા 6 વિકેટ ગુમાવી હાસિલ કર્યો હતો. નર્સે શ્રીસંતના બોલ પર સિક્સ ફટકારી ઈન્ડિયા કેપિટલ્સને ફાઈનલમાં પહોંચાડી દીધુ હતું.

## ભાલા ફેંક નીરજને લાગ્યો ગરબાનો રંગ....



ગુજરાતમાં અત્યારે નેશનલ ગેમ્સ રમાઈ રહી છે. હાલમાં જ ભારતના જાણીતા ઓલિમ્પિક ખેલાડીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતાં. જેમા જેવ્લીન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતનાર નિરજ ચોપડા પણ વડોદરામાં ગરબા રમતો જોવા મળ્યો હતો...

## ગુજરાતનો કાર્યક્રમ પણ જાહેર થવાનું કાઉન્ટડાઉન શરૂ !

# દેશમાં છ રાજ્યોની સાત વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર

ગુજરાત | વંદન

ભારતના ચૂંટણી પંચે 6 રાજ્યોમાં ખાલી પડેલી વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણી પંચ સેક્રેટરી સંજીવ કુમાર પ્રસાદ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ મહારાષ્ટ્ર, બિહાર, હરિયાણા, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને ઓડિશા રાજ્યોની સાત સીટો માટે પેટાચૂંટણીની પ્રક્રિયા 14 ઓક્ટોબરથી શરૂ થશે. આ તમામ બેઠકો માટે પેટાચૂંટણી 3 નવેમ્બરે યોજાશે અને ચૂંટણી પરિણામ 6 નવેમ્બરે આવશે.

ECI અનુસાર, મહારાષ્ટ્રમાં 166-અંધેરી પૂર્વ, બિહારમાં 101-ગોપાલગંજ અને 178-મોકામા, હરિયાણામાં 47-આદમપુર, તેલંગાણામાં 93-મુનુગોડે, ઉત્તર પ્રદેશમાં 139-ગોલા ગોકરનાથ અને 46-ધામનગર (SC) વિધાનસભા બેઠકો ઓડિશામાં પરંતુ પેટાચૂંટણીઓ ગુરુવાર, 3 નવેમ્બર, 2022 ના રોજ એક જ દિવસે યોજાશે નહીં. તે જ સમયે, આ તમામ બેઠકોના પરિણામો 6 નવેમ્બર, 2022, રવિવારના રોજ આવશે.

આ તમામ બેઠકોની પેટાચૂંટણી અંગેનું ગેઝેટ નોટિફિકેશન 7 ઓક્ટોબરે બહાર પાડવામાં આવશે. આ પછી આદર્શ આચારસંહિતા લાગુ થશે. તે જ સમયે, નોમિનેશનની પ્રક્રિયા 14 ઓક્ટોબરથી શરૂ થશે, અને 15 ઓક્ટોબરે ઉમ્મેદવારી પત્રની ચકાસણી, 17 ઓક્ટોબરે ઉમ્મેદવારી પાછું ખેંચવામાં આવશે.

### ચૂંટણી સમયપત્રક

- અધિસૂચના જાહેર કરવાની તારીખ - 7 ઓક્ટોબર 2022
- નોમિનેશન માટેની છેલ્લી તારીખ - 14 ઓક્ટોબર 2022
- નોમિનેશનની ચકાસણી - 15 ઓક્ટોબર 2022
- ઉમ્મેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ - 17 ઓક્ટોબર 2022
- મતદાન - 3 નવેમ્બર 2022
- મતોની ગણતરી - 6 નવેમ્બર 2022
- ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની છેલ્લી તારીખ - 8 નવેમ્બર 2022

## ઈતિહાસના પાનાંમાંથી...

### 6 ઓક્ટોબરની મહત્વની ઘટનાઓ

1862 | ભારતીય દંડ સંહિતા કાયદો પસાર થયો, 1 જાન્યુ.થી અમલ
1919 | ટેમ્બુલિસ્કી બલ્ગેરિયાના વડા પ્રધાન બન્યા.
1957 | સોવિયેત સંઘે નોવાયા ઝેમલ્યા ખાતે પરમાણુ પરીક્ષણો હાથ ધર્યા.
1972 | મેક્સિકોમાં ટ્રેન પાટા પરથી ઉતરી જવાથી 208 લોકોના મોત .
1980 | ગયાનાએ બંધારણ અપનાવ્યું.
1981 | ઈજિપ્તના રાષ્ટ્રપતિ અનવર સાદત હત્યા .
1983 | પંજાબમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
1987 | ફિજીને પ્રજાસત્તાક જાહેર કરવામાં આવ્યું.
1994 | યુનેસ્કોએ 1995ને સહનશીલતા વર્ષ તરીકે જાહેર કર્યું.
1995 | બે સ્વિસ વૈજ્ઞાનિકોએ પૃથ્વીના સૌરમંડળની બહારના ગ્રહની ઓળખ કરી.
1999 | વિયેનામાં નિઃશસ્ત્રીકરણ પર સંયુક્ત રાષ્ટ્રની પરિષદ યોજાઇ.
2000 | ઇઝરાયેલી પોલીસનો બળપૂર્વક અલાક્સા મસ્જિદમાં
2002 | નેપાળના રાજા જ્ઞાનેન્દ્ર વીરવિક્રમ શાહ દેવે સત્તા ન લેવાની જાહેરાત કરી.
2007 | ઓસ્ટ્રેલિયન-અમેરિકન ટેલિવિઝન ઉપગ્રહનું કોરુ ખાતે Ariane-5 રોકેટ પર પરીક્ષણ .
2008 | વૈશ્વિક મંદીના પગલે, આરબીઆઈએ બેંકોના CRRમાં અડધા ટકાનો ઘટાડો કર્યો.

### 6 ઓક્ટોબરે જન્મેલ વ્યક્તિ...

1893 | મેઘનાથ સાહા - ભારતીય વૈજ્ઞાનિક જેમણે ગણિત અને ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કાર્ય કર્યું.
1946 | વિનોદ ખન્ના, હિન્દી ફિલ્મ અભિનેતા.
1963 | ગ્રાન્ડ ઓલ્ડમેન બાબા ખડકસિંહ - પંજાબના સ્વતંત્રતા સેનાની.
1922 | કૃપાલુ મહારાજ - મથુરાના પ્રખ્યાત સંત, જેમણે પ્રખ્યાત ‘પ્રેમ મંદિર’ બનાવ્યું.
1944 | જીતન રામ માંઝી - બિહારના પૂર્વ મુખ્યમંત્રી.
1930 | ભજનલાલ -હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી
1879 | હુસૈન અહમદ મદની - પ્રખ્યાત ઈસ્લામિક વિદ્વાન અને સ્વતંત્રતા સેનાની હતા.

### 6 ઓક્ટોબરના રોજ નિધન પામ્યા..

2021 | અરવિંદ ત્રિવેદી - લંકેશ
2007 | લક્ષ્મી મલ્લ સિંઘવી - બંધારણીય નિષ્ણાત અને જાણીતા ન્યાયશાસ્ત્રી
1858 | નાના સાહેબ - ભારતીય સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધના પ્રણેતા.
1974 | વી.કે. કૃષ્ણ મેનન -ભારતના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન.
1661 | ગુરુ હરરાય - શીખોના સાતમા ગુરુ.

### 6 ઓક્ટોબરના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ

વન્યજીવન સપ્તાહ (2 ઓક્ટોબરથી 8 ઓક્ટોબર)

## USના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે CNN ચેનલ પર કર્યો માનહાનિનો દાવો



ગુજરાત | વંદન

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે CNN ચેનલ પર માનહાનિનો કેસ દાખલ કર્યો છે. ચેનલે $475 મિલિયનનું નુકસાન માંગ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ન્યૂઝ નેટવર્કે તેમની વિરુદ્ધ અપમાન અને નિંદાનું અભિયાન શરૂ કર્યું છે. સીએનએનએ આ મામલે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. ટ્રમ્પે સીએનએન પર ગંભીર આરોપ લગાવ્યા છે. ફ્લોરિડાની કોર્ટમાં દાખલ કરાયેલા મુકદમામાં દાવો કરવામાં આવ્યો છે કે સીએનએનએ તેને રાજકીય રીતે હરાવવા માટે એક મુખ્ય સમાચાર સંસ્થા તરીકે તેના પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. આ મામલામાં ટ્રમ્પે 29 પાનાનો કેસ દાખલ કર્યો છે. આ ચેનલ તેમને લાંબા સમયથી નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

## ઈન્ડોનેશિયાના ફૂટબોલ ઈતિહાસની કમનસીબ



એક ફૂટબોલ મેચ દરમિયાન આટલી ભયંકર હિંસા થશે તેની કોઈને સપને ખ્યાલ નહિ હોય અને આ હિંસામાં અનેક લોકોના જીવ હોમાઈ ગયા અને જેની જો સંખ્યા જોઈએ એતો વિચારી જ ન શકાય અને આટલી બધી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યા છે તેના વિષે જાણવું પણ વિચારવા જેવું છે અને આ વાત છે ઈન્ડોનેશિયાની, અહીં મેચ દરમિયાન થયેલી હિંસામાં ૧૭૪ લોકોએ જીવ ગુમાવ્યા. આ ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા હતા. એક ટીમ મેચ હારી ગયા બાદ આ હિંસા ભડકી ઉઠી હતી. પોલીસના હવાલે આ જાણકારી આપી હતી. પૂર્વ જાવામાં એક મેચ દરમિયાન ટીમ હારી જતા નારાજ થયેલા ફેન્સે ફૂટબોલ મેદાન પર પહોંચીને હુમલો કર્યો. મૃતકોમાં બે પોલીસકર્મી પણ સામેલ છે.

## UAE-દુબઈ જવું બન્યું સરળ : વિઝા માટે કોઈ સ્પોન્સરની જરૂર નહીં પડે

■ પેરેન્ટ્સ સંતાનોને 25 વર્ષની વય સુધી સ્પોન્સર કરી શકશે, અગાઉ આ વય 18 વર્ષ હતી

ગુજરાત | વંદન

સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) માં જઇ કામ કરવા જવા ઈચ્છુકો માટે સારા સમાચાર છે. આવા લોકો માટે વિઝાના નિયમો સરળ બનાવાયા છે. નવા નિયમો મુજબ હવે લાંબા ગાળાના વિઝા માટે કોઇ હોસ્ટ કે સ્પોન્સરની જરુર નહીં પડે, પેરેન્ટસ પમ સંતાનોને 25 વર્ષની ઉંમર સુધી સ્પોન્સર કરી શકશે. વિઝા નિયમોમાં ફેરફેર થવાનું કારણ એ છે કે એન્જિનિયરીંગ, આરોગ્ય, શિક્ષણ, ટેકનોલોજી અને બિઝનેસ ક્ષેત્રે મેનેજર અને નિષ્ણાંતોને સામેલ કરી શકાય. કુલ 97 લાખની વસ્તી ધરાવતા યુએઇમાં 30 ટકા તો ભારતીયોની વસ્તી છે. 10 વર્ષના ગોલ્ડન વિઝા શું છે ? એના ફાયદા શું છે ? : યુએઇએ લોન્ગ ટર્મ રેસિડેન્ટ એટલે કે ગોલ્ડન વિઝા નિયમોમાં ફેરફાર કર્યો છે. જેનાથી કોઇપણ વિદેશી યુએઇમાં રહી શકશે, કામ કરી શકશે. અને શિક્ષણ પણ લઇ શકશે. 6 મહિના સુધી દેશ બહાર રહેવા બદલ વિઝા રદ પણ નહીં થાય. સ્પોન્સરની લીમીટ પણ નક્કી નથી. પેરેન્ટ્સ પોતે પોતાના સંતાનોને 25 વર્ષની ઉંમર સુધી સ્પોન્સર કરી શકે છે, જે પહેલા આંકડો 18 વર્ષનો હતો. વિઝાધારકના મૃત્યુ પછી પત્ની અને બાળકો રેસિડેન્સી પરમિટ પૂરી થાય ત્યાં સુધી યુએઇમાં રહી શકશે.

પાંચ વર્ષના મલ્ટી એન્ટ્રી ટુરિસ્ટ વિઝા શું છે ? : આ વિઝા દેશમાં સતત 90 દિવસ લહેનારાને મંજુરી આપે છે. સમાનગાળા માટે એ વધારી શકાય છે. આ માટે અરજી કરતા પહેલા બેન્ક ખાતામાં રૂા.3.26 લાખ જમા હોવા જરુરી છે. આ ઉપરાંત 5 વર્ષના ગ્રીન વિઝાની પરમીટ સમાપ્ત થયા પછી 6 મહિના સુધી ચાલશે.

આ વિઝા સ્કીલ્ડ પ્રોફેશનલ્સ, ફ્રી લાન્સર, રોકાણકારો અને બિઝનેસમેનને અપાશે. યુએઇની રેસિડેન્સી પરમિટ રદ થયા પછી 6 મહિના સુધી કોઇ નિયમો વિના યુએઇમાં રહી શકાશે.

## ગાયકી બાદ હવે 3.5 ફૂટના અબ્દૂ રોજિકએ બીગ-બોસ 16માં ધૂમ મચાવી

■ પોતાની ઈમાનદારી અને નૉટી નેચરથી લોકોના દિલ જીતી લીધાં

ગુજરાત | વંદન

કદમાં નાનો પણ વિશાળ ટેલેન્ટ ધરાવતો અબ્દૂ રોજિક હવે બીગ-બોસ 16માં ધૂમ મચાવી રહ્યો છે. 19 વર્ષનો ક્યૂટ એન્ડ ટેલેન્ટેડ રોજિક ઈન્ટરનેશનલ સેન્સેશન બની ગયો છે. નાનકડો અબ્દૂ એક શાનદાર સિંગર છે. તેની ગાયકી અને અવાજની દુનિયા ફેન છે.

અબ્દૂ રોજિક ટેલેન્ટનો ખજાનો છે. તેના જેટલા વખાણ કરવામાં આવે તેટલું ઓછું છે. સિંગિંગથી લઈને એક્ટિંગ સુધી અબ્દૂ બધી જ વસ્તુઓમાં નંબર વન છે. એક તો અબ્દૂનો ટેલેન્ટ અને બીજી તરફ તેના ક્યૂટ લૂક્સ તેની લોકપ્રિયતામાં વધારો કરે છે. અબ્દૂ હવે



બીગ બોસમાં ધૂમ મચાવી રહ્યો છે. પહેલાં જ દિવસે તેણે પોતાની ઈમાનદારી અને નૉટી નેચરથી લોકોના દિલ જીતી લીધાં. હવે જોવાનું રહ્યું કે અબ્દૂ આ શૉમાં કેટલો આગળ વધી શકે છે.

તજાકિસ્તાનમાં જન્મેલ અબ્દૂ રોજિકનું નામ વર્લ્ડ રેકોર્ડમાં લખાયેલ છે. અબ્દૂ રોજિક દુનિયાનો સૌથી નાની ઉંમરનો સિંગર બની ચૂક્યો છે. અબ્દૂની ઉંમર ભલે 19 વર્ષ હોય પણ કદ અને રૂપથી તે આજે પણ નાનકડો બાળક જ લાગે છે કારણ કે બિમારીને લીધે તેની હાઈટ વધી નથી. અબ્દૂ હાઈટથી માત્ર 3.5 ફીટનો છે. પરંતુ તેણે પોતાની નાની હાઈટને પોતાના સપનાંઓની વચ્ચે આવવા નથી દીધું. તે દુનિયાભરમાં લોકોનો પ્રિય બની ગયો છે. અબ્દૂને પહેલા તો તાજિક રૈપ સોન્ગ ગાવાનાં ખાસ ટેલેન્ટને લીધે લાઈમલાઈટ પ્રાપ્ત કરી હતી. તેનો રૈપ સોન્ગ ohi dili zor દુનિયાભરમાં ફેમસ થયો અને તે સ્ટાર બની ગયો.

અબ્દૂ આ સિવાય પણ અનેક ગીતો ગાઈ ચૂક્યો છે અને લોકોએ તેને અનહદ પ્રેમ પણ આપ્યો છે. અબ્દૂ ન માત્ર ગીતો ગાય છે પણ વીડિયો સોન્ગ્સમાં એક્ટિંગ પણ કરે છે. અબ્દૂના આ સૉન્ગમાં તમે જોઈ શકો છો કે તેણે પોતાના ગીતના દરેક શબ્દો પર જબરદસ્ત એક્સપ્રેશન્સ આપ્યાં છે.

## આદિપુરૂષના ટીઝર અને પોસ્ટરની રિલીઝની સાથે જ ફિલ્મના બોયકોટનું અભિયાન શરૂ



ગુજરાત | વંદન

સાઉથના બાહુબલી ફેમ સ્ટાર પ્રભાસ બોલીવૂડમાં હજુ જોઈએ તેવો પ્રભાવ પાડી શક્યો નથી. તેને આગામી ફિલ્મ આદિપુરષથી બહુ આશા છે. પરંતુ ફિલ્મનું ટીઝર અને પોસ્ટર રિલીઝ થતાં તેન ટીકા અને ફિલ્મના બોયકોટનું અભિયાન શરુ થઈ ગયું. ખાસ કરીને રાવણના પાત્ર તરીકે સૈફ અલીખાનના લુકની બહુ મજાક ઉડી રહી છે. યુઝર્સ તને લંકેશના બદલે દિકરા તૈમુર સાથે સરખાવી રહ્યા છે. એક યૂઝરે લખ્યું છે... આદિપુરુષ ફિલ્મ એ હિંદુઓ માટે શરમજનક વાત છે. મેકર્સે આપણી રામાયણને ફિક્શનલ સ્ટોરી તરીકે દેખાડી. બોલિવુડ સાથે કામ કરીને પ્રભાસ તેની છબી ખરાબ કરી રહ્યો છે.

## ગુજરાત અને હિમાચલમાં ભાજપ બહુમતીથી ફરી સતા મેળવશે: સર્વે

■ ગુજરાતમાં ભાજપ 135 થી 145, કોંગ્રેસ 36 થી 44 બેઠકો મેળવશે

ગુજરાત | વંદન

ગુજરાત અને હિમાચલપ્રદેશમાં હવે વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે અને ચાલુ માસમાં જ રાજયમાં ચૂંટણીના શેડયુલની પણ ચૂંટણીપંચ દ્વારા જાહેરાત કરી દેવાશે તે વચ્ચે પ્રથમ પ્રી-પોલ સર્વેમાં બંને રાજયોમાં ભારતીય જનતાપક્ષ મેદાન મારી જશે તેવા તારણ આપવામાં આવ્યા છે અને ખાસ કરીને પ્રથમ વખત ગુજરાત તથા હિમાચલ પ્રદેશમાં આમ આદમી પાર્ટી તેની તમામ તાકાતથી મેદાનમાં છે અને તેથી બંને રાજયોમાં ત્રીકોણીય જંગ ખેલાશે.

પરંતુ તેનાથી ભાજપ કરતા કોંગ્રેસને વધુ નુકશાન સહન કરવું પડે તેવા સંકેત છે. હાલમાં જ એબીપી ન્યુઝ તથા સી-વોટરના સર્વેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફેકટરના આધારે ભાજપ ચૂંટણી જીતી જશે તેવું જણાવવામાં આવ્યું છે. બંને રાજયોમાં 60 ટકા લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કામગીરીને મંજુરીની મહોર મારી છે. ફકત 22 ટકા લોકો પ્રધાનમંત્રીની કામગીરીથી નારાજ છે અથવા તો પસંદ કરતા નથી અને બંને રાજયોમાં મોદી ફેકટર જ ભાજપને ચૂંટણી જીતાડશે તેવું તારણ આપવામાં આવ્યું છે.

ગુજરાતમાં 182 વિધાનસભા બેઠકોમાં ભાજપ 135 થી 143 બેઠકો, કોંગ્રેસ 36 થી 44 અને આમ આદમી પાર્ટી વધુમાં વધુ બે બેઠકો જીતી શકે તથા અન્ય ત્રણ બેઠકો અપક્ષોને ફાળે જશે તેવું જણાવાયું છે. હિમાચલ પ્રદેશમાં 68 વિધાનસભા બેઠકોમાં ભાજપ બહુમતીને પાર કરીને 37 થી 45 બેઠકો કોંગ્રેસ 21થી29 બેઠકો અને આમ આદમી પાર્ટી એક બેઠક પર વિજેતા બની શકે છે.

### વ્યાસપીઠ પરથી બોલ્યા- હિન્દુમોભીએ મસ્જીદમાં પગ મૂક્યો, છે કોઈ બોલનાર..?

# મોરારીબાપુનો પડકાર કોણ ઝીલશે, ભાગવતને કોણ પૂછશે...?


ગુજરાત | વંદન

25 સપ્ટેમ્બર, 2022ના રોજ 76 વર્ષ પૂરા કરનાર મોરારીબાપુને કોઈ ઓળખની જરૂર નથી. તેમના મુખે રામચરિત માનસ સાંભળવાનો એક લ્હાવો છે. મૂળ શિક્ષક એવા મોરારીબીપુનુ આખુ નામ મોરારીદાસ પ્રભુદાસ હરિયાણી. ભાવનગર નજીક તલગાજરડા એમનુ ગામ અને દેશ-વિદેશમાં રામાયણ સંભળાવવી એ તેમનું કામ., તેમણે ઉડતા વિમાનમાં રામાયણ કથા કરી તો દરિયામાં સ્ટીમરમાં બેસીને કથા સંભળાવી. ચાર ધામ અને લગભગ દરેક મોટા શહેરોમાં તેમના રાથાના કાર્યક્રમો યોજાય છે. પોતાના અનુયાયીઓમાં બાપુના નામે ઓળખાતા મોરારીબાપુ રામકથા દરમ્યાન મોજમાં આવે ત્યારે જુના ગીતો પણ ગાય અને શ્રોતાઓને મોજ કરાવે.


મૃદુ સ્વભાવના અને શાંત પ્રકૃતિના એવા મોરારીબાપુ કથા દરમ્યાન ઉર્દુ શબ્દો બોલે, ઉર્દુ ભાષામાં શેર-શાયરી પણ કહે અને કોમી એકતાના પ્રયાસો પણ કરે.એ મામલે હિન્દુવાદી સંસ્થાઓએ તેમના પર માછલા ધોયા હતા. તેમને બદનામ કરાયા હતા. બાપુ મનમાં સમસમી ગયા હતા પણ કરે શું...? સૌના દિવસો આવે એમ બાપુનો પણ સમય આવ્યો.

આરએસએસના વડા મોહન ભાગવત દિલ્હીના ઈમામને મળવા મસ્જીદમાં ગયા, મદરેસામાં પણ ગયા અને મુસ્લિમ અગ્રણીઓ સાથે બેઠક યોજી.મોહન ભાગવત હિન્દુ મંદિરમાં જાય તો એ સમાચાર ન કહેવાય પણ મસ્જીદમાં જઈને મોલવીઓ -ઈમામો સાથે મળે એટલે એ સમાચારની વ્યાખ્યામાં સુસંગત છે.

મોહન ભાગવત મસ્જીદમાં ગયા તે બાબતને લઈને એક રામકથામાં મોરારીબાપુએ







### અડવાણી ઝીણાની મજાર પર- ભાગવત મસ્જીદમાં...!કોણ કરાવે છે આ બધુ ..

સંઘનો અને ભાજપને વારા કાઢી નાંખ્યો... ટીવીએન્કરોની ભાષામાં કહીએ તો કલાસ લઈ લીધો..વ્યાસપીઠ પરથી બાપુ ઉવાચઃ હમણાં હિન્દુત્વના મોભી ઈમામને મળ્યા, મસ્જીદમાં ગયા અને મદરેસામાં પણ ગયા...કેમ કોઈ કાંઈ બોલતા નથી...? બોલો હવે...! ઉતરી પડો...! મોરારીબાપુ કાંઈ બોલે તો નિકળી પડ્યા હતા ધોકા લઈને...હવે નિકળો... મોરારીબાપુની ટીકા કરવા..!હું કોઈ ઉર્દુ શબ્દ બોલુ મારા ઉપર ધોકાવાળી કરવાની...અને આ મોભી મસ્જીદમાં ગયા તો કોઈ નહીં બોલે..ક્યાં ગયા એ બધા.. ક્યાં ગયા..એય...એય...એય...અલ્યા એય.. બોલો હવે ટીકા કરો...!!

મોરારીબાપુની વેદનાને વ્યકત કરતો આ વિડિયો વાઈરલ થયો છે. અને જેમ મોરારીબાપુએ લહેકામાં કહ્યું-ક્યાં ગયા એ બધા..ક્યાં ગયા..એય...એય...એય...અલ્યા એય..બોલો હવે ટીકા કરો...એ સાંભળીને લોકોને નવાઈ લાગી રહી છે કે ભાજપ અને સંઘ પરિવારે રામ મંદિર માટે જેટલો પ્રચાર નહીં કર્યો હોય એટલો પ્રચાર બાપુએ રામકથાના માધ્યમથી કર્યો હતો. તેમની છાપ ભાજપ તરફી થઈ ગઈ હતી. પણ આખરે ભાગવતના મસ્જીદ અને મદરેસા પ્રવેશના પગલે બાપુનો ભ્રમ ભાંગી ગયો હશે એટલે એમણે પોતાની વેદના વ્યાસપીઠ પરથી વ્યકત કરીને સૌને ચોંકાવ્યાં છે. કેમ કે જેમણે આ વિડિયો જોયો તેમને નવાઈ લાગી રહી છે કે મોરારીબાપુ આવુ બોલે છે...? એ તો ભાજપવાળા છે...અને અયોધ્યામાં રામ મંદિર બનાવવા ભાજપને વર્ષો સુધી ટેકો આપ્યો...એ ભાગવતનું નામ લીધા વગર બોલી રહ્યાં છે...?!

મોરારીબાપુની જેમ લાખો-કરોડો હિન્દુઓને પણ નવાઈ લાગી કે હેં...ભાગવત મસ્જીદમાં ગયા...?!મુસ્લિમ સમુદાયના કટ્ટર વિરોધી વલણ ધરાવનાર સંઘ સંસ્થાના વડાને મસ્જીદમાં જવાની કેમ ફરજ પડી...? ઈમામોને મળવુ હોય તો જાહેરમાં તેમની સાથે સંવાદ કરી

(અનુસંધાન પેજ નં.6 પર)

# આયુષ્યમાને બે ફિલ્મો ફ્લોપ થતાં એક ઝાટકે 10 કરોડ ફી ઘટાડી

આયુષ્યમાન ખુરાનાની પાછલી બે ફિલ્મો 'અનેક' અને 'ચંદીગઢ કરે આશિકી' સુપર ફ્લોપ થયા પછી તેણે પોતાની ફી પચ્ચીસ કરોડથી ઘટાડી ૧૫ કરોડ કરી દીધી છે. આયુષ્યમાન હવે સાઈનિંગ એમાઉન્ટ તરીકે પંદર કરોડની જ ફી લે છે. જ્યારે બાકીની રકમ તેણે પ્રોફિટ શેરિંગ તરીકે એડજેસ્ટ કરવાનો નિર્ણય કર્યો છે. મતલબ કે જો ફિલ્મ હિટ થાય તો તેના હિસ્સામાંથી નિર્માતાએ તેને હિસ્સો આપવાનો એવી ફોર્મ્યૂલા અપનાવાઈ છે. બોલીવૂડના અક્ષય કુમાર અને આમિર ખાન તથા અજય દેવગણ સહિતના કેટલાય કલાકારો પણ અપફ્રન્ટ ફી લેવાને બદલે નફામાંથી હિસ્સાનો માર્ગ અપનાવે છે. અક્ષય કુમાર તો હવે પોતાની મોટાભાગની ફિલ્મોમાં પ્રોડ્યૂસર તરીકે ગોઠવાઈ જ જાય છે. ટ્રેડના સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ પણ શાહિદ કપૂર તથા વિકી કૌશલ જેવા કેટલાય અભિનેતાઓએ પણ ફી ઘટાડાના આ ટ્રેન્ડને અનુસરવો પડશે.





# 'આશિકી-થ્રી'ની હોડમાં રશ્મિકા મંદાના સૌથી મોખરે

આશિકી- થ્રી ફિલ્મમાં કાર્તિક આર્યનની હિરોઈન બનવાની હોડમાં નેશનલ ક્રશ મનાતી હિરોઈન રશ્મિકા મંદાના સૌથી આગળ નીકળી ગઈ હોવાનું કહેવાય છે. આશિકી ફિલ્મ આવી ત્યારે અનુ અગ્રવાલ નવો ચહેરો હતી. આશિકી ટૂ સમયે શ્રદ્ધા કપૂર પણ એટલી જાણીતી ન હતી. આથી, આશિકી સિરીઝમાં હંમેશાં ફ્રેશ ફેસ ચાલે છે એવી માન્યતાથી મેકર્સએ રશ્મિકા પર જ આખરી પસંદગીની મહોર ઉતારી હોવાનું મનાય છે .

રશ્મિકા અને કાર્તિકની નવી જોડી પણ લોકોને પસંદ પડશે એવો મેકર્સને ખ્યાલ છે. આશિકી થ્રી જાહેર થઈ ત્યારથી જ કાર્તિકને હિરો તરીકે લેવાનું નક્કી થઈ ગયું હતું. જોકે, હિરોઈન તરીકે રશ્મિકા ઉપરાંત શ્રદ્ધા કપૂર અને ક્રિતી સેનન પણ હોડમાં હોવાનું કહેવાય છે. એક તબક્કે દીપિકા પાદુકોણનું નામ પણ ચર્ચાયું હતું. મેકર્સ દ્વારા હિરોઈનની પસંદગીની સત્તાવાર જાહેરાતની હવે રાહ જોવાઈ રહી છે.

# આમિર હવે એક સ્પેનિશ ફિલ્મની નકલ ઉતારશે




આમિર ખાને હોલીવૂડની હિટ મૂવી 'ફોરેસ્ટ ગમ્પ'ની નબળી નકલ જેવી 'લાલસિંહ ચઢ્ઢા' ભારતીય પ્રેક્ષકોને માથે મારી હતી. પરંતુ, આમિરની આ ફિલ્મને ભારે પછડાટ મળી હતી. આમ છતાં હવે તે એક સ્પેનિશ ફિલ્મની રીમેક બનાવવાનો છે. આમિરે સ્પેનિશ ફિલ્મ 'ચેમ્પિયન'ની રીમેક માટે લીલીઝંડી આપી દીધી છે. મૂળ સ્પેનિશ ફિલ્મ એક સ્પોર્ટસ ડ્રામા હતી. બોલીવૂડમાં તાજેતરમાં '૮૩' અને 'જર્સી' તથા 'ઝુંડ' સહિતની સ્પોર્ટસ ફિલ્મો લગાતાર નિષ્ફળ ગઈ છે તેમ છતાં આમિરે ફરી એ જ વિષય પસંદ કર્યો છે. આ ફિલ્મનું શૂટિંગ આગામી જાન્યુઆરીથી શરુ થવાના અહેવાલો છે. આર.એસ. પ્રસન્ન આ ફિલ્મનું દિગ્દર્શન કરશે.

# ડેડપૂલનો ત્રીજો ભાગ 2024માં રિલીઝ થશે, હ્યૂ જેકમેન જોવા મળશે

ડેડપૂલના ફેન્સ માટે સારા સમાચાર! ડેડપૂલના ત્રીજા ભાગમાં એક્ટર હ્યુ જેકમેન વોલ્વરીનના પાત્ર તરીકે પરત ફરવા જઈ રહ્યો છે. હા, તમે તે સાચું સાંભળ્યું છે, તમે ડેડપૂલ 3 માં વોલ્વરીનના પાત્રને જોઈ શકશો. આ માહિતી ખુદ રેયાન રેનોલ્ડ્સ દ્વારા જાહેર કરવામાં આવી છે. રાયન રેનોલ્ડ્સે ટ્વિટર પર એક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી છે કે હ્યુ જેકમેન 6 સપ્ટેમ્બર, 2024 ના રોજ રીલિઝ થનાર ડેડપૂલના ત્રીજા ભાગમાં વોલ્વરિન તરીકે જોવા મળશે. તે જ સમયે, રેયાન રેનોલ્ડ્સે વીડિયોના કેપ્શનમાં લખ્યું, "આ વિશે મારું મોઢું બંધ રાખવું મુશ્કેલ છે."

વિડિયોની શરૂઆતમાં, અભિનેતા કહે છે, "એમસીયુમાં તેના પ્રથમ દેખાવને વિશેષ બનાવવા માટે ઘણી મહેનત કરવી પડશે. પાત્રમાં સાચા રહેવા માટે વ્યક્તિએ નવી પ્રેરણા અને અર્થ શોધવાની જરૂર છે. દરેક 'ડેડપૂલ' ' અલગ હોવું જરૂરી છે. જરૂર છે.

એટલામાં જ એક માણસ તેમની પાછળ ફ્રેમમાં આવે છે અને રેનોલ્ડ્સ કહે છે, "હે હ્યુ, ફરીથી વોલ્વરાઈન રમવા માંગો છો?" પછી હ્યુગનો જવાબ






આવે છે, "હા, અલબત્ત, રાયન." તરત જ, વ્હીટની હ્યુસ્ટનને એવું કહેતા સાંભળવામાં આવે છે, "હું હંમેશા તમને પ્રેમ કરીશ" અને વિડિઓ સમાપ્ત થાય છે.

# અલ્લુ અર્જુનની 'પુષ્પા 2' વિશે નવી અપડેટ્સ, ટૂંકમાં શરૂ થશે શૂટિંગ

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાન્ના સ્ટારર ફિલ્મ 'પુષ્પા'ની સિક્વલની દર્શકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મ 'પુષ્પા 2'ની જાહેરાત બાદ હવે ફેન્સ તેના શૂટિંગની રાહ જોઈ રહ્યા છે. ફિલ્મ 'પુષ્પા'ને લઈને દર્શકોમાં ક્રેઝ એટલો હતો કે તેના ગીતો, દ્રશ્યો અને એકપાત્રી નાટક સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થવા લાગ્યા હતા. બાળકો કે યુવાનોએ પણ પુષ્પાના સામી સામી અને શ્રીવલ્લી પર તેમના નૃત્ય કૌશલ્ય દર્શાવ્યા હતા. આટલું જ નહીં, લોકોએ ફિલ્મમાં અલ્લુની ટ્રિક પણ અપનાવી. પુષ્પાની સફળતા બાદ ફિલ્મના નિર્માતાઓએ તેની સિક્વલની જાહેરાત કરી છે.

હવે સૂત્રોના જણાવ્યા અનુસાર અલ્લુ અર્જુન ટૂંક સમયમાં બીજા ભાગનું શૂટિંગ શરૂ કરી શકે છે. એક સ્ત્રોત મુજબ, "અલ્લુ અર્જુન ઑક્ટોબરના મધ્યમાં પુષ્પા 2 માટે શૂટિંગ શરૂ કરશે અને તેનો નવો લુક ટૂંક સમયમાં બહાર આવશે. સ્ટાર તેના માટે ક્લાસ લઈ રહ્યો છે અને પુષ્પા 2 માટે તૈયારી કરી રહ્યો છે. વેલ, અમને ખબર નથી કે તે કેટલું સાચું છે પરંતુ જો અલ્લુ અર્જુન પુષ્પા 2નું શૂટિંગ શરૂ કરશે તો દેશ તેને તહેવારની જેમ ઉજવશે. તેનો નવો લૂક નવા રૂપમાં હશે અને દેશવાસીઓ આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા હશે.

મળતી માહિતી મુજબ આ ફિલ્મમાં સાઉથની અભિનેત્રી સાઈ પલ્લવીની પણ એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં આદિવાસી છોકરીના રોલ માટે સંપર્ક કરવામાં આવ્યો છે જેના માટે તે ટૂંક સમયમાં શૂટિંગ શરૂ કરશે. જો કે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી



# 19 વર્ષની ઉંમર... બે દિવસ જેલમાં...અભિનેત્રીએ હિજાબ મુદ્દે કરી વાત

છેલ્લા કેટલાક દિવસોથી ઈરાનમાં મહિલાઓ હિજાબ પહેરવાનો વિરોધ કરી રહી છે. વિશ્વભરમાં ઘણા લોકો આ આંદોલનને સમર્થન આપી રહ્યા છે. 19 વર્ષની ઉંમરે ઈરાનમાં પોતાનું ઘર છોડી ગયેલી મંદાના કરીમીએ પણ આ મુદ્દે પોતાનો અવાજ ઉઠાવ્યો છે. મંદાના કરીમીએ જણાવ્યું કે શા માટે દુનિયાએ ઈરાની મહિલાઓના સમર્થનમાં અવાજ ઉઠાવવો જોઈએ. મંદાના કરીમીએ કહ્યું કે, 'વર્ષો પહેલા મેં ભારે હ્રદય સાથે ઈરાન છોડી દીધું હતું, જ્યારે હું માત્ર 19 વર્ષની હતી, સિંગલ હતી અને મને ફારસી સિવાય બીજી કોઈ ભાષા આવડતી નહોતી. ત્યારે મારો પરિવાર પણ મને સાથ આપતો ન હતો અને હું પૈસા લીધા વગર ઘર છોડી નીકળી ગઈ હતી. અત્યારે તમે કહી શકો છો કે તે કેટલી બહાદુર છોકરી હતી પરંતુ કોઈ જાણે છે કે કોઈ તેના પરિવાર અને દેશને કેવી રીતે છોડી શકે છે.

પોતાના દેશની સ્થિતિ વિશે વાત કરતા મંદાનાએ કહ્યું, 'હું એવી જગ્યાએ રહી શકતી નથી જ્યાં હું શ્વાસ લઈ શકતી ન હતી, બહાર જવાનું વિચારી શકતી ન હતી. ત્યાં પણ, મારે કોની સાથે ફરવું, શું ભણવું, શું પહેરવું, નહીંતર પોલીસ મારી ધરપકડ કરશે એવી કોઈ સ્વતંત્રતા નથી. મને યાદ નથી કે પોલીસે કેટલી વાર મને રોકી અને ધરપકડ કરી. મેં મારા બધા પૈસા તેમને આપી દીધા. મેં પોલીસ કસ્ટડીમાં 2 રાત વિતાવી અને મારા મિત્રોને મારતા જોયા. ત્યાંથી આવ્યા પછી હું કેટલીક ઘટનાઓ ભૂલી ગઈ છું. પરંતુ ત્યારે હું ઈરાની હતી અને હજુ પણ ત્યાં મારા મિત્રો છે અને મારો પરિવાર પણ ત્યાં છે.

મંદાના કરીમીએ કહ્યું, 'ઈરાનમાં મારા 2 ભાઈઓ અને એક માતા છે. માતા તેહરાનમાં એકલી રહે છે અને ત્યાં શું થઈ રહ્યું છે તેનાથી ગભરાય છે. તે મને કહે છે, 'તું અહીં નથી તે સારું છે. આ દેશમાં મહિલાઓ માટે કોઈ સ્થાન નથી. કાશ હું પણ તારી સાથે હોત. પણ મને આનંદ છે કે તું અહીં નથી. મંદાનાએ આગળ કહ્યું, 'મારા પર વિશ્વાસ કરો, તેના આ શબ્દો મારું દિલ તોડી નાખે છે. મારા જ દેશમાં છોકરીઓ માટે કેમ કોઈ સ્થાન નથી? હું મારા પરિવાર સાથે કેમ ન રહી શકું? મુક્ત થવા માટે મારે વિદેશમાં કેમ રહેવું પડશે? છેલ્લા 2 દિવસથી મેં મારા પરિવાર સાથે વાત પણ કરી નથી. તેમના ફોન કામ કરતા નથી અને હું તેમને કહી શકતી નથી કે ઈરાનમાં વિરોધ કરી રહેલી ઈરાની મહિલાઓનું હું કેટલું સમર્થન કરી રહી છું.





# રણવીર અને દીપિકા વચ્ચે અણબનાવ થયો હોવાની જોરદાર અફવાઓ

રણવીર અને દીપિકા વચ્ચે અણબનાવ સર્જાયો હોવાની અફવાઓ ઈન્ટરનેટ પર વાયરલ થઈ છે. આ અફવાઓ વધી જતાં તાજેતરમાં ખુદ રણવીરે દીપિકાની મુક્તકંઠે પ્રશંસા કરીને તથા પોતાની જિંદગીમાં તેનું મહત્વનું સ્થાન હોવાનું જણાવી અફવાઓનું ખંડન કરવા પ્રયાસ કર્યો હતો.


સોશિયલ મીડિયા પર એવી અફવા ફરી વળી છે કે બંને વચ્ચે કોઈ ખટરાગ સર્જાયો છે. તેમના દામ્પત્યમાં બધું સમુસુતરું નહીં હોવાની ચર્ચાઓ ઘુમરાઈ રહી છે. તેમાં પણ તાજેતરમાં દીપિકાએ ઉપરાછાપરી બે વખત નવર્સનેસ તથા હ્રદયના ધબકારા વધી જવાથી હોસ્પિટલમાં દાખલ થવું પડયું તેના કારણે અફવાઓને બળ મળ્યું હતું. જોકે, રણવીરે તાજેતરમાં આ અફવાઓનું ખંડન કરવાના પ્રયાસના ભાગ રુપે કહ્યું હતું કે મારી અને દીપિકાની રિલેશનશિપને દસ વર્ષ પૂરાં થયાં છે. મારી જિંદગીમાં જે કાંઈ સારું છે તે દીપિકાને આભારી છે. મને તેના માટે બહુ પ્રેમ અને સન્માન છે. તેણે મને ઘણું બધું શિખવાડયું પણ છે.

# હિંમતસિંહનો હિંમતપૂર્વકનો હુંકાર...

અમારા ધારાસભ્યોને ED-CBIનો ડર બતાવીને ખરીદવામાં આવે છે, પણ જનતાનો વિશ્વાસ નહીં ખરીદી શકાય..

# લખી લો.. કોંગ્રેસની 125 પાક્કી, 'આપ' ભાજપની બી ટીમ..!

## ગુજરાત સરકાર પશ્ચિમ અને પૂર્વ વિસ્તારના લોકો સાથે ભેદભાવની નીતિ અપનાવે છે-પટેલ



હિંમતસિંહ

ગુજરાત | વંદન / અજય શર્મા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો ચાલુ માસના મધ્યમાં જાહેર થવાની છે, ત્યારે તમામ પક્ષોએ પ્રચાર-પ્રસાર શરૂ કરી દીધો છે. આચારસંહિતા લાગે તે પહેલા સરકાર પણ તમામ વિકાસના કામોના લોકાર્પણ-ભૂમિપૂજન કરી રહી છે. આ પ્રથમવાર ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ જામશે.

ચૂંટણી પૂર્વે ધારાસભ્યોના કામોના લેખાંજોખાને દર્શાવતી "ગુજરાત વંદન" અખબારની ચૂંટણીઓ-2022ની સિરિઝમાં આ વખતે અમદાવાદના બાપુનગર બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય હિમંતસિંહ પટેલ સાથે મુલાકાત કરી છેલ્લા પાંચ વર્ષમાં તેમના મત વિસ્તારમાં થયેલા વિકાસના કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ધારાસભ્ય હિંમતસિંહ પટેલે "ગુજરાત વંદન" સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, બાપુનગરમાં તેમનો પરિવાર પાંચ પેઢીથી જનતાની સેવા કરી રહ્યો છે. જ્યારે તેઓ અમદાવાદના મેયર બન્યા હતા ત્યારે આલિશાન બંગલામાં રહેવાને બદલે પોતાના વિસ્તારમાં આવેલા મકાનમાં રહેવાનું પસંદ કર્યું હતું. કારણ કે તેમના વિસ્તારમાં મોટાભાગના કામદારો અને ગરીબ લોકો રહે છે, જો તેઓ મેયરના બંગલામાં રહેવા જતા રહ્યાં હોત તો સામાન્ય જનતાની સમસ્યાઓથી વાકેફ નહોત. તેમનો એક જ ઉદ્દેશ્ય સામાન્ય, ગરીબ લોકોની સેવા કરવાનો..અને એજ ધ્યેયથી મેયરથી લઇ ધારાસભ્યની સફરમાં જનતાની સેવા કરતો આવ્યો છું.

તેઓ કહે છે- છેલ્લા પાંચ વર્ષથી બાપુનગરમાં વિકાસના અનેક કામો કર્યા છે. તેમની 100 લોકોની આખી ટીમ લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે સતત કાર્યરત છે. બાપુનગર, રખિયાલ-સરસપુર અને ગોમતીપુર વોર્ડ તેમની બેઠક હસ્તક હેઠળ આવે છે. અહીંની મોટાભાગની શેરીઓ અને વિસ્તારોમાં પાણી, ડ્રેનેજ લાઇન, રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમની ઓફિસ તેમના વિસ્તારના લોકો માટે હંમેશા ખુલ્લી રહે છે. આધારકાર્ડ, રેશનકાર્ડ, શાળામાં બાળકોના પ્રવેશ, દર્દીઓની સુવિધા માટે હોસ્પિટલે આવતા લોકોને સમસ્યાનું નિરાકરણ તાત્કાલિક કરવામાં આવે છે.

હું રાજકારણ કરવા આવ્યો નથી એમ કહીને તેમણે કહ્યું કે, બાપુનગરમાં રહેતા તમામ લોકો તેમનો પરિવાર છે અને, તેઓ સામાજિક કાર્યકર બનીને લોકો માટે કામ કરે છે. ગુજરાતની વાત કરીએ તો છેલ્લા 25 વર્ષથી ભાજપનું શાસન છે પરંતુ આજે પણ અહીંના લોકોની સામાન્ય સમસ્યા જેમની તેમ છે. ભાજપના શાસનમાં લોકો બેરોજગાર બન્યા છે, મોંઘવારીનો માર સહન કરી રહ્યાં છે. યુવાનો સરકારી નોકરી માટે તૈયારી કરે છે, પરંતુ પેપર લીક કરીને આ સરકાર યુવાનોના ઘા પર મીઠું નાંખી રહી છે.

આ વખતે ગુજરાતમાં કોંગ્રેસ ત્રીજા પક્ષ તરીકે દેખાઈ રહી છે અને આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષની ભૂમિકામાં છે તેવા સવાલ પર હિંમતસિંહ પટેલે કહ્યું કે તમે લખી રાખો આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની 125 પ્લસ સીટો આવશે, વાત આમ આદમી પાર્ટીની છે તો એ પણ લખી લો કે કેજરીવાલ અને તેમની પાર્ટી ભાજપ 'બી" ટીમ છે. ભાજપે જ આ પાર્ટીને તમામ રીતે મદદ કરીને તૈયાર કરી છે. વર્ષ 2017માં પણ આમ આદમી પાર્ટીએ ચૂંટણી લડી હતી અને તેમના મોટાભાગના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત કરવામાં આવી હતી. ગુજરાતનો ઈતિહાસ છે કે ભાજપ અને કોંગ્રેસ સિવાય કોઈ ત્રીજો પક્ષ હોઈ શકે નહીં. શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલ, ગોરધન ઝડફિયા પણ પાર્ટી બનાવી હતી અને ગુજરાતમાં આ પાર્ટીઓનું શું થયું છે તે બધા સારી રીતે જાણે છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમના વિકાસ માટે ઘણા પ્રયત્નો કર્યા

ધારાસભ્યએ કહ્યું કે, ગુજરાત સરકાર પશ્ચિમ અને પૂર્વ વિસ્તારના લોકો સાથે ભેદભાવની નીતિ અપનાવે છે. તેમના વિસ્તારમાં હજુ સુધી કોઈ સ્પોર્ટ્સ સંકૂલ બનાવવામાં આવ્યું નથી,.. અહીંયા સૌથી મોટું લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ હતું, પહેલા અહીં પોલીસ ભરતી થતી હતી, પોલીસ પરેડ થતી હતી, બાળકો ક્રિકેટ રમતા હતા, અહીં રાજકીય પક્ષોની રેલીઓ યોજાતી હતી, નાના-મોટા કાર્યક્રમો યોજાતા હતા, પરંતુ ભાજપે આ ઐતિહાસિક સ્ટેડિયમની હાલત નર્કાકાર જેવી કરી નાંખી છે. સ્ટેડિયમના વિકાસના નામે અહીં ડ્રેનેજનું પ્રદૂષિત પાણી ઠાલવવામાં આવે છે. અહીં આજુબાજુના વિસ્તારોમાં ગંદા પાણીના કારણે બિમારીઓનો સામનો કરવો પડે છે. અહીં બાલભવન છે, પરંતુ સરકારના ઉદાસીન વલણને કારણે તે જર્જરિત



હાલતમાં છે અને અસામાજિકતત્વોનું આશ્રયસ્થાન બની ગયું છે. ધારાસભ્યએ કહ્યું કે તેમણે લાલ બહાદુર સ્ટેડિયમના વિકાસ માટે સરકાર અને કોર્પોરેશન સમક્ષ અનેકવાર રજુઆતો કરી છે, પરંતુ સરકાર તેના પર કોઈ ધ્યાન આપતી નથી. તેમણે કહ્યું કે સ્થાનિક લોકોની સુખારી માટે તેમની ગ્રાન્ટથી સ્ટેડિયમાં ઠલવાતા દૂષિત પાણીને સાફ કરવા માટે સ્ટેડિયમમાં પ્લાન્ટ પણ લગાવવામાં આવ્યા છે.

# મુઝે તો અપનો ને લૂંટા, ગૈરો મેં કહાં દમ થા- જગરૂપસિંહની વેદના



જગરૂપસિંહ રાજપૂત



ગઈ ચૂંટણીમાં બાપુનગર બેઠકના ભાજપના ઉમેદવાર જગરૂપસિંહ રાજપૂતે હિંમતસિંહ પટેલના વિકાસ કામના દાવા પોકળ હોવાનું જણાવતા કહે છે કે, હિંમતસિંહ પટેલ સમગ્ર મત વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી જોવા મળતા નથી. અહીંના ધારાસભ્ય ક્યાં રહે છે તેની પણ નાગરિકોને ખબર નથી. એટલું જ નહીં જનતાની સમસ્યા સાંભળવા માટે કોઇ કાર્યલય પણ નથી બનાવ્યું. તેમણે એક ચોક્કસ સમુદાય માટે જ કામ કર્યું છે.

શહેરકોટડા, સરસપુર વોર્ડના રસ્તાઓની હાલત ખૂબ જ ખરાબ છે. મોટા મોટા દાવા કરનારા હિંમતસિંહ પટેલે પોતાની ગ્રાન્ટ વાપરી હોત તો અહીંના રસ્તાઓની આવી સ્થિતિ નહોત. જગરૂપસિંહે કહ્યું કે અગાઉ જ્યારે તેઓ ધારાસભ્ય બન્યા ત્યારે બાપુનગરમાં પાણીની ઘણી સમસ્યા હતી. તેથી જ તેણે સૌ પ્રથમ તેનો

...અનુસંધાન પેજ નં. 6 પર

### 3 હજારની બહુમતિએ જીત્યા હતા હિંમતસિંહ

બાપુનગર વિધાનસભા બેઠક ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવે છે. 2017માં બાપુનગરમાં કુલ 47.88 ટકા મતદાન થયું હતું. 2017માં કોંગ્રેસના હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલે ભાજપાના જગરૂપસિંહ ગિરદાનસિંહ રાજપૂતને માત્ર 3067 મતોની પાતળી માર્જિનથી હરાવ્યા હતા. બાપુનગર વિધાનસભા બેઠક અમદાવાદ-પૂર્વ હેઠળ આવે છે. આ સંસદીય ક્ષેત્રના સાંસદ હસમુખ પટેલ છે, જેઓ ભારતીય જનતા પાર્ટીના છે. તેમણે 2019માં કોંગ્રેસના શ્રીમતી ગીતાબેન પટેલને 434330થી હરાવ્યા હતા.

### 5 વર્ષથી અહીંના ધારાસભ્યને કદી જોયા નથીઃ સ્થાનિકો

બાપુનગર વિસ્તારમાં રહેતા અબરાર રાજપૂતે ગુજરાત વંદન સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેમણે પાંચ વર્ષથી અહીંના ધારાસભ્યને કદી જોયા નથી. બાપુનગરમાં ઘણી સમસ્યાઓ છે, અહીં આરસીસી રોડ બનાવવામાં આવ્યા નથી, સર્વત્ર ગંદકી છે. ધારાસભ્યને અનેક વખત રજુઆત કરવામાં આવી છે, પરંતુ જવાબમાં માત્ર ખાતરી જ મળે છે.

શાસ્ત્રી સ્ટેડિયમ સામે રહેતા રાજેશભાઈ રાજપૂતે જણાવ્યું કે, બાપુનગર પહેલા જવાહરલાલ સ્ટેડિયમ તરીકે ઓળખાતું હતું. અહીં જનરલ હોસ્પિટલ અને સ્ટેડિયમ બંને સામસામે છે. જ્યારે તેઓ નાના હતા ત્યારે આ સ્ટેડિયમમાં ક્રિકેટ રમતા હતા, આખો દિવસ ક્રિકેટ રમીને ઘરે જતા હતા. અહીં નાની-મોટી પાર્ટીઓ માટે સભાઓનું આયોજન કરવામાં આવતું હતું. આટલું જ નહીં, પોલીસ તેમજ સેનાની ભરતીની તૈયારી માટે લોકો આ સ્ટેડિયમનો ઉપયોગ કરતા હતા. પરંતુ આજે તેઓ આ સ્ટેડિયમની હાલત જોઈને ખૂબ જ દુઃખી થાય છે. બાપુનગર વિસ્તારના સમગ્ર ગટરનું પાણી સ્ટેડિયમમાં છોડવામાં આવે છે. બીજી તરફ ગંદા પાણીની દુર્ગંધથી આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્ટેડિયમના વિકાસ માટે સરકારને વિચાર કરવો જોઈએ...

# મોદીના કાર્યક્રમમાં કાળા વાવટા બતાવનાર 4 કોંગી નેતાને પાસા

■ સુરતમાં કાર્યક્રમ પછી ચારેય સામે છેડતીની ફરિયાદ થઈ હતી

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુરતના લિંબાયતમાં તા.29મીએ યોજાયેલા કાર્યક્રમમાં કોંગ્રેસના ચાર નેતાઓ કિશોર શિંદે, ગુલાબધર યાદવ, સંતોષ શુક્લા અને આશિષ રાય દ્વારા કાળા વાવટા દર્શાવી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ચાર નેતાઓ સામે છેડતીનો આરોપ દાખલ કરીને પોલીસે ધરપકડ કર્યા પછી જામીન પર છુટી જતાં તેમની સામે પાસાની કેસ કરવામાં આવ્યા છે. જેના પગલે વિધાનસભા વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા સુખરામ રાઠવાની આગેવાનીમાં કોંગ્રેસે મુખ્યમંત્રીને રજુઆત કરી હતી.

સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, પોલીસે કોઇ ગુનો નોંધ્યાની પરિવારને સાંજ સુધી જાણ ન કરી અને આ પછી એકાએક

...અનુસંધાન પેજ નં. 6 પર

### ના, આ કોઈ નોટબંધી માટેની લાઇન નથી...!





ના, આ કોઈ કોરોના રસી માટેની કે નોટબંધીમાં નોટા બદલાવવા માટેની લાઇન નથી. પણ વર્તમાન મોંઘવારીમાં અંદાજે એક હજાર રૂપિયે કિલો ફાફડા અને એટલાં જ કિંમતે જલેબી જ્યાં વેચાઈ રહી છે, તે દુકાનથી કેટલાય મીટર દુર સ્વાદના રસિયાઓની આ લાઇન ઘણું બધુ કહી જાય છે.

દશેરાના દિવસે માતાજીના હવન સાથે ભાવ ભક્તિપૂર્વક ગરબા વળાવવામાં આવ્યાં..

# દહેગામ તાલુકાનું પૌરાણિક પાટનાકુવા ગામ ગરબાની રમઝટથી ગાજી ઉઠ્યું





ગુજરાત | વંદન

કપરા કોરોના કાળના બે વર્ષ બાદ જાણે કે નવું જીવન, નવો આનંદ, નવો ઉલ્લાસ જીવનમાં મળ્યો હોય તેમ આ વખતે ગરવી ગુજરાતમાં વટ છે તમારો...એવા દ્રશ્યો જોવા મળ્યા. ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના પ્રાચીન એવા



પાટનાકુવા ગામમાં પણ કંઈક એવા જ દ્રશ્યો મળ્યા હતા. જેમાં યુવા હૈયાઓથી લઈને સૌ કોઈ મન મૂકીને નાચ્યા, ઘુમ્યા અને રમ્યા હતા.પાટનાકુવા એક નાનકડુ ગામ હોવા છતાં ધાર્મિક અને પૌરાણિક મહત્વ ધરાવે છે. છત્રપતિ શિવાજી મહારાજની કુળદેવી માં તુળજા ભવાની માતનું મંદિર અહીં આવેલું છે, જેની સાથે અનેક પૌરાણિક કથાઓ જોડાયેલી છે. તુરજા

...અનુસંધાન પેજ નં. 6 પર

વિદ્યાપીઠના 102 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર બિનગાંધીવાદીને કુલપતિ બનાવાશે

# ગુજરાત વિદ્યાપીઠના નવા કુલપતિ માટે અંતે આચાર્ય દેવવ્રતની પસંદગી

ગુજરાત | વંદન

ગુજરાત વિદ્યાપીઠના નવા કુલપતિ માટે અંતે ટ્રસ્ટી મંડળની બેઠકમાં બહુમતિથી આચાર્ય દેવવ્રતના નામની પસંદગી કરી દેવામા આવી છે. કેટલાક ગાંધીવાદી સભ્યોએ આ મુદ્દે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો અને વિરોધ અને વાદવિવાદ વચ્ચે પાંચ કલાકથી વધુ સમય માટે ચાલેલી ટ્રસ્ટી મંડળની બેઠકમાં આચાર્ય દેવવ્રતના નામની પસંદગી સાથેનો ઠરાવ પસાર કરી દેવામા આવ્યો હતો.

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ.ઈલાબહેન ભટ્ટે થોડા સમય પહેલા રાજીનામુ આપી દીધુ હતુ. આમ તો કુલપતિનો અઢી વર્ષનો કાર્યકાળ હજુ ઈલાબહેન ભટ્ટનો




બાકી હતો પરંતુ તબીયત સારી ન રહેતી હોવાથી તેઓએ ટ્રસ્ટી મંડળ સમક્ષ રાજીનામુ આપ્યુ હતુ અને જે આજની બેઠકમાં સ્વીકારી લેવાયુ હતુ.જ્યારે બીજી બાજુ નવા કુલપતિ માટે આચાર્ય દેવવ્રતના નામનો પ્રસ્તાવ મુકવામા આવ્યો હતો.જેને લઈને સભ્યોમાં ભારે મતમતાંતર જોવા મળ્યા હતા.

આજની ટ્રસ્ટી મંડળની બેઠકમાં ૨૪ સભ્યો હાજર હતા અને જેમાંથી આઠ સભ્યોએ ભારે વિરોધ કર્યો હતો. કેટલાક ગાંધીવાદી સભ્યોએ દલીલ કરી હતી કે શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે અન્ય પણ ઘણા નામો છે જેઓમાંથી કોઈની પસંદગી કરી શકાય. પરંતુ

...અનુસંધાન પેજ નં. 6 પર

થોડી ઈધર કી | થોડી ઉધર કી

# ...ડાવરસાબ...મૈં આજ ભી ફેંકે હુયે પૈસે નહીં ઉઠાતા...!

અમિતાભ હરિવંશરાય શ્રીવાસ્તવ. એટલે આપણો છોરા ગંગા કિનારે વાલા...અને જહાં હમ ખડે હોતે હૈ લાઇન



વહાં સે શરૂ હોતી હૈ..., તેજા, મૈં જેલ સે બાહર આ ગયા હું...ઉફ્ફ તુમ્હારે યે ઉસુલ ઔર આદર્શો કો ગોંદ કર એક વક્ત કી રોટી નહીં બનાઇ જા શકતી...ડાવરસાબ મૈં આજ ભી ફેંકે હુયે પૈસે નહીં ઉઠાતા...જેવા જોરદાર અને ચોટદાર ડાયલોગ દ્વારા કરોડો ચાહકોનું મનોરંજન કરનાર અમિતાભ 11 ઓક્ટોબરે 80 વર્ષનો થઇ જશે....

આ ઉંમરે પણ તેઓ કેબીસી દ્વારા બીજાઓને લખપતિ અને પોતે રોજે રોજ કરોડપતિ બની રહ્યો છે. એક એપિસોડના એક કરોડ તો મળતા જ હશે ને...?! પહેલી ફિલ્મ હતી સાત હિન્દુસ્તાની. યાદગાર ફિલ્મો-દિવાર, જંજીર, સિલસિલા અને ઘણી બધી. શહેનશાહ, જુગ જુગ જીવો..જિઓ કે સંગ..?

ખઈ કે પાન બનારસ વાલા... હોય તો પછી ઉમરાવજાનની દિલ ચીજ ક્યા હૈ આપ મેરી જાન લિજિયે..ની રેખા તો સંગ સંગ હોય જ ને. કેમ કે 11મીએ અમિતાભનો તો 10 ઓક્ટો.એ રેખાનો જન્મદિન. કીસી કો નહીં પાને કી ટીસ...ઉફ્ફ..કશિશ ક્યા હોતી હૈ યે કોઇ રેખાજી સે પૂછે...!? સાવન ભાદોં રેખાની પહેલી ફિલ્મ અને યાદગારમાં ઉમરાવજાન. બન્નેને ગુજરાત વંદન તરફથી હેપ્પી બર્થ ડે..!

### હરિફ સાથે સેલ્ફી ના લો, જાહેર કાર્યક્રમમાં કાળા વાવટાથી દૂર રહો...

ભાજપના એક મિડિયા કન્વીનર નેતા કિશનસિંહ સોલંકીએ આપ આદમી પાર્ટીના નેતા અને પંજાબના સીએમ ભગવંત માન સાથે સેલ્ફી લઈને વાઈરલ કરતાં તેમને 6 વર્ષ માટે ભાજપમાંથી દૂર કરાયા છે.

સુરતમાં 29 સપ્ટે.ના રોજ વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં કાળા વાવટા ફરકાવનાર કોંગ્રેસના 4 નેતાઓ કિશોર શિંદે, ગુલાબધર યાદવ, સંતોષ શુકલા અને આશિષ રાયને જે કાયદામાં બુટલેગરોને પકડવા4માં આવે છે એ પાસાના કાયદામાં ટન ટનાટન નાંખ્યા જેલમાં...!

સારભાગ અને બોધપાઠઃ નો સેલ્ફી...નો કાળા વાવટા...! નહીતર...

## Social Media







